પૂજ્ય પંન્યાસજી મહારાજના


# હસ્તાક્ષરનું અક્ષયપાત્ર

॥ ૩૪ ॥




પૂજ્ય પંન્યાસજી મહારાજની રોજનીશી

સંકલન : પંન્યાસ વજ્રસેનવિજય



પરમ પૂજ્ય સકલાગમરહસ્યવેદી

**આચાર્યદેવ શ્રીમદ્‌વિજય દાનસૂરીશ્વરજી** મહારાજાના શિષ્યરત્ન

પરમ પૂજ્ય કર્મસાહિત્ય નિષ્ણાંત

**આચાર્યદેવ શ્રીમદ્‌વિજય પ્રેમસૂરીશ્વરજી** મહારાજાના શિષ્યરત્ન

પરમ પૂજ્ય કલિકાલકલ્પતરૂ

**આચાર્યદેવ શ્રીમદ્‌વિજય રામચંદ્રસૂરીશ્વરજી** મહારાજાના શિષ્યરત્ન


પરમ પૂજ્ય અધ્યાત્મયોગી

**પંન્યાસપ્રવરશ્રી ભદ્રંકરવિજયજી ગણિવર્ય**




પરમ પૂજ્ય પંન્યાસશ્રી ભદ્રંકરવિજયજી ગણિવર્ય મહારાજ

## हृदये अनाहतचक्रं चतुर्थं ।




सोलसरसोलसओ महाविज्जा विज्जादेविकलिअदले ।
चक्के अणाहदक्खे, गोयमसामिं णमंसामि ॥

: અર્થ :

અનાહત ચક્ર સોળ પત્રવાળું છે, તેમાં ષોડશાક્ષરી 'અરિહંત-સિદ્ધ-આયરિય-ઉવજ્ઝાય-સાહુ' મહાવિદ્યા છે તેમ જ ૧૬ સ્વરોથી સૂચિત ૧૬ વિદ્યાદેવીઓથી યુક્ત એવા ૧૬ પત્રો છે, તેની કર્ણિકામાં 'શ્રી ગૌતમસ્વામીને નમઃ' છે, તે પ્રકારને હું નમસ્કાર કરું છું.

પૂજ્ય પંન્યાસજી મહારાજના

# હસ્તાક્ષરનું અક્ષયપાત્ર

||૩૪||

પૂજ્ય પંન્યાસજી મહારાજની રોજનીશી

સંકલન : પંન્યાસ વજ્રસેનવિજય

**☐ HASTAKSHAR NU AKSHAY PATRA**

Personal Diaries comprising of Divine everyday thoughts,
musings & experiences of Panyashshri Bhadrankar Vijayji Maharaj.

---

**☐ VOLUME - 34**

August 2020
300 Copies / 224 Pages
For Private Circulation only.

---

**☐ PUBLISHER**

© Shri Bhadrankar Gyandeepak Public Charitable Trust
Mumbai / Rajkot

team@mindfiesta.com

---

**☐ SPONSOR**

Shri C. K. Mehta
Mumbai

---

**☐ ENHANCED & DESIGNED BY**

Bharti Deepak Mehta
Fiesta Studios
Pattani Bldg., M.G.Road, Rajkot - 360001.
bharti@mindfiesta.com
+91 98252 15500

**☐ eBOOKS AVAILABLE AT**

www.bhadrankar.com

www.navkarday.com

Amazon Kindle

---

**☐ SHRI AARADHNA DHAM JAIN TIRTH**

C/o Shri Sudhirbhai Pandya,
'Shiv Drasti', Nr. old Mamlatdar Office,
Jamkhambhaliya - 361305.
(Dist: Devbhumi Dwarka)
+91 2833 - 254156


**☐ ખાસ વિજ્ઞપ્તિ**

ગ્રંથવાંચન પશ્ચાત્ આપને આવશ્યકતા ન હોય તો આ સરનામે અમોને ગ્રંથ પરત મોકલશોજી, જેથી અન્ય ભવિજનો પણ આ ચિંતનોથી ભાવિત થઈ શકે.




સમ્યગ્દર્શન એટલે આત્મદર્શન.
કોના આત્માના દર્શન? આત્મા એટલે આત્મા...

આત્મદર્શનની ભૂમિકામાં પ્રવેશ પામવા સદ્ભાગી બનેલા પરમ પૂજ્ય પંન્યાસશ્રી ભદ્રંકરવિજયજી ગણિવર્યના પ્રત્યેક શ્વાસોચ્છવાસમાં કેવી અવર્ણનીય આત્મરમણતા વ્હેતી હતી, તેનું એક મુખ્ય દ્રષ્ટાંત છે તેમની આ રોજનીશીઓ...! એના પાને પાને આત્માનો જ રણકાર હોય છે. જેમકે એક ચિંતન છેઃ

खामेमि सव्व जीवे, सव्वे जीवा खमंतु मे ।
मित्ती मे सव्व भूएसु, वेरं मज्झ न केणई ॥

આ સૂત્ર ઉપરનું તેઓશ્રીએ જે આત્મિક ચિંતન કર્યું છે, તે વાંચતા થઈ જાય છે કે જીવ ઉપરનો તેમનો કેવો અદ્ભૂત લગાવ છે! ''खामेमि सव्व जीवे...' આ પદથી એવી ભાવના સેવાય છે કે આજ સુધી એ જીવોને જીવ તરીકે ન સ્વીકાર્યા, તેથી તે અજ્ઞાન દ્વારા અઢારે પાપ ઉપાર્જન કર્યા. તેના પ્રાયશ્ચિતરૂપે તે જીવો પ્રત્યે આચરેલા અપરાધની ક્ષમા માંગીએ છીએ. તે જીવો પણ આપણને જીવ તરીકે નથી સ્વીકારતા, તેથી તેઓ પણ અજ્ઞાનને કારણે ભવભ્રમણનું દુઃખ ભોગવે છે. 'सव्वे जीवा खमंतु मे...' આ પદથી એવી માંગણી કરાય છે કે તેમનું પણ અજ્ઞાન ટળો અને મને પણ ક્ષમા મળો. 'मित्ती मे सव्व भूएसु...' આ પદથી એવી ભાવના પ્રગટ

કરાય છે કે જીવોને જીવ તરીકે હું ભૂલી ન જાઉં અને ઉત્પન્ન થયેલો જીવતત્ત્વ પ્રત્યેનો એ ભાવ ટકાવી રાખું. 'वेरं मज्झ न केणई...' આ પદથી પ્રતિજ્ઞા કરાય છે કે તે સર્વ જીવો જ્ઞાન ન પામે, ત્યાં સુધી મારો જીવો પ્રત્યેનો મૈત્રીભાવ હું ન છોડું.'

આવા અમૂલ્ય ચિંતનો જેમ જેમ વંચાતા જાય છે, તેમ તેમ અનેક ઉત્તમ આરાધક આત્માઓના અંતરના ભાવો પત્રોના માધ્યમથી જે રીતે વ્યકત થાય છે, તેનો એક નમુનોઃ ''હસ્તાક્ષરનું અક્ષયપાત્ર' ગ્રંથ મળ્યો. આપ પૂજ્યશ્રી બંને મહાત્માઓએ સુજ્ઞ જગત સામે આ અક્ષયપાત્રોનું પ્રદાન કરવા દ્વારા મહાન ઉપકાર કર્યો છે જી. આ ગ્રંથના દરેક ભાગ હાથમાં આવે, એ વાંચતા આનંદનો પાર નથી રહેતો જી. કયા શબ્દોમાં વર્ણવું? જાણે સુતેલા આત્માને ઢંઢોળીને જાગ્રત કરે છે જી. અજાતશત્રુ પૂજ્ય પંન્યાસપ્રવર ગુરૂદેવની સાધનાનું ઉંડાણ અજબ-ગજબનું છે. વાસ્તવિક સાધુતાને જ જાણે જીવનમાં વણી લીધી હોય તેવો સાક્ષાત્કાર થાય છે જી. મારી સાધનામાં કર્તૃત્વબુદ્ધિ નડે છે, તે આ વાંચનના માધ્યમથી કંઈક માર્ગ નીકળશે એવી શ્રદ્ધા છે. પૂજ્યશ્રીના હસ્તાક્ષરોમાં આ અક્ષયપાત્રોનું વાંચન કરતાં પૂજ્યશ્રી જાણે તીર્થંકરનો જ આત્મા ન હોય, તેવી પ્રતીતિ થયા વિના રહેતી નથી!'

આવી અપૂર્વ અનુભૂતિ વાંચતા હર્ષ થાય અને સતત કૃતજ્ઞતા અનુભવાય કે આ હસ્તાક્ષરોનું શ્રેષ્ઠતમ રીતિએ સર્જન કરાવવાનો તથા સૌ ભવિકજનો સુધી દર મહિને આગળનો ભાગ પહોંચાડવાનો શ્રેય અમારા ગુરૂમહારાજનાં પરમ ભકત મુંબઈ-વડોદરા સ્થિત **સી.કે.મહેતા**ને જાય છે, કારણકે એમણે દર્શાવેલી અર્થઉદારતાને કારણે જ આમ અવિરતપણે આગળ વધી શકાય છે. વળી શ્રી નમસ્કાર મહામંત્રના પરમ સાધક એવા રાજકોટના શશીકાંતભાઈ મહેતાના પુત્રવધૂ, જે પૂજ્યશ્રીના ભાવોમાં લયલીન બની ચૂકયા છે, એવા સુશ્રાવિકા **ભારતીબેન દિપકભાઈ મહેતા**નો અત્યંત સમજણપૂર્વકનો શ્રમ પણ દાદ માંગી લે તેવો છે. તેમની સાથે ૩૦ જેટલા યુવાનોનો પરિશ્રમ એટલે આપણા હાથમાં હૃદય સાથે વાત કરવામાં સહાયક અને આત્માને ઝળહળાવનાર એવું આ 'હસ્તાક્ષરનું અક્ષયપાત્ર' ગ્રંથનું ઉજ્ગું સુવર્ણમોતી!

ઑગષ્ટ, ૨૦૨૦

વજ્રસેન વિ.
હેમપ્રભ વિ.

શ્રી શત્રુંજયા આદિનાથાય નમઃ



શ્રી શંખેશ્વરા પાર્શ્વનાથાય નમઃ





हे भवतारक भारती, वर दे सम्यक् ज्ञान ।
नित्य सृजन करते हुए, रचे दिव्य अभिधान ।।
भाव विमल विमला करो, हो निर्मल मतिज्ञान ।
निर्विकार होवे सृजन, दो ऐसा वरदान ।।

# નમસ્કાર વડે...

પાપમાત્રનું મૂળ મિથ્યાત્વ નાશ પામે છે
અને ધર્મમાત્રનું મૂળ સમ્યક્ત્વ પ્રગટે છે.
ભેદબુદ્ધિનો એકાંત તે મિથ્યાત્વ છે.
કથંચિત્ અભેદભાવ તે સમ્યક્ત્વ છે.
અઢારે પાપનું મૂળ એકાંત ભેદબુદ્ધિ છે.
નવે પ્રકારના પુણ્યનું મૂળ કથંચિત્ અભેદભાવ છે,
પોતાના અપરાધની ક્ષમાપના અને બીજાના ઉપકારની
સ્વીકૃતિપૂર્વકનું આત્મસમર્પણ તે નમસ્કાર પદાર્થ છે.
બાહ્યજીવન એ અંદરના માનસિક જીવનના
પ્રતિબિંબ સિવાય બીજું શું છે? કાંઈ જ નહિ.
માટે જ 'સમત્વં યોગ ઉચ્યતે।' કહ્યું છે.

o રાગરૂપી વાદળ જ
અનુરાગરૂપી સૂર્યને ઢાંકવાનો પ્રયાસ કરે છે.
અનુરાગરૂપી પ્રીતિ સ્વરૂપથી ચિન્મય અને અનંત છે.
પ્રીતિની નિવૃત્તિ કે પૂર્તિ થતી નથી,
કિન્તુ પ્રીતિની પ્રાપ્તિ થાય છે.
પ્રીતિની અનંતતામાં જીવનની પૂર્ણતા છે.
આપણો માર્ગ પવિત્રતા અને લક્ષ્ય દિવ્યતા હોવા જોઈએ.

## બાહ્ય તથા અભ્યંતર લક્ષ્ય

ભ્રૂમધ્ય, નાસિકાદિ બાહ્યલક્ષ્ય છે.
બાહ્યલક્ષ્ય એટલે પ્રભુ પ્રતિમાને જોવા તે.
મૂલાધાર, હૃદયકમલાદિ અભ્યંતરલક્ષ્ય કે આંતરલક્ષ્ય છે.
અભ્યંતરલક્ષ્ય એટલે...
હૃદયકમલ ઉપર જોઈને પ્રભુની સાથે અભેદ જોવો જાણવો તે.
પૂજનની બાહ્ય સામગ્રીની મનથી કલ્પના કરીને પ્રભુના પૂજન, સ્તવન, ધ્યાનાદિ કરવા તે માનસી પૂજા છે.

## ૧૬ આધાર

षट्चक्रं षोडशाधारं त्रिलक्ष्यं व्योमपंचकम्।
स्वदेहे ये न जानन्ति कथं सिध्यन्ति योगिनः ॥१॥

ષટ્ચક્ર, બ્રહ્મરન્ધ્ર, બિન્દુચક્ર મળીને ૧૬ આધાર બને છે.

આધારનો વિચાર બીજી રીતે પણ છે:

ઉપાદાન આધાર = સ્વ આધાર.
નિમિત્ત આધાર = પર આધાર.
મુખ્ય આધાર = બાહ્ય આધાર.
ગૌણ આધાર = અભ્યંતર આધાર.
દ્રવ્ય આધાર = ઉપચરિત આધાર.
ભાવ આધાર = અનુપચરિત આધાર.

તંત્રોમાં ૨૬ આધાર કહ્યાં છે, તેમાં કેટલાક ગૌણાધાર અંતર્ગત છે, કેટલાક અનુપચરિત આધારમાં સમાય છે:

(૧) ઉપાદાન આધાર આત્મા છે,
કેમકે સર્વ ગુણ-પર્યાય તેમાં સમાય છે.

(૨) મનુષ્યનું શરીર નિમિત્તાધાર છે,
તેમાં ઉપર કહેલા સોળે આધાર આવી જાય છે.

(૩-૪) મુખ્ય આધાર શરીર અને ગૌણ આધાર
પાદ, ગુલ્ફ, જાનુ આદિ શરીરના અવયવો છે.

(૫) દ્રવ્યાધાર આસન, મુદ્રા, બંધ આદિ છે.

(૬) દ્રવ્યાધારને યથાસ્થિત કરવાથી
જે લય થઈ જાય, તે ભાવાધાર છે.

(૭) સ્વાધાર આત્મા છે, કેમકે તે સિવાય
બીજો કોઈ આધાર પોતા માટે સંભવતો નથી.

(૮) પરાધાર દેવ-ગુરુ છે.

(૯) બાહ્યાધાર ભાષ્ય જપો છે.

(૧૦) આભ્યંતરાધાર અંતરંગ રુચિ છે.

(૧૧) દેવમૂર્તિ-ચિત્ર આદિ ઉપચરિતાધાર છે.

(૧૨) મૂલાધારાદિ ચક્રો અને નાડીઓ
તે અનુપચરિત આધાર છે.

પ્રભુની મૂર્તિ શા માટે છે?

પ્રભુના વિરહમાં 'મારું આત્મસ્વરૂપ કેવું છે' તે જોવા માટે.

પ્રભુનું આગમ શા માટે છે?

પ્રભુવિરહમાં 'મારું આત્મસ્વરૂપ કેવું છે' તે જાણવા માટે.

ભાવના શા માટે છે?

આત્મસ્વરૂપ જાણ્યા અને જોયા પછી
તે સ્વરૂપને ભાવવા માટે છે.

આત્મસ્વરૂપનું ધ્યાન શા માટે છે?

નિજસ્વરૂપને ધ્યાવવા માટે આત્મસ્વરૂપનું ધ્યાન છે. તેને જોયા અને જાણ્યા પછી નિજસ્વરૂપને ભાવ્યા વિના, વારંવાર વિચાર્યા વિના એ સ્વરૂપનો સ્થિર નિર્ણય થતો નથી અને સ્થિર નિર્ણય થયા સિવાય તેનું ધ્યાન પણ થતું નથી અને ધ્યાન થયા વિના તે સ્વરૂપનો સાક્ષાત્કાર થઈ શકતો નથી.

સાક્ષાત્કાર માટે ધ્યાનની, ધ્યાન માટે ભાવનાની, ભાવના માટે જ્ઞાનની અને જ્ઞાન માટે પ્રત્યક્ષ દર્શનની આવશ્યકતા છે, તે આવશ્યકતા આગમ અને મૂર્તિ વડે પૂરી થાય છે. અજ્ઞાનનું ભાન એ જ્ઞાનનું પહેલું પગથિયું છે પણ અજ્ઞાન વિષેનું અજ્ઞાન એ તો કરુણતાની ય કરુણતા છે.

## સંસાર મિથ્યા નથી જ...

જેમ રૂપિયો ખોટો હોય તો રૂપિયાનું દાન પણ ખોટું થાય,
લગ્ન વ્યર્થ હોય તો લગ્નનો ઇન્કાર પણ વ્યર્થ થાય,
તેમ જો સંસાર મિથ્યા હોય,
તો સંસારનો ત્યાગ પણ મિથ્યા થાય.
સંસારને મિથ્યા સમજી ઝાંઝવાના જળ જેવો કરીને
ત્યાગને સહેલો બનાવી દેવામાં
સત્ય પણ નથી અને ગૌરવ પણ નથી.
જે દેશોમાં આપણા રૂપિયા ચાલતા નથી, તે દેશોમાં
અહીંનાં નાણાંનો બોજો જંજાળની પેઠે ધૂળમાં ફેંકી દેવામાં
લગારે ઉદારતા નથી. - રવીન્દ્રનાથ ટાગોર

## પ્રેમ કેવો હોવો જોઈએ?

પાણીના ટીપાં જેવો પ્રેમ હોવો જોઈએ.
ચોખાના દાણા અલગ - અલગ હોય છે, જ્યારે
પાણીનાં ટીપાં પરસ્પર મળી જાય છે, એ દૃષ્ટાંત સમજવું.

૦ ગુરુતત્ત્વ મનુષ્યના અંતરાત્માનો જ એક પરમ અંશ છે.
એ પરમ અંશ મનુષ્યના અહંકારને ઓગાળી નાંખી
વિનમ્રતાનું પરમ અમૃત પ્રગટ કરે છે અને
આર્જવનો જીવનપ્રસાદ નીપજાવે છે.

## સરસ્વતી દેવી વિષે માન્યતા

સરસ્વતી બ્રહ્માના પુત્રી - કન્યા છે.
હંસ વાહન, શ્વેત સ્ફટિક સમ, શ્વેત વસ્ત્રધારી,
પુસ્તકહસ્તા, સ્ફટિક માળાધારિણી તથા વિદ્યાપ્રદા દેવી છે.

## લક્ષ્મી દેવી વિષે માન્યતા

સાગરકન્યા, વિષ્ણુપત્ની, રક્તવર્ણવર્ણી, ચતુર્ભુજા,
હાથમાં કમળ - કળશ - શંખ - બીલીફળ, અપરનામ શ્રી છે.

## મહાકાલી દેવી વિષે માન્યતા

નિષ્ક્રિય બ્રહ્મનું સક્રિયરૂપ, કાળ સંકલનાત્કાલી એટલે કે ભૂત - ભાવિ - વર્તમાનનું સંકલન કરનાર, કૃષ્ણવર્ણી, હાથમાં ખડ્ગ અને નરમુંડધારી, મહિષાસુર (અજ્ઞાન)નો વધ કરનાર, રક્તનેત્રી, મુંડમાળા અર્થાત્ શબ્દબ્રહ્મ, વેદોની નિર્વિકલ્પ સમાધિ, બૌદ્ધોની શૂન્યતા તથા જૈનોનું કૈવલ્ય.

0 केवली चउविहे पण्णत्ते जाणणे य, कहणे य।
तुल्ले रागदोसे, अणंतकाइस्स वज्जणाए। અર્થાત્:
કેવલજ્ઞાનથી યુક્ત તે કેવળી, કેવળીના વચન કહે તે શ્રુતકેવળી, રાગદ્વેષમાં મધ્યસ્થ રહે તે તુલ્યતા કેવળી, અનંતકાયની શ્રદ્ધા કરે તે ભાવકેવળી છે. ભગવાનની આજ્ઞાનું શ્રદ્ધાપૂર્વક પાલન કરે તે શબ્દનયે કેવળી.

- बृहत्कल्पगाथायां

૦ બહિર્મુખી મનુષ્યોની સ્ફૂર્તિ સંધ્યામુખી કુમુદની જેમ સાંજના સમયે હોય, જ્યારે અંતર્મુખી મનુષ્યો સૂરજમુખી ફૂલોની જેમ સવારે સ્ફૂર્તિવાળા હોય છે. તેમાં મુખ્ય કારણ માનસશાસ્ત્રીઓ શરીરના ઉષ્ણતામાનને કહે છે. બહિર્મુખી મનુષ્યોનું ઉષ્ણતામાન સવારે ઓછું અને સાંજે વધારે હોય, અંતર્મુખી મનુષ્યોનું તેથી વિપરીત હોય છે.

૦ આપણી પાસે જે છે, તેમાં રાચવાને બદલે આપણી પાસે જે નથી, તેનો રાત-દિવસ વલોપાત કરીએ છીએ, તે શું યોગ્ય છે? હરગીઝ નહિ.

૦ જીવ અને ઈશ્વર સાથે જ હોય છે પણ માયાનો પડદો છે એટલે જીવ ઈશ્વરને જોઈ શકતો નથી.

૦ શુભ કાર્યનો આરંભ વંદનથી કરો. વંદન એ કેવળ શરીરની ક્રિયા નથી પણ હૃદયનો ઉમળકો છે, ભાવ છે. તુલસીદાસજી કહે છે કે: સોઽહમસ્મિ ઇતિ વૃત્તિ અખંડા। દીપશિખા સોઈ પરમ પ્રચંડા। અર્થાત્ : 'તે હું છું' આવી દીપશિખા જેવી અખંડ વૃત્તિ તે સર્વશ્રેષ્ઠ છે.

૦ યોગ એ મોક્ષમાર્ગ છે, કેવળ આસન-પ્રાણાયામને યોગ માનવો, તે મોટી ભૂલ છે. આત્માને પરમાત્માના મિલન તરફ લઈ જનાર માર્ગ તે યોગ છે. આસન-પ્રાણાયામ તેનાં સાધન બની શકે છે.

श्रद्धा शुद्धमार्गरुचिः, वीर्यमनुष्ठाने शक्तिः, स्मृतिः
अनुभूतार्थविषया स्मरणवृत्तिः, समाधिः चित्तस्वास्थ्यं,
प्रज्ञा बहुबहुविधादिगहनविषयावबोधशक्तिः ।
- ललितविस्तरा

અર્થ:

શુદ્ધમાર્ગની રુચી તે શ્રદ્ધા. અનુષ્ઠાનમાં પ્રયત્ન તે શક્તિ.
અનુભવેલા પદાર્થના વિષયવાળી યાદ તે સ્મૃતિ.
ચિત્તની સ્વસ્થતા તે સમાધિ.
બહુ, બહુ વિધાદિ ગહન વિષયને જાણવાની શક્તિ તે પ્રજ્ઞા.

o अनुद्वेगकरं वाक्यं सत्यं प्रियहितं च यत् ।
स्वाध्यायाभ्यसनं चैव वाङ्मयं तप उच्यते ॥१॥

અર્થ: કોઈને ઉદ્વેગ ન કરનારી
સત્ય, પ્રિય અને હિતકારી વચન બોલવા તથા
સ્વાધ્યાયનો અભ્યાસ એ વચનનો તપ કહેવાય છે.

સત્યાગ્રહી થાઓ પણ સત્તાગ્રહી નહિ.

સૌંદર્ય મમત્વમાં છે. જેના માટે આપણને મમત્વ નિર્માણ
થયું, તે સુંદર જ લાગે છે. સૌંદર્ય મમત્વાધિષ્ઠિત છે.
સૌંદર્યની કલ્પના પ્રતિ વ્યક્તિ જુદી હોય છે.

o જેણે બાળકના પેટમાં ભૂખ રાખી છે,
તેણે માતાના સ્તનમાં દૂધ પણ રાખ્યું છે. - વિનોબાજી

o स्त्रीरूपं मोहकं पुंसां दूरत एव अवेक्षणात् ।
कनकं तु बालवृद्धानां षण्ढानामपि सर्वदा ॥ સમજૂતિ:
'સ્ત્રીનું રૂપ મોહ પમાડનાર છે' એવું
પુરુષને જુવાન હોય ત્યારે ક્ષણવાર પૂરતું લાગે છે,
જ્યારે સુવર્ણ તો
બાળ, વૃદ્ધ નપુંસકોને પણ હંમેશા મધુર લાગે છે.
વિનયગુણનો પ્રકર્ષ = તીર્થંકર પરમાત્મા. નમો તિત્થસ્સ ।
અક્ષરનો અનંતમો ભાગ નિત્ય ઉઘાડો છે, તેની પણ કદર છે.
કૃતજ્ઞતા ગુણનો પ્રકર્ષ: નામ લેવા માત્રથી પાપનો નાશ,
પૂજા કરવા માત્રથી સદ્ગતિનો લાભ તથા
ધ્યાન કરવા માત્રથી મોક્ષ કે સ્વરૂપનો લાભ થાય છે.

o

The highest form of prayer leads us to turn within to the Lord of our own being and take with us the words of faith and truth.
In our oneness with God, we find light for our way, health for our body, faith for our mind and abundance for our needs.

જે શબ્દોમાં વીતરાગ ધર્મનો સાર

પરવસ્તુનો ત્યાગ અને સ્વવસ્તુનું ગ્રહણ.

કર્તા - ચિદાનંદજી મહારાજના 3 આગવા પુસ્તકો

દ્રવ્યાનુભવ રત્નાકર, સ્યાદ્વાદાનુભવ રત્નાકર તથા

અધ્યાત્મ અનુભવ યોગપ્રકાશ.

દેહ - નિજરૂપ બિનદેહ, ગેહ - નિજ અનુભવ.

ડોંગરેજી કહે છે કે:

ઈશ્વરને બહાર શોધે, એને કદી મળતા નહિ.

ઈશ્વર એટલે આનંદ. તે બહાર નહિ, અંતરમાં છે.

ગાંધીજી કહે છે કે:

એક રતિભર રતિસુખને માટે એક મહામૂલું પણ વિશિષ્ટ જીવન એક પળમાં ગુમાવી બેસવું એમાં કઈ બુદ્ધિમત્તા છે?

વિશ્વમાં તત્ત્વભૂત વસ્તુ દશવિધ યતિધર્મ છે.

| | |
|---|---|
| તેને દેખાડનાર અરિહંત<br>તેનું ફળ સિદ્ધત્વ | દર્શન વિશુદ્ધિ |
| તેનો આશ્રય આચાર્યત્વ<br>તેનું જ્ઞાન ઉપાધ્યાયત્વ | જ્ઞાન વિશુદ્ધિ |
| તેની સાધના સાધુત્વ | ચારિત્ર - તપ વિશુદ્ધિ. |

સાધુ બનવાથી તરાતું નહિ પણ સાધુપણું પાળવાથી તરાય છે.

## પરોપકાર - શ્રેષ્ઠ સાધના

પરોપકાર એ સજ્જનનો સ્વભાવ છે, પ્રકૃતિ છે.
પરોપકાર કરવો, પ્રિય હિતકારી વચન બોલવા અને
સાચો સ્નેહ રાખવો, એ સજ્જનના મુખ્ય લક્ષણો છે.

ચંદ્રને ઉજ્જ્વળ કોણે કર્યો?
સૂર્ય કોના કહેવાથી અંધકાર હરે છે?
ઝાડને કોણે વિનંતિ કરી કે છાયા આપો?
મેઘ પાસે કોણે માંગણી કરી કે જળ વરસાવો?

કોઈની પણ પ્રાર્થના વિના પરોપકારનું કાર્ય કરવા
એ બધા તત્પર છે. તેમનો સ્વભાવ જ પરોપકાર છે.
પોતાનું પેટ ભરવા પણ જે અસમર્થ છે, તેના જન્મથી શું?
પરોપકાર કરવા સમર્થ છતાં
જે પરોપકાર કરતાં નથી, તેના જન્મથી શું?
પરોપકારમાં ધર્મ સાધના, સદ્ગુરુ સાધના,
મોક્ષ સાધના રહેલી છે. દૃષ્ટાંત માટી અને કુંભાર.

નારેશ્વરના સંત કહે છે કે:

તમે બધા દુઃખી છો, માટે સુખ શોધવા નીકળ્યા છો.
હું સુખી છું, માટે દુઃખ શોધવા નીકળ્યો છું,
પરન્તુ મને ક્યાંય દુઃખ જોવા મળતું નથી.

સાધના પથે જતાં... Dt. 1-12-68

(૧) ચિત્તને વિષયો તરફ જતું રોકવું.

(૨) ચિત્તને પરમાત્મતત્ત્વ તરફ વાળવું.

(3) પ્રાણ તથા અપાનવાયુનો નિરોધ કરવો.

(૪) રોમાંચાંચિત તથા મુદશ્રુપરિપૂર્ણ લોચનવાળા બનવું.

(૫) પરમાત્માના સચ્ચિદાનંદ સ્વરૂપને હૃદયમાં પ્રતિષ્ઠા કરવું.

(૬) શીતલ જલમાં સ્નાનની જેમ
અમૃતમય આનંદનો અનુભવ કરવો.

o त्वमेकं शरण्यं त्वमेकं वरेण्यं
त्वमेकं जगत्पालकं स्वप्रकाशम् ।
त्वमेकं जगत्कर्तृपातृनिहंतृ
त्वमेकं परं निश्चलं निर्विकल्पम् ॥१॥

અર્થ: પ્રભુ એ શરણ્ય, વરેણ્ય, વિશ્વસંચાલક, આત્મજ્યોતિ, ઉત્પત્તિ - પાલન - સંહારકારક, સદાશ્રેષ્ઠ, નિશ્ચલ અને નિર્વિકલ્પ છે.

o દિલ નાજુક છે, કારણકે ક્ષયોપશમ ભાવયુક્ત છે.
દિલ ભાવુક છે, કારણકે રાગાદિ સહિત છે.
તેને ઔદયિક ભાવોમાં ન જોડતાં ક્ષાયિક ભાવોમાં જોડવું.
રાગાદિ, ક્રોધાદિ, હિંસાદિ, ઈર્ષ્યા - અસૂયાદિ ઔદયિક ભાવો છે.
વૈરાગ્યાદિ, ક્ષમાદિ, અહિંસાદિ, મૈત્ર્યાદિ ક્ષાયિક ભાવો છે.

શિવમહિમ્નસ્તોત્રમાં પુષ્પદન્તે કહ્યું છે કે:

વયં ત્વાં સ્મરામો વયં ત્વાં ભજામો
વયં ત્વાં જગત્સાક્ષિરૂપં નમામઃ ।
સદેકં નિધાનં નિરાલંબમીશં
ભવામ્ભોધિપોતં શરણ્યં વ્રજામઃ ॥૧॥

સદુક્તિ: અમે તારું ચિન્તન કરીએ છીએ,
તને ભજીએ છીએ, જગત સાક્ષીરૂપે તને નમીએ છીએ,
તમને બાળ કોઈનો પણ આધાર લેવો પડતો નથી,
એ રીતે ભવાર્ણવમાં નાવરૂપ એવા
તમારે શરણે અમે આવીએ છીએ.
આમાં તુંહી તુંહીનો નાદ ખુબ જ સૂક્ષ્મરૂપે વ્યક્ત થાય છે.
બ્રહ્મ જ સર્વસ્વ છે,
બ્રહ્મતત્વ જ ચિન્તન, સ્મરણ, નમન અને શરણાગતિ છે.
પૂજનેન પૂજિતં સ પિબેત ।
સદુક્તિ: સ્મરણ વડે પાપને પીસો, ભૂંસો, નાશ કરો.
ભગવાન ક્યાં વસે છે?
વૈકુંઠમાં, યોગીઓના હૃદયમાં, સૂર્ય નારાયણમાં.
કદાચ ત્યાં ન હોય પણ જ્યાં મારા ભક્ત
એકઠા મળીને કીર્તન કરે છે, ત્યાં પ્રભુ હાજર રહે છે.

તળતગાઢ, માગસર સુ ૧૩, ૨-૧૨-૬૮

આજના વૈદ્ય યોગેશ્વરજી મિત્ર પ્રભાતે
અહીંથી નવ વાગ્યા સુધી પ્રાણાયામાદિ ક્રિયાપૂર્વક
અજપાજાપ સાથે ભૂમધ્યમાં ધ્યાનાદિ કરે છે.
જુનાગઢવાળા તેમના ગુરુ રામાનંદજી પાસે વર્ષો સુધી રહી
જપપૂર્વક જ નેતિ-ધોતિ-પ્રાણાયામાદિની તાલીમ મેળવી છે.
ધ્યાનમાર્ગમાં તે કારણે તેમને ઘણી રસ-અનુભવ વગેરે
પ્રાપ્ત થયેલ છે, તેનો મધુરતાદિને પણ અનુભવે છે.
બીજમંત્રોથી સંપુટિત 'નમિઊણ'નો ૧૮ અક્ષરી મંત્ર
તેમને જૈન મુનિ પાસેથી મળેલ છે.
તેનો ૧૨॥ હજાર જાપ કર્યો છે તથા નવકાર મંત્ર
અને પ્રણવ-માયાદિ બીજમંત્રોનો પણ જાપ કર્યો છે.
શાસ્ત્રો ઉપર ઘણું બહુમાન છે. દાર્શનિક તત્ત્વજ્ઞાન પણ
પ્રાપ્ત કરેલ છે. ત્યાગ, વૈરાગ્ય, તપ, ધ્યાન - એ ચારે
વસ્તુ ઉપર ઘણો આદર છે. સાધુસંતોનો પરિચય કરે છે.
તીર્થાટન કર્યું છે. ઋષિકેશાદિ સ્થળોએ સત્સંગના પ્રભાવે
નાદશ્રવણ, જ્યોતિદર્શનાદિ પણ થાય છે. તેમાં જ સુરતાને
પરોવી પ્રસન્નતા - શાંતિ અનુભવે છે. અહીં સંધ્યાએ
ઉપાસના કરે છે. ભક્તિ-પ્રવૃત્તિમાં આસ્તિકતા તથા ઈશ્વર
શ્રદ્ધા-ગુરુકૃપાદિના કારણે સાક્ષાત દર્શન પણ થાય છે.

Dt. 6/12/68

## જીવનયોગના ૭ પગથિયાં

(1) Relax : માનસિક એકાગ્રતા કેળવવા પ્રશાન્ત બનો.
(2) Forgive: પ્રભુની જેમ તમે પણ ક્ષમાશીલતા રાખો.
(3) Vicinity: પ્રભુના સાંનિધ્યનો સતત અનુભવ કરો.
(4) Prayer: પ્રભુને વિનયપૂર્વક સ્પષ્ટ માંગણી કરો.
(5) Listen: અંદરનો અવાજ શાંતિથી શ્રવણ કરો.
તે ઈશ્વરની સઘન અનુભૂતિરૂપ છે.
(6) Thanksgiving: આભાર માનો.
(7) Faith: ભગવાન ઉપર અટલ શ્રદ્ધા રાખો.

## અપરો મંત્રવિચાર:।

(૧) પંચકોષથી ભિન્ન (૫) આનંદઘન બ્રહ્મ
(૨) એકાદશેન્દ્રિયથી ભિન્ન (૬) બ્રહ્મનું સર્વવ્યાપીત્વ
(૩) સ્વપ્નવત્ સંસાર (૭) બ્રહ્મરન્ધ્રમાં ગરુડતત્ત્વ
(૪) સમુદ્રમાં બિંદુ (૮) નિમિત્ત ઉપાદાનની અભિન્નતા
(૯) કાર્યથી કારણ પર્યન્ત અને વ્યષ્ટિથી સમષ્ટિ પર્યન્ત
(૧૦) અમૃતસમુદ્ર, રત્નદ્વીપ, કલ્પસિંહાસન, ઇષ્ટદેવ, વૃક્ષાદિ.

°

*Seperation is
the best remedy for passion.*

## અનુપ્રેક્ષાના અજવાળાં

(૧) તપના બે પ્રકાર છે: બાહ્ય - આંતર.

બાહ્ય તપ શારીરિક છે. તેના બધા પ્રકારોનું સેવન અમુક
પ્રકારના આહારના ત્યાગથી થાય, તેથી અનશન મુખ્ય છે.

જ્ઞાનયોગાસ્તપઃ શુદ્ધં ।

શુદ્ધ તપ જ્ઞાનયોગ સ્વરૂપ છે,
જ્ઞાન એ પાપના પશ્ચાત્તાપરૂપ છે, જ્ઞાનીના વિનયરૂપ છે
તથા ગ્લાનની વૈયાવચ્ચરૂપ છે.
સ્વાધ્યાય, ધ્યાન અને કાયાના ઉત્સર્ગરૂપ છે.

(૨) પ્રાર્થના વડે ભગવત્ સ્પર્શ થાય છે,
એનું સ્પષ્ટ દર્શન થવું જોઈએ.

અધ્યયનશૂન્ય કર્મ કે કર્મશૂન્ય અધ્યયન નિરર્થક છે.
અહિંસામાં અધ્યાત્મ છે, ઇંદ્રિયોના સંયમમાં અધ્યાત્મ છે
અને કષાયોના નિગ્રહમાં પણ અધ્યાત્મ છે.
સંયમ આત્માની અંદર લઈ જાય, અસંયમ બહિર્મુખ બનાવે.
સંયમથી પ્રભુશક્તિ ખીલે, અસંયમથી તેનો નાશ થાય.
પ્રભુશક્તિ વડે કાર્યવૃદ્ધિ થાય છે, તેથી
સંયમ એ કાર્યવૃદ્ધિનો હેતુ છે,
અધ્યયન એ જ્ઞાનવૃદ્ધિનો હેતુ છે અને તપઃશક્તિ એ
જ્ઞાનગુણ તથા કાર્યગુણ ઉભયના વિકાસસ્વરૂપ છે.

બાહ્યતપથી કાર્ય થાય છે, અભ્યંતરતપથી જ્ઞાન થાય છે.
અધ્યયનથી વિચારપ્રવાહ વહેતો રહે છે અને
વિચારપ્રવાહથી બ્રહ્મસંસ્કાર થતો રહે છે, માટે
અધ્યયનને પણ તપની અંતર્ગત ગણવામાં આવેલ છે.
અસંયમી ગાંડા હાથી અને બેલગામ ઘોડાની જેમ જ
ખાડામાં પડે છે. ઇંદ્રિયો એ વહ્નિરૂપ છે, તેના ભોગો એ
તેમાં ઘી હોમવારૂપ છે. અસંયમી નિર્બળ બને છે.
પોતાની કે પોતાના ધર્મની રક્ષા કરી શકતો નથી.

સંયમી બળવાન બને છે.

સ્વપરની રક્ષા કરવાનું સામર્થ્ય તેનામાં પ્રકટે છે.
ત્યાગ, વૈરાગ્ય, કરૂણા, પ્રીતિ, ભક્તિ, સેવા, નિષ્ઠા આદિ
કોમળ વૃત્તિઓનું સંરક્ષણ સંયમ વડે જ થાય છે.

(3) સાધુજીવનનું મોટામાં મોટું લક્ષણ તિતિક્ષા છે.
જે સહન કરતાં શીખે, તે જ સંત બને.
ગમે તેવી પરિસ્થિતિમાં જેનું મન શાંત રહે, તે સંત.
સંતોમાં સહન શક્તિ ખૂબ વિકસી હોવાથી
તેમનું મન સદા શાંત અને સ્થિર રહે છે.
માનાપમાન, લાભાલાભ, સુખ - દુઃખ આદિ
દ્વંદ્વોમાં જેનું મન એકસરખું રહે, તે સંત છે.
તિતિક્ષાના વિકાસ માટે તપધર્મ છે.

(૪) મનમાં કારુણ્ય અને પ્રેમ છે, તે નારીજાતિ છે.
મનમાં પૌરુષ અને પરાક્રમ છે, તે નરજાતિ છે.
વ્યાકરણ દૃષ્ટિએ મન નાન્યતર જાતિ છે.
મનનો ૩/૪ ભાગ અજ્ઞાત છે. મનની પાંચ અવસ્થા છે.
પહેલી ત્રણ વસ્તુનિષ્ઠ છે, છેલ્લી બે આત્મનિષ્ઠ છે.
ક્ષિપ્ત, મૂઢ, વિક્ષિપ્ત objective છે, તેને બદલી
શકાતું નથી. નિરુદ્ધ અને એકાગ્ર આત્મનિષ્ઠ હોવાથી
બદલાવી શકાય છે અને ખીલવી શકાય છે.
ભગવાનની ભક્તિ વડે મનને
વ્યાપક, ચૈતન્યશાલી અને પ્રવૃત્તિમય બનાવી શકાય છે.
(૫) એક મન ભોગપ્રધાન છે,
બીજું મન ભક્તિપ્રધાન છે, ભાવપ્રધાન છે.
પોતાના સુખ માટે વિચારે, ત્યારે તે ભોગપ્રધાન બને છે.
બીજાના સુખનો વિચાર આવે, ત્યારે ભાવપ્રધાન બને છે.
મનની ૩ વૃત્તિઓ: ભોગપ્રધાન, ભાવપ્રધાન, ભક્તિપ્રધાન.
ભક્તિપ્રધાન મનમાં
શુદ્ધિતત્ત્વ, વિશાળતાતત્ત્વ અને ઉદાત્તતત્ત્વ થાય છે.
અર્થચિન્તન કરનારો જડ બને છે.
કામચિન્તન કરનારો નિર્બળ બને છે.

મહારાજ જેનું સતત ચિન્તન કરે, તેના જેવી થઈ જાય.
મૂર્તિપૂજા એ મનના વિલીનીકરણ માટે છે. ચિત્તની
એકાગ્રતા ભક્તિનો પાયો છે, તે મૂર્તિપૂજાથી સધાય છે.
મનુષ્યનું મન સંસાર પાછળ પાગલ બન્યું છે, તે પ્રભુ
પાછળ પાગલ બને તો જીવ-શિવ એક થઈ જાય.

(૬) ભગવાને સૃષ્ટિ નિર્માણ કરી છે, એ અસત્ય છે.

સૃષ્ટિ આત્મતત્ત્વમાંથી ઉદ્ભવી છે.
વેદો ભગવાને બનાવ્યા નથી પણ
વેદોએ ભગવાન બનાવ્યા છે.

મીઠા વગર ભોજન સ્વાદિષ્ટ બનતું નથી.
ભલે જ્ઞાન ખારૂં છે પણ સાથે સારૂં-સ્વાદિષ્ટ પણ છે,
કેમકે જ્ઞાનમાંથી જ ભક્તિ અને વૈરાગ્ય વિકસે છે.

(૭) વ્યાસે બ્રહ્મસૂત્ર અને યોગભાષ્યની સાથે
ભક્તિ માટે ભાગવત શાસ્ત્ર પણ રચ્યું છે.

સાત્ત્વિક મહારાજમાં પણ થોડી ઘણી તામસ હોય છે,
તો જ તે જીવે છે. ઊંઘ એ પણ એક રીતે તામસ છે.

(૮) કાતરનું કામ કરવું સહેલું છે પણ
સોયનું કામ કરીને તૂટેલાને જોડવાનું કામ કરવું,
તેમાં સાચી જીવનકલા સમાયેલી છે.

(૯) વૈરાગ્ય એટલે તટસ્થ અને વૈજ્ઞાનિક ચિન્તન.
To think objectively & scientifically.
નિર્લિપ્તતાથી તટસ્થ વિચાર કરવો તે વૈરાગ્ય.

(૧૦) પશ્ચિમમાં વિજ્ઞાને પ્રગતિ સાધી છે, પૂર્વમાં ધર્મએ.
હું કોણ છું? ક્યાંથી આવ્યો છું?
આ પ્રશ્નનું મનન એટલે જ વૈરાગ્ય.
જપ વડે એકાગ્રતા સાધવી, આધ્યાત્મિક આદર્શ સાથે એકરૂપ થવું. જપ માટે અભ્યાસ તથા વૈરાગ્યની જરૂર છે.
વૈરાગ્ય એટલે સત્યનો નિર્લિપ્ત વિચાર.
To pursue logically and objectively.
ધર્મી બનવા સૌ પહેલાં માનવ બનવા પ્રયાસ કરવો.
પહેલાં માનવ પછી જૈન, બૌદ્ધ, હિન્દુ, શ્વેતાંબર યા દિગંબર, હિનયાન યા મહાયાન, શૈવ યા વૈષ્ણવ બનીએ.
કવર ભિન્ન છે, અંદર મેટર એક જ છે અને તે છે
અહિંસા - અભ્યાસ - વૈરાગ્ય.
નિડરતાથી, હિંમતથી વિચારવું એનું નામ વૈરાગ્ય.

°

(૧૧) Spirit and core of science is the discovery of truth. seeming failure is stepping stone to something higher.

(૨૨) દિવસના શ્વાસોચ્છ્વાસ ૨૧૬૦૦ છે.
મિનિટના ૧૫ શ્વાસોચ્છ્વાસ લેખે ૨૧૬૦૦ થાય છે. હૃદય
મિનિટમાં ૭૫ વખત અને ૧ શ્વાસમાં ૫ વખત ધબકે છે.
હૃદયના ધબકારા ૨૧૬૦૦ x ૫ = ૧,૦૮,૦૦૦ થાય છે.
તેનો ૧૦૦૦મો ભાગ = ૧૦૮.
એટલે ગૃહસ્થને બધી જવાબદારીઓના કારણે
ઓછામાં ઓછા ૧૦૮ વખત પ્રભુનામ લેવાનું વિધાન છે.
(૨૩) મનને આત્મામાં નિરન્તર ટકાવી રાખવું એનું નામ
જ આત્મવિચાર છે અને 'આપણે સચ્ચિદાનંદ બ્રહ્મ
છીએ' એવી ભાવના કરવી, એનું નામ ધ્યાન છે.
શુભ વાસનાઓના સંગવાળું મન શુભ કહેવાય છે,
અશુભ વાસનાઓના સંગવાળું મન અશુભ કહેવાય છે.

o

(૨૪) No one has ever attained spiritual consciousness without striving for it.
What is the object of prayer? In essence, all prayers are efforts toward conscious unity with God.
(૨૫) Day dawns Only to those who are awake. - D. H. Thoreau

(૨૬) હું કોણ?

શરીર - જ્ઞાનેન્દ્રિયો - કર્મેન્દ્રિયો - વાયુપંચક - મનબુદ્ધિ
હું ભિન્ન છું. 'હું આ નહિ - તે નહિ'
એમ સમસ્ત ઉપાધિઓથી ભિન્ન જે
એકમાત્ર ચૈતન્ય અવશેષ રહે છે, તે હું છું.
એ ચૈતન્યનું સ્વરૂપ સત્ - ચિત્ - આનંદ છે. અન્ય
કશાની ઇચ્છા ન રાખવી તે આશાત્યાગ કે વૈરાગ્ય છે.
આત્મસ્વરૂપનો ત્યાગ ન કરવો તે જ્ઞાન છે. એ રીતે
જ્ઞાન અને વૈરાગ્ય એક જ સિક્કાની બે બાજુઓ છે.

°

Sow a thought & reap an act.
Sow an act & reap a character.
Sow a character & reap a habit.
Sow a habit & reap a destiny.

°

To explain God after
merely reading the Scriptures
is like explaining to another
the city of Benaras
after seeing it only on map.

(૧૭)આત્મવિચાર સિવાયના વિચારો ઊઠે તેને લેશમાત્ર સ્થાન ન આપતાં, આત્મનિષ્ઠામાં મગ્ન થઈને રહેવું, એનું જ નામ પોતાની જાતને ભગવાનને અર્પણ કરવી તે અથવા પ્રભુની શરણાગતિ છે. - શ્રી રમણ

(૧૮)તમારી પાસે જે હોય, તેનાથી તમે સુખી ન હો તો જે નથી તેનાથી શા રીતે સુખી થઈ શકશો? - ચીની કહેવત

(૧૯)જાણે વિશ્વસંગીત એક વિશ્વપુરુષના તાલબદ્ધ નૃત્યને સાથ આપી રહ્યું છે. ઉત્પાદ, વ્યય અને ધ્રૌવ્યનું એ તાલબદ્ધ નૃત્ય અનાદિ-અનંતકાળથી આ વિશ્વપુરુષ કરી રહ્યો છે. તત્ત્વથી આ મન વિકલ્પરહિત - શુદ્ધ જ્ઞાનરૂપ જ છે.

ચિતિરેવ ચિત્તમ્ ।

(૨૦)(1)મનુષ્ય જે ખાય છે તે નહિ પણ જે પચાવી શકે છે, તે તેને શક્તિ આપે છે. (2) આપણે જે મેળવીએ છીએ તે નહિ પણ જે બચાવીએ છીએ તે સંપત્તિ છે. (3) આપણે જે વાંચીએ છીએ તે નહિ પણ જે યાદ રાખીએ છીએ તે વિદ્યા છે. (4) આપણે જે ઉપદેશ આપીએ તે નહિ પણ આચરણમાં મૂકીએ તે ધર્મ છે. આ બધાં સાદાં સત્યો છે. અકરાંતીયાપણું, ઉડાઉપણું, પુસ્તકીયાપણું અને દંભીપણું દૂર કરવાના તે ઉપાયો છે.

(૨૧) 'अति सर्वत्र वर्जयेत् ।'

અતિ ઊંઘવું, અતિ ખાવું, અતિ સ્વાદ કરવો તે વર્જ્ય છે.
બધું જ સાંભળવા છતાં બધિર, બધું જોવા છતાં અંધ
અને બધું વિચારવા છતાં જે આત્માને શાન્ત સાગર
શૂન્ય રાખી શકે છે, તે યોગી છે, જ્ઞાની છે, મહાન છે.

(૨૨) विद्धि स्थूलं सूक्ष्मं सूक्ष्मतरं सूक्ष्मतममपि क्रमतः।
स्पर्शन-भाषण-दर्शन-संकल्पजेन त्वतश्चतुर्धा तत्॥

સ્પર્શ, શબ્દોચ્ચાર, દૃષ્ટિપાત અને સંકલ્પમાત્રથી જે
શક્તિ સંક્રમણ થાય છે, તે
અનુક્રમે સ્થૂલ, સૂક્ષ્મ, સૂક્ષ્મતર, સૂક્ષ્મતમ હોય છે.
સ્પર્શદીક્ષા પંખી પોત, શબ્દદીક્ષા કોયલ-કાક,
દૃગદીક્ષા કાચબો, વેધદીક્ષા માછલી - એ ચાર દૃષ્ટાંત છે.

(૨૩) સિદ્ધનું સુખ કેવું હોય ?

સર્વ શત્રુક્ષય, સર્વ રોગાપગમ, સર્વ અર્થસંયોગ અને
સર્વ ઇચ્છાઓ પૂર્ણ થાય, તેથી જે સુખ મળે તેનાથી
અનંતગણું અધિક સુખ સિદ્ધભગવંતોને સર્વદા હોય છે.

°

Just as the eye is the light of the body, so the mind is the light of the soul.

(૨૪) દેહપાતસ્તથા કમ્પઃ પરમાનન્દહર્ષણે ।
સ્વેદો રોમાંચ ઇત્યેતચ્છક્તિપાતસ્ય લક્ષણમ્ ॥ અર્થાત્ઃ
મૂર્ચ્છા - ધ્રુજારી - પરમઆનંદ - પરમહર્ષ - પરસેવો - રોમાંચ
આ (૬) શક્તિપાતના લક્ષણો છે.

(૨૫) દુષ્કૃતગર્હાથી દુઃખ જાય, સુકૃતાનુમોદનાથી સુખ થાય
તથા શરણાગમનથી કર્મ જાય છે.

મોક્ષનું મૂળ શરણાગમન છે.

સુખનું મૂળ સુકૃત અનુમોદન છે.

પાપનાશનું મૂળ દુષ્કૃતગર્હા છે.

કોઈ જીવ પાપ ન કરો, કોઈ જીવ દુઃખી ન થાઓ,
સર્વ જીવ ભવમુક્ત થાઓ.

એ વિચાર મૈત્રી, માધુર્ય અને પ્રસાદનો વિકાસ છે.

(૨૬) ક્ષમા, નમ્રતા, સરલતા, સંતોષ, ઔદાર્ય, દાક્ષિણ્ય,
પાપજુગુપ્સા, શમ, સંવેગ, નિર્વેદ, અનુકંપા, અહિંસા,
સત્ય, અચૌર્ય, અપરિગ્રહ આદિ ધર્મનાં ફૂલો છે.

°

*Every moment of unhappiness brought upon others by our misdeed must be paid for by unhappiness to ourselves in return.*

Dt. 12/12/68

(૨૭) વીતરાગ દેવ = ઇચ્છારહિત, નિર્ગ્રન્થગુરુ = મૂર્છારહિત,
મોક્ષદાતા ધર્મ = દયા સહિત.

દયામાં બીજાના સુખની નહિ, દુઃખ નિવારવાની ઇચ્છા છે,
તેના પ્રભાવે પ્રથમ મૂર્છારહિત થવાય છે,
પછી ઇચ્છારહિત બનાય છે.

ઇચ્છા જીવને સ્વસુખની અને સ્વદુઃખ નિવારણની છે,
તેને દયામૂલક ધર્મમાં પ્રતિપક્ષ ભાવ છે.

સર્વના સુખની અને સર્વના દુઃખનિવારણની ઇચ્છા એ
સ્વસુખ - સ્વદુઃખનિવારણની ઇચ્છાને પ્રતિપક્ષ ઇચ્છા છે,
તેથી પ્રથમ મૂર્છા ઘટે છે અને પછી ઇચ્છા જાય છે.

સ્વસુખેચ્છા તથા સ્વદુઃખનિવારણેચ્છા એ રાગાત્મક છે.
મૂળધર્મ દયાના સેવનથી તેને પ્રતિપક્ષ ઇચ્છા પોષાય છે.

જેમ કાંટાથી કાંટો જાય, અગ્નિથી અગ્નિ શમે નહિ,
વિષથી વિષનિવારણ થાય,
તે ન્યાયે મૂળધર્મરૂપ દયાથી
અહિત સર્વ સુખેચ્છાથી સ્વસુખેચ્છારૂપી
રાગ - દ્વેષનું નિવારણ થાય છે અને
વીતરાગ દશા પ્રાપ્ત થાય છે.

Dt. 14-12-68

વિચારના જપ કરતાં ય વિવેક-ભાવનું જપ વિશિષ્ટ છે અને એનાથી પણ વિશિષ્ટ જપ શરણાગતિનું છે. શરણાગતિ એટલે પરમતત્ત્વનો ભાવપૂર્વક આશ્રય અને પોતાના અહંની શૂન્યતાનું જપ સવિશિષ્ટ-સર્વશ્રેષ્ઠ છે.

0 द्वाविमौ पुरुषौ लोके सूर्यमण्डलभेदिनौ ।
प्रभुश्च क्षमया युक्तो दरिद्रश्च प्रदानवान् ॥ અર્થાત્:
સમર્થ છતાં ક્ષમાવાન અને દરિદ્ર છતાં પ્રદાનવાન્, તે બંને પછી સૂર્યમંડળને પણ ભેદીને આગળ જનારા છે.

0 મુખને કમલ બનાવો,
હસ્તને, પદને, હૃદયને, નેત્રને કમલ બનાવો.
કમલ બનાવો = લક્ષ્મીને નિવાસ કરવાનું સ્થાન બનાવો.
લક્ષ્મીની ઉત્પત્તિ કમલથી છે.
હાથથી દાન, મુખથી આશ્વાસન, પદથી પ્રભુનું કામ,
હૃદયથી સર્વનું હિતચિન્તન અને નેત્રથી પ્રેમ
જ્યારે વહેતો હશે ત્યારે તે બધા કમલની શોભાને પામશે.
મુખકમલ = હિત, પ્રિય, સત્ય વચન.
નેત્રકમલ = પ્રેમવર્ષણ, હૃદયકમલ = હિતચિન્તન,
હસ્તકમલ = દાન વિતરણ, પદકમલ = યાત્રાગમન.

(૨૮) સ્વસુખના વિચારથી જે રાગાત્મક ઇચ્છા જાગે છે,
તે સર્વસુખના વિચારથી શમે છે, તે જ છે નિર્ગ્રન્થિપણું.
આત્મદ્રવ્યની પ્રકૃતિના વિચારથી જે રાગદ્વેષ અને
ઇચ્છાવૃત્તિ ટળે છે, તે જ છે વીતરાગપણું.
રાગ એ ઇચ્છાસ્વરૂપ છે. તે જ્યારે સ્વદુઃખવિષયક હોય,
ત્યારે અનંતાનુબંધી બને છે તથા
તે જ્યારે સર્વસુખવિષયક હોય છે, ત્યારે મંદ પડે છે.
તેના પ્રભાવે સમ્યક્ત્વ, દેશવિરતિ, સર્વવિરતિ વગેરે
ગુણસ્થાનકોનો લાભ થાય છે.
પછી જેમ જેમ આત્મદ્રવ્યની પ્રકૃતિનો
અનુભવ થતો જાય, તેમ તેમ ઇચ્છાનું મૂળ જાય છે,
તેથી સંપૂર્ણ વીતરાગભાવની પ્રાપ્તિ થાય છે.
પ્રકૃતિનું જ્ઞાન, પ્રકૃતિનું ભાન તથા પ્રકૃતિનું પરિશીલન
રાગાદિ દોષોની પ્રતિપક્ષી ભાવના છે.
પ્રથમ રાગાદિ દોષોને પાતળા પાડ્યા પછી જ
પ્રકૃતિની ભાવનાથી તેનો નિર્મૂળ કરી શકાય છે.
હઠયોગપ્રદીપિકા - શ્લોક ૪૪ મુજબ
સૂર્યભેદન, ઉજ્જાયી, सीत्कारी, शीतली, भस्त्रिका,
भ्रामरी, मूर्च्छा, प्लाविनीत्यष्टकुंभकाः । અષ્ટકુંભક છે.

(૨૯) તિર્યક્ સામાન્યના વિચારથી કષાય પાતળા પડે છે,
ઉર્ધ્વતા સામાન્યના વિચારથી કષાય નિર્મૂળ થાય છે.
શુક્લધ્યાનની ધારા ઉપર ચઢવા માટે
પ્રથમ મૈત્ર્યાદિ ભાવનાથી ભાવિત થવું અને
પછી આત્મભાવમાં રમણ કરવું, એ ક્રમ છે.

(૩૦) આર્તરૌદ્ર ધ્યાનનો ત્યાગ, ધર્મધ્યાનનું સેવન અને
શુક્લધ્યાનનો અભ્યાસ - એ મનોગુપ્તિના ત્રણ દ્વાર છે.
આર્તધ્યાનનું બીજ = સ્વનો વિચાર.
ધર્મધ્યાનનું બીજ = સર્વનો વિચાર.
શુક્લધ્યાનનું બીજ = આત્મદ્રવ્યનો વિચાર.
જેઓ બીજાના દુઃખનું નિવારણ તથા સુખનું સર્જન
ઇચ્છતા હોય, તેઓ જ [illegible] નિયમને [illegible] જાણી શકે.
પાપ ન કરવાની વૃત્તિનું બીજ = પરદુઃખની નિવારણેચ્છા.
તેને જ 'દયા' કહે છે.

०

(૩૧) God is greater than our heart
and knoweth all things.
If you want all good,
a servant that will work for you
day & night, then cultivate love.

## અહિંસા સરલ માતા

સંયમ એ અસત્પ્રવૃત્તિના ત્યાગરૂપ છે.
તપ એ સત્પ્રવૃત્તિના સેવનરૂપ છે.
અસત્પ્રવૃત્તિ આસ્રવરૂપ છે, સત્પ્રવૃત્તિ સંવરરૂપ છે.
આસ્રવનો ત્યાગ અને સંવરનું સેવન
શ્રી જિનાજ્ઞાના પાલનસ્વરૂપ છે, તેથી શરણાગતિરૂપ છે.
(૧) દુષ્કૃતગર્હાથી અસત્પ્રવૃત્તિના ત્યાગરૂપ સંયમ પુષ્ટ થાય.
(૨) સુકૃતાનુમોદનથી સત્પ્રવૃત્તિના સેવનરૂપ તપ પુષ્ટ થાય.
(૩) પ્રભુઆજ્ઞાપાલનથી શરણાગમનરૂપ અહિંસા પુષ્ટ થાય.
અહિંસા એ અર્હંની આજ્ઞા છે, તેથી અર્હંથી અભિન્ન છે.
આજ્ઞાપાલનના બે અંગ છે: સંયમ અને તપ.
સંયમ વડે અજીવતત્ત્વના સંબંધનો ત્યાગ થાય છે.
તપ વડે જીવતત્ત્વનો સંબંધ સ્થિર થાય છે.
પરદ્રવ્યના સંબંધમાં આવવાની યોગ્યતારૂપ
સહજમલનો હ્રાસ સંયમની અપેક્ષા રાખે છે.
આત્મદ્રવ્યના સંબંધમાં આવવાની યોગ્યતા
તપની અપેક્ષા રાખે છે.
સંયમ એ કાયા વડે અહિંસાદિ પાંચ વ્રતરૂપ,
વચન વડે શ્રોત્રાદિ પાંચ ઇંદ્રિયોના નિગ્રહરૂપ અને
મન વડે ક્રોધાદિ ચાર કષાયના નિગ્રહરૂપ છે.

મનના દુષ્ટ વ્યાપાર કષાયાદિ છે, વચનના દુષ્ટ વ્યાપાર
અસત્યાદિ છે અને કાયાના દુષ્ટ વ્યાપાર હિંસાદિ છે.

દુષ્ટ કાયનિરોધ, દુષ્ટ આશ્રવનિરોધ અને
દુષ્ટ મનોનિરોધ - એ ત્રણ પ્રકારનો સંયમ
ઇંદ્રિય, કષાય અને મનોનિરોધ વડે સધાય છે.

સંયમ એક શબ્દમાં આશ્રવનિરોધરૂપ છે.

૧૦ આશ્રવ = ૫ ઇંદ્રિય, ૩ યોગ, શ્વાસોચ્છ્વાસ અને આયુ.
એ દશે આશ્રવોનો નિરોધ અહિંસાદિ, બ્રહ્મચર્ય અને
ક્ષમાદિ ધર્મોના આસેવન વડે થાય છે.

સંયમ સંકોચરૂપ છે, તપ વિકાસરૂપ છે.
સંકોચ = સંવરરૂપ સંયમ. વિકાસ = વ્યાપારરૂપ તપ.

(૩૨) જીવમૈત્રી અને જિનભક્તિ પરસ્પર અનુસ્યૂત છે.
એકના અભાવમાં બીજાનો સદ્ભાવ રહેતો નથી.
જીવમૈત્રીના કારણભૂત સર્વ જિનેશ્વરો ભક્તિને પાત્ર છે.
જિનેશ્વરોની ભક્તિ જીવમૈત્રીને વિકસાવે છે તથા
જીવમૈત્રી જિનભક્તિને વિકસાવે છે.

જીવતત્ત્વ ઉપાદેય છે, અજીવતત્ત્વ હેય છે.
સંવર, નિર્જરા, મોક્ષ ઉપાદેય છે, કેમકે તે જીવતત્ત્વ છે.
આશ્રવ, બંધ અને પાપ હેય છે, કેમકે તે અજીવતત્ત્વ છે.

મૈત્રીભાવમાં મોક્ષતત્ત્વની ઉપાદેયતા રહેલી છે.
જીવમાત્રમાં સંવર-નિર્જરાતત્ત્વની ઉપાદેયતા છે.
આશ્રવ-બંધ અને પાપ હેયતત્ત્વ છે,
કેમકે તેમાં જીવદ્વેષ અને મૈત્રી-અભાવ રહેલા છે.
મૈત્રી એ શુદ્ધ જીવનું સ્વરૂપ છે.
જીવનું અશુદ્ધસ્વરૂપ કરુણા અને માધ્યસ્થ્યને પાત્ર છે.
જીવનું શુદ્ધ સ્વરૂપ પ્રમોદ અને ભક્તિને પાત્ર છે.
અજીવતત્ત્વના સંબંધથી જીવમાં અશુદ્ધિ આવી છે,
તેથી જીવમાં અશુદ્ધિ લાવનાર અજીવતત્ત્વ હેય છે.
અજીવના સંબંધમાં આવવાની જીવની યોગ્યતાનો
અપગમ અસત્પ્રવૃત્તિના ત્યાગરૂપ સંયમથી થાય છે અને
સ્વસ્વરૂપના સંબંધમાં આવવાની જીવની યોગ્યતાનો
વિકાસ તપધર્મથી થાય છે.

(33) મૈત્રીભાવ એટલે આત્મૌપમ્ય યા અભેદની દૃષ્ટિ.
તે કેળવાય તો જ દુઃખીના દુઃખ દૂર કરવારૂપ
કરુણાવૃત્તિ, ગુણાધિકના ગુણ પ્રત્યે પ્રમોદવૃત્તિ અને
તદ્દન જડ જેવા અપાત્ર જીવો પ્રત્યે
માધ્યસ્થ્યભાવ અથવા તટસ્થવૃત્તિ સંભવી શકે છે.
સમગ્ર જીવોમાં જે અંશે અભેદ છે, તે અપેક્ષાથી મૈત્રીભાવ
પોષાય અને ઈર્ષા-અસૂયાદિ દ્વેષભાવ દૂર થાય છે.

## મૈત્રીની વ્યાખ્યા — Dt. 15-12-68

પરહિતચિન્તા આ સમસ્ત સત્ત્વવિષયક સ્નેહપરિણામ.
ધર્મનું સ્પષ્ટ સ્વરૂપ મૈત્રીભાવનો વિસ્તાર,
પરોપકારનું સર્જન તથા તે જ ઉદાર શાસનવૃત્તિનું પોષણ છે.

(34) તાત્ત્વિક નમસ્કાર એટલે...
પરમાત્મા સાથે અંતરાત્માના ઐક્યનું સાધન.
દૃષ્ટિપ્રધાનપણે ગુણી તરફ રહે,
ત્યારે જ નમસ્કારનો પ્રારંભ થાય છે.
ગુણદૃષ્ટિ અને નમસ્કારભાવ બંને એક જ પદાર્થ છે.
મણસા ગુણપરિણામો, વાયા ગુણભાસણં ચેવ ।
કાયેણ સંપણામો એસ પયત્થો નમુક્કારો ॥ અર્થાત્:
મનથી ગુણીની વિચારણા, વચનથી ગુણી બોલવા અને
કાયાથી સમ્યગ્ પ્રણામ કરવા, તે નમસ્કારનો પદાર્થ છે.

(35) ગુણદૃષ્ટિથી સ્નેહભાવ કેળવાય છે અને
સ્નેહભાવ વધવાથી ગુણદૃષ્ટિ કેળવાય છે.
ગુણદૃષ્ટિ - સ્નેહભાવને પરસ્પર અવિનાભાવ સંબંધ છે.
નમસ્કારની ઉપલબ્ધિ જ્ઞાનાવરણીય અને
દર્શનમોહનીય કર્મના ક્ષયોપશમથી થાય છે.
વંદના એ ધર્મ પ્રત્યે લઈ જવા માટે મૂળભૂત વસ્તુ છે.

વંદનાદિ અનેકપરિણામ વિકસે, ગુણદૃષ્ટિ કેળવાય
તથા આત્મબળ પુષ્ટ થાય છે.

(૩૫) દ્રવ્ય નમસ્કાર એટલે શરીરના પાંચ અંગો અથવા મન-વચન અને કાયા વડે જે સત્કાર કરાય છે તે. સત્કાર, અનુપાસના, અભ્યર્થના આદિ સમાનાર્થક છે. નમસ્કારનો પ્રધાન આધાર દેહ અને તેની ક્રિયા છે.

નમસ્કારની ઉત્પત્તિ ત્રણ હેતુએ માનેલી છે:

સમુત્થાન, વાચના અને લબ્ધિ.

સમુત્થાન = દેહ, વાચના = ગુરુસંયોગ,

લબ્ધિ = ક્ષયોપશમ સમજવાં.

(૩૭) ગુણદૃષ્ટિ જગતમાં જે કાંઈ બનાવો બને છે, તે સર્વમાં ગુણદૃષ્ટિ કેળવવી તે ભાવનમસ્કાર છે, કારણ કે બધા બનાવો પાંચ કારણો મળીને બને છે. પાંચે કારણો ઉપર પ્રભુત્વ પ્રભુની આજ્ઞાનું છે. આજ્ઞાની આરાધનાથી સુંદર અને વિરાધનાથી અસુંદર કાર્યો બને છે, તેથી પ્રત્યેક બનાવોની પાછળ આજ્ઞા દ્વારા અસ્તિત્વ પ્રભુનું આવે છે, તેથી તેને ગુણદૃષ્ટિએ જોવામાં પ્રભુનું બહુમાન છે તથા દોષદૃષ્ટિએ જોવામાં અબહુમાન છે. નમસ્કાર ગુણબહુમાન સ્વરૂપ છે, તેથી

દરેક બનાવોને બહુમાન સ્વરૂપે જોવામાં
પ્રભુનું બહુમાન છે અને તે જ ભાવનમસ્કાર છે
અને તેનું જ નામ નમસ્કારનો ક્ષયોપશમ યા લબ્ધિ છે.

(૩૮) અરિહંતોની આજ્ઞા ષડ્ જીવનિકાય હિતસ્વરૂપ છે.
તેને નમસ્કાર એ ષડ્ જીવનિકાયના હિતને નમસ્કાર છે.
ષડ્ જીવનિકાય હિત, પ્રભુઆજ્ઞા અને નમસ્કાર-
ત્રણે વસ્તુ એક જ અર્થને કહે છે.

(૩૯) ભાવસંકોચ એટલે મનઃપ્રણિધાન.
તે સમ્યગ્દૃષ્ટિ ઉપયોગવાનને હોય.
જિનાજ્ઞાનું પાલન, ચારિત્રનું અનુષ્ઠાન, ઉગ્ર, વીર, ઘોર
પરાક્રમપૂર્વકનો તપ, તે બધાં ભાવનમસ્કારનાં અંગો છે.

(૪૦) નમસ્કારની પ્રધાનતા બતાવવા માટે 'નમો' પદ
પહેલું છે. નમસ્કાર વડે ઉત્પન્ન થતો ભાવોલ્લાસ
આત્મશક્તિમાં ધર્મરૂપી બળને વાવે છે.
'જેની બોધરૂપે ઉપલબ્ધિ છે, તે વસ્તુ દરેકની સંનિધિમાં
સાક્ષાત્ વિદ્યમાન છે' તેમ સમજીને નમસ્કાર કરવા.

(૪૧) નમસ્કાર એ પરમ સ્તુતિવાદ છે અને
તે યથાર્થ ક્રિયાદિ અનુસરાતા
સદ્ભૂત ગુણોનું ઉત્કીર્તનરૂપ અને યથેચ્છ ફલપ્રસાધક છે.

નમસ્કારને જો ધ્યાનથી વિવશ કરાય,
તો શુભ કાર્યોમાં વ્યાઘાત કરનારા સર્વ વિઘ્નોનું
સમૂળ ઉચ્છેદન કરવા માટે સમર્થ થાય છે.

(૪૨) પ્રણિધાન એટલે પ્રયત્નસાધ્ય ધ્યાન.
તેને સિદ્ધ કરનારા પાંચ અંગો શ્રદ્ધા-મેધાદિને કહ્યાં છે,
તેથી ચિત્ત નિર્મળ અને પ્રસન્ન થાય છે. પ્રણિધાનથી
ધ્યાતાને પોતામાં રહેલ પરમાત્મરૂપનું નિઃશંક ભાન થાય.
ગ્રાહ્ય - ગ્રાહકભાવથી રહિત તન્મયપણું થવાથી
ધ્યેય સાથેની એકતા સધાય છે.

(૪૩) પ્રણિધાન એટલે ધ્યેય પ્રત્યેની એકાગ્રતા,
ધ્યેયને પ્રાપ્ત કરવાની અટલ આત્મશ્રદ્ધા,
ધ્યેય પ્રત્યે પરમ પ્રેમ, અખંડ પ્રીતિ અને વિશ્વાસ,
આશ્રય, શરણ્ય અને અખંડ પ્રપત્તિ.
વાચ્યાર્થ સાથે પોતાના આત્માનો એકી ભાવ
તે અભેદ પ્રણિધાન અથવા તાત્ત્વિક નમસ્કાર છે.

(૪૪) પ્રથમ પરમેષ્ઠિ શ્રી અરિહંત ભગવંતનો સ્વકીય
આત્મા સાથે અભેદ કરી 'देवो भूत्वा देवं यजेत् ।'
એ નિયમ મુજબ સર્વ રીતે ધ્યાન કરવું, તે અભેદ
પ્રણિધાન છે. અભેદબુદ્ધિ ઉત્પન્ન થયા પછી 'સોઽહં'

પદના ઉલ્લેખમાંથી 'તત્' પદનો ઉલ્લેખ નીકળી જાય છે,
માત્ર 'અહં' રહે છે.

ત્યાં ધ્યાતા, ધ્યેય અને ધ્યાન - એ
ત્રિપુટીનો ઉચ્છેદ થઈને ત્રણેની એકતા સધાય છે.
અનિર્વચનીય અને ચિન્મય અવસ્થા
'પરબ્રહ્મ' નામની જ્યોતિ સ્ફુરાયમાન થાય છે.
તેના સ્ફુરણથી જ સર્વ ક્રિયાઓની સફળતા થાય છે.

(૪૫) આનંદઘન કૃત નમિનાથ સ્તવન

જિનસ્વરૂપ થઈ જિન આરાધે, તે સહી જિનવર હોવે રે.
જિનપદ નિજપદ એકતા, ભેદભાવ નહીં કાંઈ;
લક્ષ થવાને તેહનો, કહ્યાં શાસ્ત્ર સુખદાયી - (૨)

(૪૬) ગુણનો રાગ ગુણી દ્વારા જ દર્શાવી શકાય છે.
નમસ્કાર દ્વારા થતો પરમ સ્તુતિવાદ
યથાર્થ ક્રિયાગત સદ્ભૂત ગુણોના ઉત્કીર્તનરૂપ છે,
તેથી ગુણપ્રાપ્તિના કારણરૂપ બને છે,
જેમાં સ્વાર્થનો પ્રવેશ ન હોય.
તેવા રીતે જે ગુણીની પ્રશંસા તે ગુણાનુરાગ છે, તે
સ્નેહરાગ નહિ પણ ભક્તિરાગ છે
અને તેનો સંબંધ નિર્જરાતત્ત્વ સાથે છે.

Dt. 1-2-69

(47) ઉત્તમ મહિમાની અને ગ્રાહકવૃત્તિવાળાને
પરમાત્માના ગુણના સંસર્ગારોપથી અને
પરમાત્માના અભેદારોપથી નિઃસંશય સમાપત્તિ થાય છે.
તે ધ્યાનનું અતિ વિશુદ્ધ સમાધિરૂપ ફળ છે.

(48) નિર્મળ આત્મામાં પરમાત્મસ્વરૂપની
'મયિ તદ્રૂપમ્' એવી પ્રથમોપસ્થિતિ તે
'તત્સ્થતા' સમાપત્તિ છે, તે પછી 'સ એવાઽહં' એવી
જે તદ્રૂપતા, તે 'તદંજનતા' સમાપત્તિ છે.
'પ્રથમ પદના અભિધેય શ્રી અરિહંત પરમેષ્ઠિ એ જ પરમ
તત્ત્વ છે અને તે તત્ત્વ પોતાનો જ સ્વભાવ છે' એવું
પુનઃપુનઃ આંતરિક પરામર્શન તે ઉત્તમોત્તમ જપનો પ્રકાર છે.

(49) શીખવામાં અતિસરળ એવા ભાવાતીત ધ્યાનયોગ
દ્વારા આત્માનંદનો સાક્ષાત્કાર કરી, મનની ભીતરમાં
પ્રવેશવાથી મન અને શરીર હળવું થાય, ચિંતા ઘટે,
બ્લડ પ્રેશર ઓછું થઈ શરીર-મનની ખેંચ ઘટે છે.
વિશ્વમાં પ્રવર્તતી હતાશા, ચિંતા અને દુઃખ-દર્દોને
દૂર કરવા ભાવાતીત ધ્યાનયોગને અપનાવવું જરૂરી છે.
ધ્યાનયોગ કરવાથી મનમાં ઈચ્છો તો પણ
ચિંતા કરી નહિ શકે.

ભાવાતીત ધ્યાનયોગથી મગજની ચિન્તાઓ અને દુઃખો નિવારી શકાય છે તેમ જ લોહીના દબાણ તથા હૃદયરોગ જેવા રાક્ષસી રોગો નાબૂદ કરી શકાય છે. એમ પાંચ મિનીટના સ્નાનથી શરીર દિવસભર માટે સ્વચ્છ બને છે, તેમ થોડું મનન-ધ્યાનયોગ મગજને સારા એવા સમય માટે ચિન્તામુક્ત બનાવે છે.

બાળશ્રદ્ધાળુઓ માટે ધ્યાન એ રામબાણ ઈલાજ છે.

પ્રકાશ આણવા પ્રથમ અંધકારને દૂર કરવાનો રસ્તો નથી. પ્રકાશ આણવાથી અંધકાર આપોઆપ જતો રહે છે.

ભાવાતીત ધ્યાન એ એવી જ ટેક્નીક છે. કુવામાં ડોલ નાંખ્યા પછી પાણી બહાર કાઢવા જેવું જ સરળ કાર્ય છે. શક્તિ, બુદ્ધિ અને સુખ વધારવા તે શ્રેષ્ઠમાર્ગ છે. રોજ સવાર-સાંજ અડધો-અડધો કલાક કુટુંબીજનો સાથે કે એકલા અનુકૂળતાએ ધ્યાનયોગ કરી શકાય. ગુરુએ આપેલ મંત્રોચ્ચાર અને તેના દૃઢ અભ્યાસથી ભાવાતીત ધ્યાન સિદ્ધ થાય છે, તત્કાલ શાંતિ-સુખ અનુભવાય છે. ઇંદ્રિયનિગ્રહ અને મનના ઉગ્ર સંયમ વિના સામાન્ય માણસ પણ યોગાનો આરંભ ન કરી શકે. ધ્યાનયોગની પદ્ધતિથી મન પોતાનાં મૂળ આનંદ સ્વભાવ તરફ ઘણા જ સરળતાથી વળે છે.

-મહર્ષિ મહેશ યોગી

(૫૦) આપણી અંદર બેસીને જે આ બધું જોઈ રહ્યો છે,
તેને જરા જોઈએ તો
ચૌદ લોકમાં ન કોઈ પકડી રહે, ન કોઈ પરાયું.
આપણા અંતરતમ કોશમાં એ એકને મળી લઈએ, તો
પછી અનેકના મિલનમાં ક્યાંયે બાધા ન રહે. <u>-મકરંદ દવે</u>

(૫૧) કૌરવોને એક પણ મનુષ્ય સારો લાગતો નહોતો,
પાંડવોને એક પણ મનુષ્ય ખરાબ લાગતો નહોતો.

(૫૨) આત્માની ભાષા વાણીથી વ્યક્ત થઈ શકતી નથી.
તે દેહથી પર છે. ભાષા સત્યને મર્યાદિત કરે છે,
માટે હંમેશા મૌન પાળવું જોઈએ.

(૫૩) સમજણશક્તિ યાદશક્તિ કરતાં જુદી ચીજ છે.
આપણું ધ્યેય યાદશક્તિનું નહિ પણ
સમજણશક્તિ કેળવવાનું હોવું જોઈએ.
જેટલે અંશે યાદશક્તિ-સમજણશક્તિ વધારે, તેટલે
અંશે તે આવકારદાયક છે પણ મહત્તા જ્ઞાનની છે,
ચારિત્ર્યની છે. સ્મૃતિ એ બુદ્ધિવિકાસ માટે જરૂરી છે
પણ તે એક સાધન જ છે, સાધ્ય નહિ. - <u>ધી. ટો. શાહ</u>

(૫૪) મંત્ર અને મનોગ્રંથિ એક જ છે,
તેથી બંને ચૌદ પૂર્વના સાર છે.

(૫૫) નમો પદ પ્રમોદ અને કરુણાવાચક છે.
નમસ્કાર ચતુર્વિધ સંઘનો પ્રાણ છે અર્થાત્
કરુણા-માધ્યસ્થ્યાદિ ભાવો એ સંઘના પ્રાણ છે.
પ્રમોદભાવથી વિષયવૃત્તિ જાય છે તથા
કરુણાભાવથી કષાયવૃત્તિ જાય છે.
કષાયવૃત્તિ જીવનો તિર્યક્ સામાન્યનો ઈન્કાર કરે છે.
વિષયવૃત્તિ ઊર્ધ્વતા સામાન્ય સ્વરૂપનો વિરોધભાવ છે.
જીવના તે બંને સ્વરૂપોનું રક્ષણ કરનાર ઔચિત્ય ભક્તિ
અને કારુણ્ય ઉભય ભાવો આવશ્યક ઉપકારક છે.

(૫૬) ખરી રીતે ભયજનક વસ્તુ મૃત્યુ નહિ, પરંતુ કોઈપણ
હેતુ વિના જીવેલું જીવન ભયજનક છે. - ટોલસ્ટોય

(૫૭) મનુષ્યની બુદ્ધિ અને મન જેટલાં કાચાં,
તેટલી સંગના રંગની અસર પાકી થાય છે.
એથી ભોજનની બાબતમાં સાવધ રહેવાની અતિ અગત્ય છે.

(૫૮) સ્વાસ્થ્ય એટલે શારીરિક બળ કે પુષ્ટ કાયા નહિ
કિન્તુ સારી રીતે ભૂખ લાગે, ખોરાક બરાબર લઈ
અને પચાવી શકાય, શૌચ વગેરે ક્રિયાઓ નિયમિત હોય,
ઊંઘ પણ જોઈએ તે પ્રમાણે બરાબર રીતે આવે,
કાર્ય કરવા માટે આવશ્યક શારીરિક અને માનસિક

શક્તિ પણ મળે. પૂર્ણ સ્વાસ્થ્યવાળો પાતળો પણ હોઈ શકે, છતાં તે બધાં જ કાર્યો આનંદથી કરી શકે.

- ડૉ. આયંગર

(૪૯) યોગાસનો માત્ર સ્નાયુઓને જ નહિ પણ બધાં અવયવોને ક્રિયાશીલ બનાવે છે.

યોગાસનોનું કેન્દ્ર મેરૂદંડ છે તથા તે લચીલો હોવો જોઈએ. સાંધાઓ અને શરીરનાં બાહ્ય અવયવો, ખાસ કરીને આંતરસ્ત્રાવગ્રંથિઓને આસનો જ ઉત્તેજીત કરી શકે છે. આ આંતરસ્ત્રાવ તનના વિકાસમાં મહત્વનો ભાગ ભજવે છે.

(૫૦) યોગાસનોનો ક્રમ

(૧) શીર્ષાસન - સર્વાંગાસન, મેરૂદંડ ઉંધો કરવાનો.
(૨) મત્સ્યાસન - હલાસન, મેરૂદંડને આગળ વાળવાનો.
(૩) પશ્ચિમોત્તાનાસન - ભુજંગાસન, મેરૂદંડને પાછળ વાળવાનો.
(૪) શલભાસન - ધનુરાસન, મેરૂદંડને બાજુ પર વાળવાનો.
(૫) ચક્રાસન - અર્ધમત્સ્યેન્દ્રાસન, મેરૂદંડને મરડવાનો.
(૬) પાદહસ્તાસન - ત્રિકોણાસન.
(૭) મયૂરાસન - શવાસન. (૮) પદ્માસન - સિદ્ધાસન.

(૫૧) જેમ બહાર - તેમ ભીતર. ગૂઢ ભુવનમાં તે નિત્ય બિરાજે છે, આ શરીરમાં જ છુપાયેલા તે અશરીરીને જેણે જાણ્યો, તે અહીં જ મુક્ત બની ગયો.

'દેહ છતાં જેની દશા વરતે દેહાતીત;
તે જ્ઞાનીના ચરણમાં વંદન હો અગણિત ...(૧)

(૬૨) ઓંની પ્રથમ માત્રા વિષે માંડૂક્યમાં કહ્યું છે:

(a) जागरितस्थानो वैश्वानरः । अकारः प्रथमा मात्रा ।
आप्तेः आदिमत्त्वात् आप्नोति ह वै सर्वान्
कामान् आदिश्च भवति य एवं वेद ।

સમજૂતિ: પ્રથમ માત્રા 'અ'કાર વૈશ્વાનરરૂપ છે. તેનું સ્થાન જાગ્રત અવસ્થા છે, કારણકે તેનામાં વ્યાપકપણું છે. જે કોઈ આ જાણે છે, તે સર્વ કામનાઓ મેળવે છે. આમ જાણે છે તે આદિ સમજૂતિ સર્વમાં પ્રથમ બને છે.

વૈશ્વાનર એટલે જ્ઞાનનો પ્રકાશ.
આ આત્મારૂપ વૈશ્વાનરનું મસ્તક પ્રકાશરૂપ છે.
એ પ્રકાશમાં મળે છે સર્વ કામનાઓની સંતુષ્ટિ.

(b) स्वप्नस्थानः तैजस 'उ'कारो द्वितीया मात्रा,
उत्कर्षात् उभयत्वात् उत्कर्षति ह वै
ज्ञानसन्ततिं समानश्च भवति य एवं वेद ।

સમજૂતિ: બીજી માત્રા 'ઉ'કાર તૈજસરૂપ છે. તેનું સ્થાન સ્વપ્નાવસ્થા છે. તે ઉત્કૃષ્ટ ઉભયાદિ, મધ્ય ઉભયાદિ,
જ્ઞાન સન્તતિનો ઉત્કર્ષ કરે છે.
આમ જે જાણે છે, તે જ્ઞાનના સમાન બને છે.

(૯) સુષુપ્તસ્થાનઃ પ્રાજ્ઞો મકારઃ તૃતીયા માત્રા
મિતેઃ પીતેર્વા મિનોતિહ વૈ ઇદમ્ સર્વમ્
પીતિશ્ચ ભવતિ ય એવં વેદ ।

અર્થઃ ત્રીજી માત્રા 'મ'કાર છે, તેનું સ્થાન સુષુપ્તાવસ્થા.
તે પ્રજ્ઞરૂપ છે, કારણકે તે પ્રમાણરૂપ છે તથા
તેને વિષે સર્વ વસ્તુ વિલયભાવને પામે છે. આમ જે
જાણે છે, તેનામાં બધું લય પામે છે, તે આત્મારૂપે થાય છે.

o કથમિહ દેહવિદેહ વિચારઃ
કથમિહ રાગવિરાગવિચારઃ
નિર્મલનિશ્ચલગગનાકારં
સ્વયમિહં તત્ત્વં સહજાકારમ્ ।

o 'સજન મિલે અવિનાશી...' અહીં પરમ સજનતત્ત્વનું
સજનાવસ્થામાં અકાંત મિલન થાય છે. આ રીતે ત્રણે
માત્રામાં વ્યાપકતા, સમાનતા અને એકતાના શિખરે સર
થાય છે અને જીવનને સંપૂર્ણતામાં જોવાનું શક્ય બને છે.

(૬૩) મણિપૂર ચક્ર વિશુદ્ધ થાય એટલે કાગાસ આવે,
માટે મનરૂપી ચક્રને ચૈતન્ય - સાક્ષીરૂપ અગ્નિ લગાડો.
ચોતરફ આનંદ આનંદ દેખાશે.
મંત્ર ચૈતન્ય સાથે જોડાવે છે.

(૬૪) ગુણી પ્રત્યે ભક્તિ, અગુણી પ્રત્યે કરુણા,
જીવો પ્રત્યે મૈત્રી તથા પાપી પ્રત્યે ઉદાસીનતા જોઈએ.
ધર્મનું મૂળ દયા છે, એટલે
દયાળુ પ્રત્યે ભક્તિ, દયાવિહીન પ્રત્યે કરુણા જોઈએ.
એ જ મળીને મૈત્રી તથા માધ્યસ્થ્ય પ્રગટાવે છે.
આત્મૌપમ્ય દૃષ્ટિ એ બધાનું મૂળ છે, તેમાંથી
કરુણા, ભક્તિ, ઔદાસિન્ય વગેરે શુભભાવો જન્મે છે.

(૬૫) તમે અનંત શક્તિના સ્વામી છો.
તમે તમારામાં રહેલા અનંત પ્રકાશના પ્રતીક છો.
આ પ્રકાશ સાથે શાંતિ કેળવો, આત્મજાગૃતિ કેળવો.
અહંને ચૂરવા માટે અર્હંના એટમબોંબનો ઉપયોગ કરો.
માનવમાં જેટલો અહમ્ વધારે,
તેટલી પોતાને છેતરવાની શક્તિ વિશેષ હોય છે.
અહમ્‌ની પરાકાષ્ઠા ઉપર પહોંચેલા માનવમાં
આત્મવંચના પ્રબળ હોય છે. તેમાંથી છૂટવા માટે
અહંના સ્થાને અર્હંને સ્થાપવો, એ જ એક માર્ગ છે.

(૬૬) સ્નેહપરિણામ, ન્યાયબુદ્ધિ અને ત્રિકરણયોગની
એકતા એ ત્રણ મળીને સામાયિકનો પરિણામ બને છે.
તેને રત્નત્રયી અથવા સમ્યગ્દર્શન-સમ્યગ્જ્ઞાન અને
સમ્યક્ચારિત્ર પણ ઓળખી શકાય છે.

ઉપશમ, વિવેક તથા સંવર એ એનો સમાસ અર્થ છે
અને ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય એ તેનો સંક્ષેપ ભાવાર્થ છે.
ઉત્પાદને આગળ કરવાથી શોક જણાય છે,
વ્યયને મુખ્ય બનાવવાથી હર્ષ જણાય છે અને
ધ્રૌવ્યને આગળ કરવાથી હર્ષ-શોક ઉભય જણાય છે.

(૫૭) સ્વાદ તન બગાડે તથા વાદ મન બગાડે. સ્વાદ-વાદ બંને જીતાય, ત્યારે જ જીવન આબાદ થાય. -<u>અમૃતકુંભ</u>

(૫૮) વેદના સહન કર્યા વિના વ્યક્તિના ગુણો ખીલતા નથી કે તેની આધ્યાત્મિક શક્તિ પણ વિકસતી નથી. માટે દુઃખ ચોક્કસ અંશે ફળદાયી છે. -<u>ફ્રેંચ વિદ્વાન</u>

(૫૯) વેદનાથી પર થવામાં જ સાચી મહાનતા છે.
તમારી વિચાર કરવાની રીત તમારી લાગણીઓ કેળવે
અને શુદ્ધ સાચી વિચારશક્તિ તમને
વેદના સહન કરવામાં કે તેનો પાર પામવામાં મદદ કરે છે.
સહન કરતાં કરતાં ટકી રહેનાર જ આગળ વધે છે.
માંદગી, દુઃખ અને રોગના વિચારોને બદલે
ચૈતન્ય, સુખ અને આરોગ્યના વિચારો જ કરવા ઘટે છે.
જીવનમાં સફળતા મેળવવી હોય તો લાગણીવશ નહિ
પરન્તુ વાસ્તવદર્શી બનવા પ્રયત્ન કરશો તથા
ધ્યેય પાર પાડવા સતત પ્રયત્નશીલ રહેશો.

(૧૦) દોરડામાં સાપને, મૃગતૃષ્ણામાં જલને અને
છીપમાં ચાંદીને જે રીતે આપણે જોઈએ છીએ,
એ રીતની જ આ જગત તરફની આપણી દૃષ્ટિ છે.
અંધારામાં જે સાપ દેખાય છે, તે જ વસ્તુ પ્રકાશમાં
દોરડું દેખાશે અને અંધારાનો સાપ અદૃશ્ય થઈ જશે.
આમ જ્ઞાનદીપ પ્રકટાવો અને જગત અદૃશ્ય થશે. તેના
સ્થાને સારતત્ત્વ એક બ્રહ્મનો સાક્ષાત્કાર થશે. - શિવાનંદ

(૧૧) વર્ણમાળામાં 'હ' અક્ષર

બધા વર્ણોમાં વર્ણ ઔપાધિક નિંદાય છે.
તેના જેમ 'હ' અક્ષરને જ્યારે ઉકાર અને શૂન્યકાર વડે
જોડવામાં આવે છે, ત્યારે તે વર્તમ બને છે, તેથી જ
'હું' કાર ત્યાજ્ય છે. તેના સ્થાને નમસ્કાર ઉપાદેય છે.
નમસ્કાર વડે હુંકારનો નાશ એ જ પરમ પુરુષાર્થ છે.

(૧૨) જ્યાં સુધી સ્વર્ગમાં અસંખ્યાતા અને મોક્ષમાં અનંતા
દ્રવ્ય જિનેશ્વરો વિશ્વમાં વિદ્યમાન છે,
ત્યાં સુધી આ વિશ્વ સદા સુરક્ષિત છે.
ભાવ જિનેશ્વરો એ દ્રવ્ય જિનેશ્વરોનું ફળ છે,
તેથી ભાવજિનેશ્વરોની આરાધનામાં
સર્વે નિક્ષેપોની આરાધના સમાઈ જાય છે.

(૭૩) '<u>નમો'માં સામાયિક - પ્રતિક્રમણ - ભક્તિ</u>

સામાઈયં - દમદંત, સમઈયં - મેતાર્ય,
સમ્મવાઓ - કાલિકાચાર્ય, સમાસ - ચિલાતીપુત્ર,
સંખેવો - પ્રાહ્લાદમા, અનવદ્ય - ધર્મરૂચિ,
પરિજ્ઞા - ઈલાચીપુત્ર, પ્રત્યાખ્યાન - તેતલીપુત્ર.

0 પ્રતિક્રમણ = પાછા ફરવું, પ્રતિચરણ = આચરવું,
પ્રતિસરણ = સાચા રસ્તે જવું, વારણા = આણા પાળવા,
નિવૃત્તિ = ઔષધિ, નિંદા = ચિતારાની પુત્રી,
ગર્હા = પતિમારિકા સ્ત્રી, શોધિ = વસ્ત્ર.

0 કીર્તન - સીતારામ, ચિન્તવન - રાધેશ્યામ,
સેવન - ગૌરીશંકર, વંદન - ગૌતમવર,
ધ્યાન - જયશિવ, લઘુતા - ચકોરચંદ્ર,
સમતા - મયૂરમેઘ, એકતા - સરિતાસાગર.

(૭૪) <u>ચાર પ્રકારનું માનવજીવન</u>

શિક્ષક, રક્ષક, પોષક અને સેવક.
તે સર્વ અનુક્રમે
બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શૂદ્ર તરીકે ઓળખાય છે.

0 તમારે કોઈક પસંદગી કરવાની આવે
અને તમે ન કરો, તો તે પણ એક પસંદગી જ છે.

(74) (a) 'સર્વને ધર્મની પ્રાપ્તિ થાઓ.'
એ ભાવના તીર્થંકર પદ પ્રાપ્ત કરાવે છે.
(b) 'સર્વને ધર્મ માટે અવિરૂદ્ધ અર્થની સિદ્ધિ થાઓ.'
એ ભાવના સર્વાર્થસિદ્ધ પર્યંતના સુખ આપે છે.
(c) 'સર્વને ધર્મ માટે અવિરૂદ્ધ કામસુખ પ્રાપ્ત થાઓ.'
એ ભાવના ચક્રવર્તીના સુખ આપે છે.
(d) 'સર્વને મોક્ષસુખની પ્રાપ્તિ થાઓ.'
એ ભાવના સિદ્ધિપદ - મોક્ષપદ આપે છે.
(e) 'સર્વને સંસાર માટે ધર્મ મળો.'
એ વિચારથી કિલ્બિષ દેવપણું મળે.
(f) 'સર્વને ધર્મનિરપેક્ષ સંસાર સુખ માટે અર્થ મળો.'
એ ભાવના નરકગામી બનાવે છે.
(g) 'સર્વને ધર્મનિરપેક્ષ સંસારના કામ - ભોગ મળો.'
એ ભાવના તિર્યંચગતિ - નિગોદ પર્યંતનાં દુઃખ આપે છે.
(h) 'સર્વને ભોગે મને અર્થ - કામ મળો.'
એ ભાવના જીવને અનંત સંસારી બનાવે છે.
(i) 'સર્વ નિરપેક્ષ કેવળ મને જ મોક્ષસુખ મળો.'
એ ભાવના કુમર્ત્ય ચાંડાલાદિ ગતિમાં જીવને દુઃખ-દુર્ગતિનું કારણ બને છે. - Indrachandra

(૧૬) શં=કલ્યાણ, કર=કરનાર. તે શિવ ખરેખર ભોળાનાથ તથા સદા પ્રસન્ન થનાર છે, તેથી આશુતોષની પણ ઉપમા છે.

कर्पूरगौरं करुणावतारं, संसारसारं भुजगेन्द्रहारं ।
सदा वसन्तं हृदयारविन्दे, भवं भवानिसहितं नमामि ॥

(ભાષાંતર માટે જુઓ પરિશિષ્ટ-૧)

(૧૭) એક અન્ય પ્રાર્થનામાં કહ્યું છે કે:

હે ઇષ્ટ વર દેનાર શંકર!

તમારા સાધનોમાં પોઠિયો, ત્રિશૂલ, મૃગચર્મ, ભસ્મ, સર્પ અને ખોપરીઓ એટલું જ છે, છતાં દેવો તો આપની ભ્રુકુટિના ઇશારાથી અપાયેલી સમૃદ્ધિને ધારણ કરે છે.

વળી કહ્યું છે કે:

આપનું તત્ત્વ હું જાણતો નથી કે આપ મહાદેવ કેવા છો?
પરંતુ આપ જેવા છો, તેવાને મારા નમસ્કાર.
દરિયારૂપી વાસણમાં નીલગિરિ જેટલી શાહી,
કલ્પવૃક્ષની કલમ, પૃથ્વીરૂપી પત્ર અને
સરસ્વતી સાક્ષાત સદૈવ લખતાં રહે,
તો પણ તમારા ગુણોનો પાર ન આવે.
ભગવાન શંકર સંસારના દેવ છે,
કંઠે કાળકૂટ ઝેર છે તેથી નીલકંઠ છે અને રક્ષણહાર છે.

(૭૮) ગૌતમ મહારાજ દ્વારા થયેલા ઉપકારની પાછળ
પણ ભાવના પાર ભગવાનની કાર્ય કરતી હતી.
વિશ્વમાં જે કોઈ જીવોનું કલ્યાણ થાય છે,
તે ભલે તે વ્યક્તિ દ્વારા થતું દેખાય, તો પણ તેની
પાછળ મુખ્ય હેતુ તો તીર્થંકર ભગવાનની
વિશ્વકલ્યાણ માટેની ભાવના જ રહેલી છે.
તીર્થંકર દેવોના આત્મામાં પ્રગટ થતી
ભાવનાના ઉપકાર તળે આવ્યા વિના
કોઈપણ જીવનું આત્મિક કલ્યાણ થતું નથી, તેથી તેઓ
વિશ્વનાથ, વિશ્વબંધુ અને વિશ્વત્રાતા કહેવાય છે.

(૭૯) 'નમો' પદમાં નવધા ભક્તિ રહેલી છે.
નવ પ્રકારના રસોની એ ખાણ છે.
આઠ પ્રકારના પ્રતિક્રમણ, સામાયિક તથા યોગ, છ
પ્રકારના આવશ્યક, પાંચ આચાર, દાનાદિ ચાર ધર્મ,
ત્રણ રત્ન, શ્રુત - ચારિત્ર બે પ્રકારના ધર્મ અને
ધર્મના સઘળા પ્રકાર એકસાથે સંગ્રહિત થઈ જાય છે.
નમો પદ સ્નેહ - વાત્સલ્યનો ભંડાર છે,
પરંતુ તે સ્નેહ અને વાત્સલ્યોયુક્ત ઉપર
સ્નેહ અને વાત્સલ્ય લૌકિક સર્વશ્રેષ્ઠ છે.

(૯૦) ઋષિ મુનિઓએ રાગ-દ્વેષને બાજુએ મૂકીને રાજ ભોગવ્યું હતું, આજે રાગદ્વેષથી રાજ ભોગવાય છે.

(૯૧) ચિતા નિર્જીવને બાળે, ચિન્તા સજીવ મનુષ્યને બાળે.
એનો ઉપાય ચિન્તન જ ન કરવું તે છે.
પરમાત્મામાં નિમગ્ન જીવ જ ચિન્તામુક્ત રહી શકે છે.
ચિન્તાથી વાયુપ્રકોપ, ઉત્સાહની હાનિ અને અકાળ વૃદ્ધાવસ્થા પ્રાપ્ત થાય છે. એનો ઉત્તમ ઉપાય પ્રાચીન યોગવિદ્યા છે.

(૯૨) બ્રહ્મા એ પૂરક, વિષ્ણુ એ કુંભક, મહેશ એ રેચક, ઈડા એ ગંગા, પીંગળા એ યમુના, સુષુમ્ણા એ સરસ્વતી
તથા ત્રિકુટી એ કાશી-પ્રયાગ છે.

(૯૩) ભાંગનો નશો જેમ છાશથી ઉતરે, તેમ સંસાર ભાવનાનાં વિષ ઓંકારના જાપથી ઉતરી જશે.
તન્મય વૃત્તિ તદ્રૂપે સમાધિ અવિચ્છિન્ન છે;
પ્રભુમાં સર્વદા, બધે, અંતર્બાહ્ય અભિન્ન છે.

(૯૪) પદ્માસન પરમ નિર્દોષ છે.
તે ભક્તિ-મુક્તિ બંનેનું કારણ છે.
યોગવિદ્યાનું સર્વાધાર અંગ છે.
પદ્માસનથી સર્વ પ્રકારની ઈષ્ટસિદ્ધિ થાય છે અને
પરમાત્મતત્ત્વમાં તલ્લીન થવાય છે.

(૫) સિદ્ધાસનથી સર્વ રોગ મટે છે, નમ્રતા વધે છે,
૭૨૦૦૦ નાડીઓ વિશુદ્ધ થાય છે.
તેમાં નવીન રક્તનો સંચાર થાય છે.
પ્રભુ સ્મરણમાં દત્તચિત્ત થવાય છે.
મોહક્ષય અને મોક્ષસુખનો લાભ થાય છે.

(૬) ગમે તેટલું બાહ્ય કાર્ય કરો પરન્તુ તમારી માનસિક શક્તિ તૂટી ન જાય તે માટે જાગૃત અવસ્થાની પૌષ્ટિક ખુરાક માટે ભાવનાની મદદથી અતીતમાં ડૂબકી મારી તમારા વ્યક્તિત્વમાં આત્મજ્ઞાનનો આનંદ પ્રકટાવો.

આમ કરવાથી તમારા મનની વેદના, નિરાશા, દુઃખ તથા વિસંવાદિતા ધીમે ધીમે દૂર થતી લાગશે. તમારામાં નિરન્તર અદમ્ય ઉત્સાહનો સાગર છલકાશે.

(૭) સાધકના અંતરમાંથી આનંદ પ્રગટે છે, ત્યારે તેને ભૌતિક આનંદ ફીક્કો લાગે છે. અંદરનું સ્વરૂપ પ્રકટે છે, ત્યારે બાહ્યજીવનની ખરડાયેલી બાજુઓનો આપોઆપ અંત આવે છે, જેમ સૂર્યના પ્રકર્ષ તેજોમય પ્રકાશમાં ટ્યુબ લાઈટોનો પ્રકાશ ફીક્કો લાગે છે તેમ. ભાવનાતીત ધ્યાન કરવા માટે ભાવનાનો નાનો સરખો અંશ પણ કામ લાગે તેવો તો હોવો જોઈએ ને?

સૂક્ષ્મદર્શક યંત્રથી જોતાં ક્યાંયે
પ્રકૃતિ દોષશૂન્ય રજકણ જ જોવા ન મળે તેવી સ્થિતિમાં
માનવ વિચારી ભાવનાતીત ધ્યાન કેવી રીતે ધરી શકે?
માનવીને આત્મચિંતનાનું સાધન જીવન ઊંચું રાખવું હોય તો
તેણે એ સ્વરૂપમાં પુરુષાર્થે પ્રકટ થવું પડે છે. - શ્રીચાર્જી

(૮૮) માનવીને શૂન્ય પ્રકૃતિના ગંદા જીવનમાં રહીને સાધના આનંદ અને શક્તિ મળી શકે તેવી વાતો કરવી તે તેને સરાસર પતન તરફ ધકેલી દેવાની વાત છે. શ્રેય અને પ્રેય એક મ્યાનમાં ન રહી શકે. શ્રેયના માર્ગે જનારને પ્રેય જીવનના તમામ સુખ-પરમાણુનો ભોગ આપવો પડે છે. modern artની જેમ અધ્યાત્મવાદના નૂતન વિચારો માનવીને ગુંચવનારા છેતરનારા અને પતન પંથે લઈ જનારાં છે. - શ્રીચાર્જી

(૮૯) અહિંસા એ સામ પરિણામનું ફૂલ છે.
સંયમ એ સમ પરિણામનું ફૂલ છે.
તપ એ સમ્મ પરિણામનો આવિર્ભાવ છે.
કોમળતા, દાન્તતા અને શાંતતા એ
અનુક્રમે સામ, સમ અને સમ્મ પરિણામરૂપ છે.
માર્ગાનુસારિતામાં પણ જે 'આત્મવત્ સર્વભૂતેષુ' છે,
તે સામ પરિણામ છે.

'માતૃવત્ પરદારેષુ'માં સમપરિણામનો અને
'પરદ્રવ્યેષુ લોષ્ટવત્'માં સમપરિણામનો અભ્યાસ થાય છે.
સતતાભ્યાસ એ સામાયિક છે, વિષયાભ્યાસ સામાયિક છે
અને ભાવાભ્યાસ એ સામાયિક છે.

નમામિ = Thank you = આભાર દર્શન.
ક્ષમામિ = Excuse me = ક્ષમાયાચના.

(૯૦) તા. ૫-૨-૬૯, ગુ-સમાચાર, કાકા-કાલેલકર
મૈત્રીભાવનામાં સમાનતાના પાયા ઉપર બીજાનાં સુખ-દુઃખ સાથે સહાનુભૂતિ કેળવનાર આત્મૌપમ્યભાવ રહે છે. આત્મૌપમ્યભાવ જેમ જેમ કેળવાતો જાય છે, તેમ તેમ હૃદય વિશાળ થતું જાય છે, બીજાની મનોવૃત્તિ સમજવાની આપણી શક્તિ વધે છે તથા અનેક લોકોનાં અનેક જાતનાં દૃષ્ટિબિંદુઓનું એકસામટું આકલન થઈ શકે છે. અહીંથી જ આપણને સમન્વયની વાતો સૂઝવા માંડે છે.
આને પરિણામે આત્મૌપમ્યનો સમભાવ
આપણને આત્મદર્શન સુધી લઈ જાય છે.
મૈત્રીસાધનામાં બાકી બધી સાધનાઓ આવી જાય છે, સમાઈ જાય છે, તેથી જ વૈદિક ઋષિઓએ ગાયું છે કે આપણે બધાં સત્વો પ્રત્યે મૈત્રીની આંખે જોઈશું અને
બધાં સત્વો આપણા પ્રત્યે ભાવ રાખે.

(૯૧) ક્ષમાયાચના અને આભારદર્શનની શિસ્તથી આપણે કશું ખરચવાનું કે ખોવાનું નથી, ઘણું ઘણું પામવાનું છે. શબ્દોની એ પાકી આપ-લેથી સુજનતાનું એક વાતાવરણ અવશ્ય ઊભું થાય છે.

— રસિક ઝવેરી

(૯૨) યોગનું પરમધ્યેય આત્મસાક્ષાત્કાર - બ્રહ્મસાક્ષાત્કાર છે. તેના સાધનરૂપ હઠયોગથી શારીરિક સ્વાસ્થ્ય અને રાજયોગથી માનસિક સ્વાસ્થ્ય સિદ્ધ થાય છે. *સુખ ત્રણ પ્રકારનું છે: સૌથી નીચા પ્રકારનું સુખ શરીરના બહારના અને અંદરના અવયવોથી મળે છે. આનાથી ઊંચા પ્રકારનું સુખ મનથી મળે છે અને સૌથી ય ઊંચું દૈવીસુખ આત્મસાક્ષાત્કારથી મળે છે.* યોગ દ્વારા મનુષ્ય આ ત્રણે ય પ્રકારના સુખનો યોગ્ય અનુભવ કરી શકે છે.

(૯૩) આપણું આ મગજ આપણી ઇચ્છાઓ, વિચારો, લાગણીઓ અને આશાઓનું કેન્દ્ર છે. મગજનો એક ભાગ Cerebrum સેરેબ્રમ કહેવાય છે. ત્યાં આપણી ઇચ્છાશક્તિ, વિચારો અને લાગણીઓ જન્મે અને જાગૃત મન દ્વારા મળેલા છાપો સંગ્રહાય છે. માથાની પાછળ અને સેરેબ્રમની નીચે મગજનો Cerebellum સેરીબેલમ નામનો ભાગ આવેલો છે.

આને લઈ આપણે સમતુલા જાળવી શકીએ છીએ, જે
જ્ઞાનતંતુઓને સૂચનાઓ આપવાની કામગીરી બજાવે છે.
મગજનો ત્રીજો ભાગ medulla oblongata
મેડ્યુલા ઓબ્લોન્ગેટા ઈત્યાદ છે.
આ ભાગ શરીરના અવયવોનું નિયમન કરે છે.
આપણાં હૃદય, પાચનક્રિયાના અવયવો તથા ફેફસાં જેવા
સ્વયંસંચાલિત અવયવોની કામગીરી પર ધ્યાન આપે છે.
મગજનો ચોથો ભાગ તે આપણી કરોડરજ્જુ છે.
ધ્યાનયોગ વડે મગજના આ વિવિધ ભાગોની
કામગીરીમાંની અવ્યવસ્થાને સુધારી શકાય છે.
યોગની વિવિધક્રિયાઓ અને આસનો પણ મગજ
ઉપર અસર કરે છે. આમ ધ્યાનયોગ સૌની માનસિક
તંદુરસ્તી માટે પણ એક ખૂબ જ ઉપયોગી સાધના છે.
(૯૪) શ્રી રામાનુજ વિશિષ્ટાદ્વૈત માને છે. તેઓ અદ્વૈત
બ્રહ્મને વિશેષણ લગાડે છે. તેમના મતે પ્રભુ વિશિષ્ટ
છે. શંકરના માયા-મિથ્યાત્વવાદને તેઓ માનતા નથી. તેઓ
કહે છે: સર્વ બ્રહ્મમય છે પણ અંતર્યામી ઈશ્વર, જીવ
(ચિત્) તથા જડ-જગત (અચિત્), એવા બ્રહ્મના ૩ અંગ છે;
જે બ્રહ્મથી ભિન્ન અને અન્યોન્ય પણ વિલક્ષણ છે.
સૂક્ષ્મ ચિત્-અચિત્ તત્ત્વોમાંથી અનેક જીવ-જગતની

ઉત્પત્તિ છે. સાકાર - સગુણ - વાસુદેવની ભક્તિથી અને કૃપાથી વૈકુંઠ મળે, ત્યાં સામીપ્ય - સાલોક્યાદિ મુક્તિ મળે છે.

આ શ્રી રામાનુજનો વિશિષ્ટાદ્વૈત મત છે.

(૫) શ્રી વલ્લભ સંપ્રદાય કે પુષ્ટિમાર્ગના પ્રવર્તક છે શ્રી વલ્લભાચાર્ય, જે વેદાંતનો કેવલાદ્વૈત નહિ પણ શુદ્ધાદ્વૈત માને છે. વેદાંતમાં માયા વડે બ્રહ્મના અધ્યાસથી સૃષ્ટિની ઉત્પત્તિ માની છે. વલ્લભાચાર્યે માયારહિત શુદ્ધ બ્રહ્મના આવિર્ભાવ - તિરોભાવથી સૃષ્ટિની ઉત્પત્તિ માની છે. જીવ - બ્રહ્મનું ઐક્ય વિવર્તવાદ વડે નહિ પણ અવિકૃત પરિણામવાદ વડે અગ્નિ - સ્ફુલિંગ ન્યાયથી માન્યું છે. જીવ અને બ્રહ્મ એક જ છે એમ નહિ પણ અગ્નિનો તણખો અગ્નિનો અંશ છે તેમ જીવ એ ઈશ્વરનો અંશ છે. માયાના બદલે તેઓ લીલાને માને છે. બ્રહ્મ પોતાની લીલાથી જીવાદિનું સર્જન કરી સાકાર સગુણ શ્રીકૃષ્ણને પરબ્રહ્મ પુરુષોત્તમ માની તેની ભક્તિ કરે છે, જેથી કૃષ્ણની કૃપા થકી ગોલોકમાં જવાય. 'મોક્ષ માટે જરૂરી જ્ઞાન ઈશ્વરાનુગ્રહ વિના થઈ શકતું નથી' એમ કહે છે. પ્રેમલક્ષણા પરાભક્તિથી સાયુજ્ય મોક્ષ મળે છે. વાસ્તવિક રીતે જોતાં ભક્તિ તથા જ્ઞાનમાં ભેદ નથી. તેઓ દૃઢતાથી એમ માને છે કે ભક્તિ વિના જ્ઞાન થઈ શકતું નથી.

(૯૬) 'કસ્મિન્ ખલુ આકાશઃ ઓતશ્ચ પ્રોતશ્ચેતિ |'
અર્થાત્: આકાશ ખરેખર કોનામાં ઓત-પ્રોત છે?
અવિનાશી વિશુદ્ધ અક્ષરબ્રહ્મમાં આ પ્રસિદ્ધ અક્ષરબ્રહ્મ
કોઈએ ભલે ન દેખાય પણ એ બધાને દેખે છે.

Imp એનો અવાજ કોઈને ભલે ન સંભળાય
પણ એ બધાનું સાંભળે છે.
એ અક્ષરબ્રહ્મ ભલે કોઈના ધ્યાનમાં ન આવે
પણ એ બધાનું ધ્યાન રાખે છે.
કોઈ ભલે એને બુદ્ધિ વડે ન જાણી શકે
પણ એ બધાને જાણે છે.
એકંદરે એનાથી જુદો કોઈ જ
દ્રષ્ટા, શ્રોતા, ધ્યાતા કે વિજ્ઞાતા નથી.

આકાશમાં સર્વ અને અક્ષરબ્રહ્મમાં આકાશ વ્યાપ્ત છે.

(૯૭) વેદાંત મતે જ્ઞાનથી જ મોક્ષ થાય છે.
આત્મજ્ઞાન વિના મોક્ષ થઈ શકતો જ નથી પરંતુ
આત્મજ્ઞાનનો પાયો કર્મ, ઉપાસના તથા ભક્તિ જ છે.
જ્ઞાનના અધિકારી થવા કર્મ, ઉપાસના પ્રથમ પગથિયાં છે.
જેમ આરીસામાં મુખ જોતાં તે જો સ્વચ્છ અને
મેલ વિનાનો હોય, તો તેમાં પ્રતિબિંબ પડે છે,

તેમ અંતઃકરણ જો મળ-વિક્ષેપરહિત હોય અર્થાત્
સ્વચ્છ-સ્થિર હોય, તો તે આત્મજ્ઞાનને યોગ્ય થાય છે.
અંતઃકરણનો મળ તે રાગદ્વેષાદિ પાપવૃત્તિરૂપ છે અને
વિક્ષેપ તે ચંચળતારૂપ છે.

કર્મથી પાપવૃત્તિ મટી અંતઃકરણ શુદ્ધ થાય છે.
તે માટે કર્મ આવશ્યક છે. ચંચળતા ઉપાસનાથી મટે છે.
કર્મ અને ઉપાસનાની સાથે તત્ત્વવિચાર ઉમેરવામાં
આવે, તો ધારેલો હેતુ પાર પાડવાનું સુગમ બને છે.

(૯) કર્મના બે ભેદ છે: વિહિત અને નિષિદ્ધ.
નિષિદ્ધ એટલે પાપકર્મ તો કદી કરવાનાં છે જ નહિ.
વિહિતના ૪ ભેદ: નિત્ય, નૈમિત્તિક, કામ્ય તથા પ્રાયશ્ચિત.
વિહિતકર્મોમાં યજ્ઞ (પૂજા), દાન અને તપ મુખ્ય છે.
તે કર્મો ફલેચ્છારહિત, નિષ્કામપણે તથા ઈશ્વરાર્પણ બુદ્ધિએ
અંતઃકરણની શુદ્ધિ થતાં સુધી નિત્ય અવશ્ય કરવા
જોઈએ, એમ ગીતાના ૧૮માં અધ્યાયમાં બોધ કર્યો છે.
સકામ કર્મ બંધનનાં હેતુ છે, તેથી જન્મ-મરણ વધે છે,
માટે ત્યાજ્ય છે. કર્મના બીજી રીતે ત્રણ ભેદ છે:
સંચિત, પ્રારબ્ધ અને ક્રિયમાણ (આગામી). સંચિત અને
ક્રિયમાણનો નાશ જ્ઞાનના અપરોક્ષે તત્કાળ થાય છે.

ક્રિયમાણ કર્મ કર્તાપણા અને ભોક્તાપણાના અભિમાન-
રહિત થઈ કરવામાં આવે, તો તે બંધનકર્તા થતાં નથી.
પ્રારબ્ધકર્મનાં ફળ ભોગવવાં જ પડે છે.
ભોગ વિના તેનો નાશ થતો જ નથી.
સુખ-દુઃખ પ્રારબ્ધકર્મનાં ફળ છે. તે ભોગવવા માટે જ
આ દેહ બંધાયો છે અને જન્મ થયો છે.
પ્રારબ્ધકર્મનાં ફળનો ભોગ પૂરો થાય,
ત્યારે જ આ દેહની સાથે જ તેનો ક્ષય થાય છે.
જ્ઞાની - અજ્ઞાની સૌએ પોતાના
પ્રારબ્ધકર્મના ફળ તો ભોગવવા જ પડે છે.

(૯૯) પ્રારબ્ધવાદીઓ કહે છે કે:
બધું પ્રારબ્ધ પ્રમાણે જ થાય છે.
પ્રારબ્ધ મુજબ જીવને સારાં-માઠાં ફળો ભોગવવા જ પડે.
તેમાં પુરુષ પ્રયત્નનો કોઈ અવકાશ જ નથી.
એ સંબંધમાં વેદાંતનો નિર્ણય એ છે કે
પોતાનાં કર્મ અને પુરુષકારથી જ પ્રારબ્ધ બંધાય છે.
પ્રારબ્ધ કાંઈ સ્વતંત્રપણે ઉત્પન્ન થતું નથી.
તેને મનુષ્ય પોતાનાં કર્મ કે પુરુષાર્થથી ઉત્પન્ન કરે છે.
પ્રારબ્ધ સ્વયં પાંગળું છે,
તેને કર્મ અને પુરુષાર્થ ચલાવે છે.

અહીં પ્રકરણના કર્મ: ઇષ્ટાનિષ્ટ, મિશ્ર અને શુભાશુભ.
શુભ કર્મથી દેવનો દેહ, અશુભ કર્મથી તિર્યંચનો દેહ
અને મિશ્ર કર્મથી મનુષ્યનો દેહ પ્રાપ્ત થાય છે.

સુખ-દુઃખ આપનાર બીજું નહિ પણ સ્વકર્મ જ છે.
'કોઈ બીજાથી સુખ-દુઃખ થાય છે.'
એમ માનવું અજ્ઞાન છે. એથી લોકોએ શુભકર્મ કરવા
માટે પુરુષ પ્રયત્નની કેટલી આવશ્યકતા છે, તે સમજાશે.

(૨૦૦)મોક્ષની પ્રાપ્તિ માટે તમોગુણ તથા રજોગુણ ઘટાડી
સત્ત્વગુણનો વિકાસ કરવો જોઈએ.
સાત્ત્વિક વૃત્તિ તે દૈવીસંપત્તિ છે.
રજો-તમોગુણી તે આસુરીસંપત્તિ છે.
સત્ત્વગુણની વૃદ્ધિ, દૈવીસંપત્તિની પ્રાપ્તિ અને આસુરી
વૃત્તિનો નાશ પ્રારબ્ધથી નહિ પણ પુરુષાર્થથી થાય છે.
જ્ઞાનનાં બહિરંગ સાધનો કર્મ-ઉપાસનાદિ છે.
અંતરંગ સાધનો વિવેક-વૈરાગ્ય આદિ સાધનચતુષ્ટય
અને શ્રવણ-મનનાદિ સર્વ પુરુષ પ્રયત્નથી જ સાધ્ય છે.
મોક્ષ માટે આવશ્યક તત્ત્વવિચાર,
વાસનાક્ષય, મનોનાશ આદિ પણ પ્રયત્નસિદ્ધ છે,
તેમાં પ્રારબ્ધ કાંઈ કરી શકતું નથી.

પ્રારબ્ધનું કાર્ય તો
નિષ્કામ ભાવથી સુખ-દુઃખનો ઉપભોગ કરવો તે જ છે.
આત્મજ્ઞાન તથા તેનાં સાધનોની ઉપલબ્ધિ પ્રયત્નસાધ્ય છે.

(૨૦૧) જ્ઞાન પ્રાપ્ત થયા પછી પણ બે માર્ગ છે:
એક સંન્યાસ ભાવના અને બીજો નિષ્કામ કર્મમાર્ગ.
ગ્રાહ્ય - પદાર્થોથી નિઃસંગ તથા અનાસક્ત થઈ કેવળ
આત્મચિંતનમાં આયુષ્ય પૂર્ણ કરવું તે પ્રથમ માર્ગ છે.
સ્વાર્થબુદ્ધિરહિત થઈ, સર્વને વિષે સમાન ભાવવાળા રહી,
સર્વનું હિત અને કલ્યાણ થાય, તેવાં કર્મો કર્તવ્યધર્મ
સમજી ઈશ્વરાર્પણ બુદ્ધિથી મરણપર્યંત કર્યે જ જવાં.
નિષ્કામ બુદ્ધિથી કરાયેલાં પરોપકારનાં
સર્વ કાર્યોથી પણ મોક્ષપ્રાપ્તિ સુલભ બને છે.
જેમનો વૈરાગ્ય દૃઢ છે, રજોગુણ નાશ થયો છે,
સર્વથી, ઉપરતિ પ્રાપ્ત થઈ છે,
તેમને માટે સંન્યાસ ભાવનાનો પ્રથમ માર્ગ છે.
જેમનામાં લોકકલ્યાણ કરવાનું સામર્થ્ય છે,
તેમને માટે નિષ્કામ કર્મનો બીજો માર્ગ છે.

(૨૦૨) આત્મજ્ઞાન પ્રાપ્ત કરવામાં
કર્મ, ભક્તિ અને ઉપાસના નિશ્ચયે ઉપયોગી છે.

વેદોમાં પણ કર્મકાંડ, ઉપાસના કાંડ અને જ્ઞાનકાંડ -
એમ ત્રણ વિભાગ કરેલાં છે.
જેનો જેવો અધિકાર, તેને તે પ્રમાણેનો માર્ગ લેવો.
બધા એકસરખા અધિકારના હોતા નથી.
કોઈ પામર, કોઈ વિષયી, કોઈ જિજ્ઞાસુ, કોઈ મુક્ત -
એ પ્રમાણે મનુષ્યોના ભેદ છે.
સૌએ અધિકાર પ્રમાણે માર્ગ પકડીને
જીવ - બ્રહ્મની એકતારૂપ જ્ઞાનનું સંપાદન કરવાનું છે.
વૃત્તિ અને વર્તન પણ તદનુરૂપ રાખવાના છે.
'જીવ - બ્રહ્મૈક્ય જ્ઞાનથી જ મોક્ષની સિદ્ધિ છે'
એવો વેદાંતનો સ્પષ્ટ નિર્દેશ છે.
(૯૦૩) સર્વ પ્રાણી - પદાર્થોમાં એક જ ઈશ ગુપ્તપણે
રહેલો છે. તે નિર્ગુણ - નિરાકાર છે, છતાં અનેક આકાર
- રૂપરંગવાળા ઈશ્વરદેવની પૂજા અને આરાધના થાય છે.
ચાર હાથવાળા વિષ્ણુ, ત્રણ નેત્રવાળા શિવ,
સૂંઢવાળા ગણપતિ, આઠ હાથવાળી દેવી -
એવી મૂર્તિઓનું પૂજન અને આરાધના કરી છે
અને તે જ બ્રહ્મ છે એમ પણ કહ્યું છે.
બ્રહ્મ તો એક અને અદ્વિતીય છે.

દેવદેવતાઓ માયાકૃત કારણ ઉપાધિ કાર્યબ્રહ્મ કહેવાય છે.
તેમનું કારણ પણ બ્રહ્મ છે. એટલે, અવ્યક્ત, સૂક્ષ્મ
કારણ બ્રહ્મનું જ્ઞાન મંદબુદ્ધિમાં તો ઉતરી શકે નહિ,
તેથી જ તેમને માટે
અનેક આકારનાં, સ્થૂલ, મૂર્ત દેવદેવતાઓની કલ્પના છે.
તેમાં હેતુ એ છે કે મંદબુદ્ધિવાળા પણ
આકારવાળા ઈશનું ધ્યાન બ્રહ્મરૂપે કરી શકે અને
એ રીતે ધીમે ધીમે સ્થૂલ ઉપરથી
સૂક્ષ્મ - નિરાકાર બ્રહ્મનું જ્ઞાન પ્રાપ્ત કરી શકે.
ધ્યાન અને ઉપાસના માટે જ મૂર્તિનું પ્રયોજન છે.
મૂર્તિપૂજન એ મૂર્તિ દ્વારા બ્રહ્મની જ ઉપાસના છે.
જેઓ નિરાકાર, નિર્ગુણ, અવ્યક્ત બ્રહ્મનું ધ્યાન કરી શકે,
તેમને મૂર્તિનું પ્રયોજન નથી.
મૂર્તિપૂજાની નિંદા કરનારા સુધારકોએ શાસ્ત્રકારોનો એ
હેતુ ધ્યાનમાં લઈ, વાદ-વિવાદ છોડી દઈ કલહ શમાવવો.
(૧૦૪)ઉત્તમ અધિકારીએ તત્ત્વદૃષ્ટિએ વેદાંતનો વિચાર કરી
બ્રહ્મ અને આત્માની એકતાનું જ્ઞાન પ્રાપ્ત કરવું
તે પ્રથમ માર્ગ છે. એ પ્રમાણે કરવાનું સામર્થ્ય ન હોય
તેવા મધ્યમ અધિકારીએ સગુણ-સાકાર બ્રહ્મને ભજવા

નિષ્કામબુદ્ધિ નિરાકાર બ્રહ્મની ઉપાસના સાકાર કરશે.
ઉપાસના, ભક્તિ, ધ્યાન, સમાધિ એકાર્થક સમજવાં જોઈએ.
એમ કરવા અવલંબનની જરૂર લાગે તો
શબ્દબ્રહ્મ જે ઓંકાર છે, તેનું ધ્યાન કરવું જોઈએ.
ઓંકાર સ્વયં શબ્દબ્રહ્મ છે અને પરબ્રહ્મનું પ્રતીક છે.
એમ કરવામાં જે મંદ હોય, તેમણે અકૃતિ
સાકાર બ્રહ્મનું પણ ધ્યાન ન કરી શકે તેવા હોય,
તેણે ઈશ્વરાર્પણ બુદ્ધિ નિષ્કામ કર્મયોગ ગ્રહણ કરી
શાસ્ત્રોક્ત દાન, તપ, યજ્ઞાદિ કર્મ કરવાં જોઈએ.
સ્નાન, સંધ્યા, દેવપૂજન, જપ આદિ
નિત્ય કર્મો તેમાં જ આવી જાય છે.
વ્રત, ઉપાસના, તીર્થયાત્રાદિ તપ છે.
એ સર્વ સાધનો અંતઃકરણની શુદ્ધિ માટે છે, જે
ઈશ્વરાર્પણ બુદ્ધિ અને લોકસંગ્રહના ઈરાદે થવાં જોઈએ.
અન્યના હિત માટે શાસ્ત્રોક્ત કર્મ થાય, તેમાં નિષ્કામતા
સાથે ઈશ્વરાર્પણ રહેલું છે, તેથી અંતઃકરણ નિર્મળ બને.
જેઓ એથી પણ મંદબુદ્ધિનાં હોય,
તેમણે ફલેચ્છાસહિત શાસ્ત્રોક્ત સકામ કર્મ કરેલાં છે,
તે પણ પરંપરાએ શુદ્ધિનું કારણ છે.

સ્ત્રીઓનું કાંઇપણ ન કરે અને કેવળ ભોગપરાયણ રહે, તે પામર જીવોના ઉત્કર્ષ માટે કોઈ ઉપાય છે જ નહિ.

પામર, વિષયી, જિજ્ઞાસુ અને મુક્ત

આ ચાર પ્રકારના જીવોનો ભિન્ન ભિન્ન અધિકાર સમજી સ્વયોગ્યતાનુસાર ધર્મ કરવામાં તત્પર બનવું જોઈએ.

(૨૦૫)જન્મદાતા માતા-પિતા, વિદ્યા અધ્યયન કરાવનાર આચાર્ય, અન્નદાતા, ભયથી ત્રાતા આદિની પૂજા એટલે આજ્ઞાપાલન, સેવાશુશ્રૂષાદિ ગુરુવર્ગમાં સમાવેશ પામે. આચાર્ય એટલે શાસ્ત્રના પરમાર્થ તત્ત્વને જાણનાર, સમગ્ર પ્રજાને સદાચારમાં પ્રવર્તાવનાર, પોતે પણ સદાચરણથી વર્તનાર આપ્ત પુરુષ. તે આચાર્યપદથી વ્યવહાર્ય છે.

'આપ્ત' એટલે સ્વપરની વંચના ન કરનાર, પક્ષપાતરહિત, હિતાહિતનો યથાવત્ ઉપદેશ આપનાર. 'પંડા' એટલે તત્ત્વબુદ્ધિ. વેદ શાસ્ત્રાદિ વિચાર દ્વારા જેને તેવી પંડા પ્રાપ્ત થઈ હોય, તે પ્રાજ્ઞ ગણાય. તેવા પુરુષોને યથાશાસ્ત્ર-યથાશક્તિ પ્રણામ-શુશ્રૂષાદિ કરવા તે પૂજા.

(૨૦૬)શરીરની શુદ્ધિ તે બાહ્યશૌચ અને અંતઃકરણની રાગદ્વેષાદિ દ્વંદ્વરહિતતા તે અભ્યંતર શૌચ છે.

આર્જવ = સરળતા.

વિહિતકર્મ પ્રવૃત્તિ - નિષિદ્ધથી નિવૃત્તિ તે શારીર આર્જવ.
વચનોમાં કુટિલ શબ્દનો અપ્રયોગ તે વાચિક આર્જવ.
મનમાં કુટિલ વિચારનો અસંચાર એ માનસ આર્જવ.

## બ્રહ્મચર્ય એટલે...

સ્ત્રીનું સ્મરણ, ગુણકથન, ક્રીડા, પ્રેક્ષણ, ગુપ્તવાર્તા, વિષયભોગનો સંકલ્પ, સમય અને સ્થાનનો સંકેત તથા વિષયભોગ- એ આઠ પ્રકારના મૈથુનનો અભાવ. પરસ્ત્રી તથા નિષિદ્ધ તીથ્યાદિના ત્યાગીને અને માત્ર ઋતુકાળે જ સ્વસ્ત્રીગમન કરનારને બ્રહ્મચારી કહ્યો છે, તે ગૌણ પ્રયોગ છે, કેમકે યોગદર્શનમાં કહ્યું છે કે: બ્રહ્મચર્યપ્રતિષ્ઠાયાં વીર્યલાભઃ । બ્રહ્મચર્યથી સગુણ મનુષ્યને સર્વ પ્રકારના કર્મ કરવાનું અને નિર્ગુણ મનુષ્યને કામરૂપ શત્રુનો જય કરવાનું સામર્થ્ય મળે છે. બ્રહ્મચારીને દેવની ઉપમા છે, કારણકે કામજય દ્વારા દેવત્વાદિ પ્રાપ્તિની યોગ્યતા પ્રાપ્ત થાય છે. આરોગ્યયુક્ત દીર્ઘાયુષ્યનું સાધન તથા પરમ શ્રેષ્ઠ તપ પણ પૂર્વોક્ત બ્રહ્મચર્ય જ છે. કોઈપણ કાળે, કોઈપણ દેશમાં, કોઈપણ પ્રયોજન માટે, કોઈપણ પ્રાણીને પીડા ન કરવારૂપ મહાવ્રત તે અહિંસા છે.

(૨૦૭) કોઈના મનને ઉદ્વેગ ન થાય તેવું શાસ્ત્ર પ્રમાણપૂર્વક,
સાંભળનારને સુખ ઉપજે તેવું અને
પરિણામે સુખજનક હિતકર વચન તે વાચિકનું તપ છે.
વેદ - શાસ્ત્રાદિનું પરિશીલન તે પણ વાઙ્મય તપ છે.
મનઃપ્રસાદ = મનની નિર્મળતા અથવા
વિષય ચિન્તનરૂપ વ્યાકુળતાનો અભાવ.
સૌમ્યત્વં = સર્વનું હિતચિન્તન અને
પરદ્રોહાદિ નિષિદ્ધ ચિન્તનનો અભાવ.
મૌન = વ્યર્થ વાગ્વ્યાપારથી વિમુખતા.
મુનિભાવ = એકાગ્રતાપૂર્વક નિદિધ્યાસન કે આત્મચિન્તન.
આત્મવિનિગ્રહ = અંતઃકરણની સાત્ત્વિક, રાજસિક, તામસિક
વૃત્તિઓના નિરોધરૂપ અસંપ્રજ્ઞાત સમાધિ.
ભાવસંશુદ્ધિ = હૃદયનિર્મળતા, કામક્રોધાદિ મળની નિવૃત્તિ.
કપટરહિતતા = પૂર્ણ શ્રદ્ધા અને નિષ્કામતાથી
ત્રણે પ્રકારનું તપનું સેવન હોવું જોઈએ.
(૨૦૮) બે પ્રકારનું જ્ઞાન : પરોક્ષ તથા અપરોક્ષ.
પરોક્ષ જ્ઞાન = શાસ્ત્ર અને ગુરુ દ્વારા નિશ્ચય કરવો કે
પરમાર્થ તત્ત્વરૂપ પરમાત્મા છે.
અપરોક્ષ જ્ઞાન = અનુભવ કરેલા પરમાત્મસ્વરૂપનો

મનન - નિદિધ્યાસન દ્વારા પ્રત્યક્ષ આત્મા એટલે કે સ્વસ્વરૂપ સાથે અભેદ સાક્ષાત્કાર કરવો તે.

## સાત્ત્વિક - રાજસ - તામસ

૩ પ્રકારના જ્ઞાનની વ્યાખ્યા નીચે મુજબ છે:

(૧૦૯) સાત્ત્વિક જ્ઞાન : ઈશ્વર, હિરણ્યગર્ભ, વિરાટ આદિ તથા મનુષ્ય-પશુ-પક્ષી આદિ વિવિધ પ્રકારનાં પ્રાણીઓમાં અવ્યય (નાશરહિત), અવિભક્ત (ભેદરહિત), એકરસ (અદ્વિતીય), પરમાર્થ, સદ્રૂપ, સ્વયંપ્રકાશ, આનંદઘન આત્માનો વેદાંત વાક્ય વિચારથી ઉત્પન્ન થયેલ અંતઃકરણ વૃત્તિવિશેષ કે તત્પદ રૂપે સાક્ષાત્કાર થાય છે તથા નિરોધ સમાધિ વડે ત્વંપદ લક્ષ્યતત્ત્વનો સાક્ષાત્કાર થતાં બંનેની એકતાને ગોચર કરનારી 'તત્ત્વમસિ' આદિ વેદાંત વાક્ય વિચારથી જન્ય નિર્વિકલ્પ સાક્ષાત્કારરૂપ 'બ્રહ્મવિદ્યા' નામક વૃત્તિ ઉદ્ભવે છે, ત્યારે આવરણભંગ દ્વારા કાર્યસહિત મૂળાવિદ્યાની નિવૃત્તિ થતાં બ્રહ્મસુખના સાક્ષાત્કારરૂપ જે અનુભવ, તે જ સાત્ત્વિક જ્ઞાન સમજવું.

(૧૧૦) રાજસ જ્ઞાન : ભેદથી પ્રતીત થતાં સર્વ પ્રાણીઓમાં પ્રત્યેક દેહના સુખ-દુઃખાદિ તારતમ્યથી પરસ્પર વિલક્ષણ આત્મબુદ્ધિને ઉત્પન્ન કરતું જ્ઞાન, એ રાજસ જ્ઞાન છે.

(૨૨૨) તામસ તપ : નિઃસંગ અને કૂટસ્થ આત્માને
સસંગ અને વિકારી સમજવો તથા
અનાત્મવસ્તુમાં આત્મબુદ્ધિ થવી, તે તામસ તપ છે.

(૨૨૩) જેમ અવિરતિના આસ્રવથી બચવા માટે વ્રત, નિયમ, પચ્ચક્ખાણની આવશ્યકતા છે, તેમ મિથ્યાત્વના આસ્રવથી બચવા માટે જ્ઞાનીઓની કરૂણા પ્રત્યે ભક્તિ અને અજ્ઞાનીઓની અજ્ઞાનતા પ્રત્યે કરૂણા અનિવાર્ય છે. તે થાય તો જ જીવાદિ તત્ત્વોનો બોધ સાર્થક થાય છે.

સમ્યગ્દર્શનથી મિથ્યાત્વ રોકાય છે અને
ભક્તિ તથા કરૂણા, મૈત્રી અને પ્રમોદ, ઉપેક્ષા તથા માધ્યસ્થભાવ કેળવવાથી આત્મામાં સમ્યગ્દર્શન ટકે છે.

સમ્યગ્દર્શનનું લક્ષણ

પુદ્ગલ પ્રત્યે વિરાગ અને જીવો પ્રત્યે અનુરાગ છે.
વિષયનો વિરાગ, કષાયનો ત્યાગ, ગુણનો અનુરાગ અને સત્ક્રિયામાં અપ્રમાદ એ વિશુદ્ધ ધર્મનું શુદ્ધ સ્વરૂપ છે. જે વિરાગ અને ત્યાગથી સદ્ગુણોનો વિકાસ અને સદાચારોનું નિર્માણ ન થાય, તે વિરાગ અને ત્યાગ નામમાત્ર છે. તાત્ત્વિક ત્યાગ અને વિરાગ, જીવો પ્રત્યે અનુરાગ અને જડ પદાર્થો પ્રત્યે વિરાગને સૂચવે છે અને તે બધાનું મૂળ સમ્યગ્દર્શન છે.

(૨૨૩) સમ્યગ્દર્શન એટલે અરિહંતો, સિદ્ધો, સાધુઓ
અને દયામૂલક ધર્મ પ્રત્યે અનુરાગ છે.
તેને એક શબ્દમાં કહેવું હોય તો
સમસ્ત સત્ત્વવિષયક સ્નેહપરિણામ છે.
એ સ્નેહપરિણામ સમસ્ત સત્ત્વવિષયક હોવાથી તેમાં
યથાર્થ જ્ઞાન, યથાર્થ રુચિ અને યથાર્થ વર્તન છુપાયેલાં છે.
યથાર્થ જ્ઞાન-રુચિ-વર્તન અરિહંતાદિના અનુગ્રહથી પ્રાપ્ય છે,
કેમકે તે ત્રણે વસ્તુ તેઓમાં રહેલી છે.
જેનામાં જે વસ્તુ રહેલી હોય, તેની તે ગુણ માટે થતી
ઉપાસના એ અવશ્ય સિદ્ધિને આપે છે.
તાત્ત્વિક કાર્ય-કારણનો નિયમ ત્યાં કાર્ય કરે છે.
સિદ્ધિને પામેલાને કારણ બનાવવાથી જ
સિદ્ધિનું કાર્ય સહજ બને છે.
સર્વ કારણોમાં પ્રધાનકારણ સિદ્ધિ પામેલાનું પ્રણિધાન છે.

(૨૨૪) પુદ્ગલ તરફથી આત્મતત્ત્વ તરફ વળવાના ૮ ઉપાયો:
આદર, બહુમાન, રુચિ, વીર્ય,
રમણતા, તન્મયતા, તદ્રૂપતા અને એકત્વતા.

o દયાદીવેલ પ્રેમ પરણાયું લાવો,
માંહી સુરતાની દિવેટ બનાવો,
માંહી બ્રહ્મ અગ્નિને ચેતાવો રે. -રણછોડ

(૨૨૫) સાચો મિત્ર ભલે જીવનભર આપણા દોષો છુપાવે પણ તે આપણી નજરે તો લાવે જ. - સેનેકા

(૨૨૬) જગતમાં ગમે ત્યાં જાઓ, તો પણ જીવનની ઉપાધિ તો સાથેને સાથે જ રહે છે. માટે ઘોંઘાટ, આપત્તિઓ અને વિપરીત પરિસ્થિતિની વચ્ચે જ સૌએ સત્યની પ્રતીતિ કરી લેવા જોઈએ. ઉદાહરણ તરીકે : પાણી અને રેંટ.

(૨૨૭) જવામાં અમાસનો અંધકાર છે અને આવવામાં પુનમની ચાંદનીની પરમ શીતળતા છે.

એક દિવસ માટે પણ જીવનના આનંદ કે સુખ માટે જીવન જીવવા જશો, તમે કાંઈક જુદા જ બની જશો. તમે તમારું જીવન તમારા માટે જીવવાનું ત્યજી દો. કાં તો તમારા જીવનને પ્રભુના ચરણે સમર્પિત કરી દો અથવા લોકાનુગ્રહ માટે જીવન કુરબાન કરી દો. આ બે માર્ગે જ તમે તમારા મનની કંઈક અણુમાત્ર જરૂરતને ખાલીખમ લાગશે નહિ. આ નહિ હોય તો પ્રભુસ્મરણ, સંતોષ, સત્કર્મ, તપ, ત્યાગ કે સત્સંગ પણ ચિત્તને શાંતિ નહિ આપી શકે.

(૨૨૮)'कलहान्तानि हर्म्याणि ।' 'कलहशांतं च मंदिरम् ।'

પરિવારનો અંત કળશમાં અને
મંદિરની સમાપ્તિ કળશમાં થાય છે.
ગ્રંથના અંતિમ અધ્યાયને પણ કળશનું નામ અપાય છે.
કળશ સદા ય ધાન્ય ઉપર સ્થાપિત થાય છે.
એથી એમ સૂચિત કરાય છે કે
અનાજ એ માનવ દેહના આધારભૂત તત્ત્વ છે.
'અન્નમય પ્રાણ - પ્રાણમય પરાક્રમ' જાણીતી ઉક્તિ છે.
કળશનો આશય છે જીવનરૂપ જળ અને
પ્રાણરૂપ જ્યોતિ ધારણ કરનારો સુઘટિત દેહ.
સર્વ સંતસમુદાયે દેહને માટીના ઘડાની ઉપમા આપી છે.
શરીર પવિત્ર છે, ઉત્તમ - દર્શનીય છે પણ તે ક્યાં સુધી?
દેહરૂપી ઘડામાં જીવનરૂપી જળ અને
પ્રાણરૂપી જ્યોતિ મૌજુદ છે, ત્યાં સુધી.
નિષ્પ્રાણ જીવન મૂર્તિ વગરના મંદિર જેવું છે,
તે અભદ્ર અને અમંગળ છે.
માનવ શરીરનું મુખ્ય તત્ત્વ પ્રાણ છે.
પ્રાણનું અસ્તિત્વ છે, ત્યાં સુધી
શરીરરૂપી ઘડો સુંદર દેખાય છે, મંગળમય દેખાય છે.
પ્રાણને અર્કની સંજ્ઞા છે. અર્ક એટલે વંદનીય - પૂજનીય.

પ્રભુ એ સ્વયં વંદનીય - પૂજનીય છે અને
તે પોતાના અધિષ્ઠાનને પણ પૂજનીય બનાવે છે.
દેહને મંદિર બનાવો, તેમાં આત્મારૂપી પ્રભુને બેસાડો
અને જીવનની કૃતાર્થતાનો કળશાધ્યાય લખીને
જીવનરૂપી ગ્રન્થની સમાપ્તિ કરો. આ રીતે ભારતીય
સંસ્કૃતિનું પ્રત્યેક કળશ ઘણું ઘણું કહી જાય છે.
આપણે તેમાંથી પ્રેરણા લઈશું ?

(૧૧૯) મરણં પ્રકૃતિઃ શરીરીણાં, જીવનં વિકૃતિરુચ્યતે।
મરણ એ દેહધારીઓની પ્રકૃતિ છે, જીવન એ વિકૃતિ છે.
શહેરના મુખ્ય સ્મશાનમાં કોઈ દિવસ હડતાળ નહિ,
એક ય ચિતા ન સળગી હોય એવો કોઈ દિન હોતો નથી.
દેહને ક્ષણભંગુર કહેવામાં આવે છે, એ સાચું જ છે.
મરણ પામનાર એની ન્યાતિમાં જેમ વધુ
સુખી અને સમૃદ્ધ, તેમ તેની પાછળ જંજાળ વધારે.
ઘર - બાર, વાડી - વજીફો, બાગો, બેંક બેલેન્સાદિ
અનેક પ્રકારનો સંસારનો પથારો
પાછળ રહેનારને સમેટવાનો સાચવવાનો હોય જ છે.

(૧૨૦) આત્મસ્વભાવમાં સ્થિર થવું અને
અન્યને સ્થિર બનાવવા એ ભાવસમાધિ છે.

કોઈપણ દીન - દુઃખીને જોઈને
અનુકંપા ઉત્પન્ન થવા, તે દ્રવ્યસમાધિ છે.
'અનુકંપા દીનાદિકની જે કરી જ, તે કહિયે દ્રવ્યસમાધિ;
સારણાદિક કરી ધર્મે સ્થિર કરે જ, તે ભણિયે ભાવસમાધિ.'
(૯૨૨) જે જીવો પોતાના ઈષ્ટદેવની ઉપાસના વિનાના છે,
તેમને 'અશરણ' કહેવામાં આવે છે, કારણકે
તેઓ કોઈના સેવક બનતા નથી.
વળી તેઓ જ્ઞાન - ભક્તિ - વૈરાગ્ય વિનાના રહે છે,
તેથી આ ભવસાગરમાં ભટક્યા કરે છે.
જે મનુષ્યો અન્ય સ્વાર્થે પોતાના ઈષ્ટથી વિમુખ છે,
તેમને હજારો વાર ધિક્કાર છે, કારણકે અનેક જન્મોના
અંતે પ્રાપ્ત થયેલ માનવદેહને તેઓ હારી જાય છે.
પોતાના સર્જનહારે આપેલા તન - મન - ધનને પોતે
ભોગવે છે અને કર્તાને ભૂલીને વિશ્વમાં વિચરે છે.
કર્તાની આપેલી સર્વ સમૃદ્ધિ ભોગવે છે, છતાં તેને યાદ
કરતો નથી, તેથી તું કૃતઘ્ની - લંપટ - લુચ્ચો કે નીમકહરામી છે.
તે ગુનાની શિક્ષા ભયંકર છે.
જેની સમૃદ્ધિનો ઉપયોગ કરે, તેની સ્તુતિ - પ્રાર્થના
જેના જીવનમાં નથી, તે કુદૃષ્ટિવાળો કર્તાને ભોગવવા
પ્રયાસ કરે, તે વ્યર્થ છે.

કર્તાને ઠગીને ક્યાં જશે ?

રોમ-રોમ અને રગે-રગને તે જાણે છે.

<u>ઈશ્વરના શરણ વિના જીવ સ્વચ્છંદી બને છે, તેને સત્ય-ન્યાયનું પૂર્ણ આ વિશ્વમાં કોઈ ઉત્તમ રક્ષણ છે નહિ.</u>

ભક્તિ, જ્ઞાન અને વૈરાગ્ય કેળવ્યા વિના

માનવજીવનને સફળ કરવું અશક્ય છે.

(૨૨૨) જ્ઞાન સંપ્રદાયના આચાર્ય શાંતિદાસજી કહે છે કે: માનવદેહ એક વાંસ જેવો છે. જ્યાં સુધી માનવ તેને વગાડે છે, ત્યાં સુધી તેમાંથી મધ્યમ પ્રકારના સૂરો નીકળે છે. જ્યારે આદેશથી વાંસ તેના ઉત્પાદક-ઈશ્વરના હવાલે કરી દેવામાં આવે છે, ત્યારે જ તેમાંથી દિવ્ય સૂરો અને અમૃતવાણીનો ઝરો વહેવા માંડે છે.

(૨૨૩) વિશ્વનો શ્વાસ વિશ્વાસ છે.

વિશ્વાસ ગુમાવનાર ખુદ પોતાનો શ્વાસ-જાન ગુમાવે છે.

વિશ્વાસનું રક્ષણ સત્ય વાણીથી થાય છે.

(૨૨૪) બાહ્યરોગ અને બાહ્યસુખની અપેક્ષા

માનસરોગ અને અભ્યંતરસુખ દુઃસાધ્ય છે.

એક બાહ્યસુખમાં - બીજું પારમાર્થિક સાધનામાં બાધક છે.

એમ બાહ્યરોગ વૈદ્ય - ડૉક્ટરો દ્વારા દૂર થાય છે,

અભ્યંતરરોગ સદ્ગુરુવૈદ્ય દ્વારા દૂર થાય છે,

એ રીતે બાહ્યગ્રહણ એ બાહ્યધન દ્વારા નહિ,
અભ્યંતરગ્રહણ દૈવીસંપત્તિ દ્વારા દૂર થાય છે.
માનસરોગનું ઔષધ આત્મલાભ છે.
અભ્યંતર ગ્રહણનો પ્રતિકાર નિષ્કામ પ્રેમ છે.
ભાનપૂર્વક જે સ્વમાં સ્થિત છે, તે સ્વસ્થ છે અને
પરપદાર્થમાં નિઃસંગ છે, તે સ્વતંત્ર છે.
સ્વમાં અસ્થિત તે અસ્વસ્થ અને પરતંત્ર છે.
(૯૨૫)ગ્રહણ થઈએ છીએ, ત્યાં સુધી વિરક્તિનો અભાવ છે
અને રોગ છીએ, ત્યાં સુધી પ્રભુમાં અનુરક્તિ નથી.
પૌદ્ગલિક જગતની દૃઢ આસક્તિ એ માનસિક રોગ છે.
પૌદ્ગલિક જગતનો અધિકાર ભોગ એ
માનસિક ગ્રહણની ભૂમિકા છે.
(૯૨૬) નિર્ગુણ = નિષ્કલ - કલાતીત - તત્ત્વાતીત.
સગુણ = સકલ કલાયુક્ત.
કલા = શક્તિનું પરાત્પર સામાન્ય રૂપ અથવા
શક્તિનું અન્યતમ વિશિષ્ટ રૂપ કે વ્યાપાર. કલા = અંશ.
શિવ નિષ્કલ છે, નિરંશ છે.
ચિદ્રૂપિણી શક્તિ બ્રહ્મલીન થાય, ત્યારે નિષ્કલ તથા બ્રહ્મમયી
શક્તિ ચૈતન્યરૂપિણી બને, ત્યારે 'સકલબ્રહ્મ' કહેવાય છે.

પરાશક્તિ એ નિરાકારમાં નિરાકાર સ્વરૂપિણી છે
અને સાકારમાં પ્રકૃતિરૂપા છે.

ઉન્મનાશક્તિનું સ્થાન - તે શિવમાં રહે છે. જ્યારે તે પૃથ્વીપર્યન્ત દૃશ્યજગતને રચે, ત્યારે તે સમના બને છે.

ઉન્મના અને સમનાશક્તિની સંધિ અથવા
શિવ - શક્તિની સંયુક્તાવસ્થા તે 'નાદ' છે.

અગ્નિથી પ્રકાશ અને ઉષ્ણતા જેમ અભિન્ન છે, તેમ
બ્રહ્મ અને શક્તિ અભિન્ન છે.

(૧૨૭) अकारः सर्ववर्णाग्र्यः प्रकाशः परमः शिवः ।
हकारोऽन्त्यकलारूपः विमर्शाख्यः प्रकीर्तितः ॥६॥


સૃષ્ટિ, સ્થિતિ, સંહારાત્મક એવા સકલ વિશ્વને
કુક્ષિમાં લેનાર અહંભાવનો દ્યોતક મહાબિન્દુ છે.
વિમર્શશક્તિ બિન્દુરૂપમાં પ્રકટ થાય છે.

चिचिकीर्षुर्घनीभूता सा चिदभ्येति बिन्दुताम् ॥

આ બિંદુભાવમાં સમસ્ત પ્રપંચ વાસના તથા મેય-માન-માતૃભાવ વટબીજમાં વટવૃક્ષની જેમ સૂક્ષ્મભાવથી લીન છે. મહાબિન્દુથી બિન્દુ સુધી પહોંચવામાં અનન્ત કલાઓથી વ્યાપ્ત ઉન્મની, સમની, અંજી (વ્યાપિકા) મહાનાદ, નાદ, નિરોધિની અને અર્ધચન્દ્ર પર્યન્ત સપ્તવિધ પ્રસારનો પ્રાંત
અથવા સોપાન ભૂમિકા કહેલ છે.

'तस्य सप्तधा प्रान्तभूमिः प्रज्ञा ।'
ઋતંભરા પ્રજ્ઞા ઉત્પન્ન થઈને
નિર્વિકલ્પ સમાધિના સ્થાનસ્વરૂપ
સહસ્ત્રદલ કમલ પર્યન્ત સપ્તવિધ ભૂમિકા છે.

(૧૨૮)



મહાબિન્દુમાંથી ત્રિકોણ ઉત્પન્ન થાય છે.
એ જ મહાબિન્દુ જ ત્રિબિન્દુમાં વિભક્ત થઈને
વર્ણમય ત્રિકોણ ઉત્પન્ન થાય છે.
અકારથી વિસર્ગપર્યંત ૧૬ વર્ણયુક્ત બ્રહ્મરેખા પ્રજાપતિ છે.
કકારથી તકારપર્યંત ૧૬ વર્ણયુક્ત પરાત્પર વિષ્ણુરેખા છે
તથા થકારથી સકારપર્યન્ત ૧૬ વર્ણયુક્ત શિવરેખા છે.
સત્વ - રજ[૧] - તમ, ઇચ્છા - ક્રિયા[૨] - જ્ઞાન
તથા વામા - જ્યેષ્ઠા[3] - રૌદ્રી સર્વ એકાર્થક નામ છે.
ત્રિકોણના મધ્યમાં મહાશૂન્ય અવકાશ
એજ ગુણાતીત પરાપ્રકૃતિ છે.
પરાપ્રકૃતિના અધીશ્વર સ્વાભીષ્ટ ગુણાતીત ગુરુ છે.
ત્રિબિન્દુ સૂર્ય, ચંદ્ર, અગ્નિરૂપ પણ છે.
તત્ત્વ ૩૬ છે. પાંચ ભૂત તથા એ જ મન, એ છ દેવતા છે.
સાતમો દેવતા પરમશિવ છે.

हंकारो बिन्दुरित्युक्तो विसर्गः स इति स्मृतः ।
बिन्दुः पुरुष इत्युक्तो विसर्गः प्रकृतिः स्मृतः ॥ श्रुतिः

'હંસ' શબ્દમાં 'હં' એ બિન્દુ છે. 'સ' એ વિસર્ગ છે. બિન્દુ એટલે પુરુષ કહેલો છે અને વિસર્ગ એ પ્રકૃતિ કહેવાય છે.

(૬૨૯)




સહસ્ત્રદલ કમલના મધ્યમાં અંતરાત્મા નાદ - બિન્દુના ઉજ્જ્વલ સિંહાસન ઉપર વિરાજમાન છે, ત્યાં મંત્રમય 'હંસ' પીઠ ઉપર પોતાના ગુરુદેવના રૂપમાં ભાવના કરવી જોઈએ તથા ગુરુદેવના નામપૂર્વક સ્મરણ કરવું જોઈએ.

યદ્યપિ પરબ્રહ્મ પરમાત્મા નામરૂપથી અતીત છે,
તો પણ તેમની રૂપ અને નામથી
ઉપાસના યા ચિન્તન કરવાનો આદેશ છે.
શિરઃસ્થિત સહસ્ત્રદલ કમલમાં
નિજ ગુરુદેવની પરમશિવરૂપથી ભાવના કરવી જોઈએ.
સહસ્ત્રદલ કમલના મધ્યભાગે વિદ્યુદાકાર એક ત્રિકોણ છે.
તેના મધ્યમાં વિસર્ગરૂપથી જે બિન્દુ છે.
તેના મધ્યમાં પરશિવ સ્વરૂપ ગુરુદેવ છે.
તે ઘનીભૂત થઈને
મહાબિન્દુ યા પરાબિન્દુ સ્વરૂપથી વિરાજમાન છે.

'बिन्दुरूप' परब्रह्म सहस्त्रादलसंस्थितम् ।
कर्णिकान्तस्त्रिकोणान्त - मंडलत्रयमंडितम् ॥१॥
महाबिन्दु या परबिन्दु कालान्तरमां
जे बिन्दुओमां विभक्त थाय छे.
दक्षिणांशमां शिव 'हं' अने वामांशमां शक्ति 'सः' छे,
जेनी उपर गुरुदेवनुं ध्यान थाय छे.
(१३०) अखिल जगत् हंसमय छे.
एक ज हंस सप्तलोकमां सप्तरूपथी बिराजमान छे.
तेनुं चिन्तन या उपासना अजपाजपमां कराय छे.
कह्युं छे के: हंसो गणेशो विधिरेव हंसो
हंसो हरिर्हंसमयश्च शम्भुः ।
हंसोऽपि जीवो गुरुरेव हंसो
हंसः स आत्मा परमात्मा हंसः ॥१॥ अर्थात्:
हंस गणेश छे, हंस ब्रह्मा छे, हंस कृष्ण छे, हंस शंकर छे,
हंस ज जीव, हंस ज गुरु, हंस ज आत्मा - परमात्मा छे.
'ह' कारेण बहिर्याति 'स' कारेण विशेत् पुनः ।
हंसेति परमं मंत्रं जीवो जपति सर्वदा ॥२॥ अर्थात्:
'ह'कार वडे श्वास बहार - 'स'कार वडे अंदर जाय छे.
आम एकवार ब्रह्मने जोईने मनने त्यां स्थिर करवुं.

પ્રત્યેક જીવ પરમ મંત્ર 'હંસ'નો સર્વદા જાપ કરે છે.
આ જપ જ જીવનનું કારણ છે.
એ રોકાઈ જાય તો કોઈ બાહ્ય કાર્ય થઈ શકે નહિ.

આત્મમંત્રસ્ય હંસસ્ય પરસ્પરસમન્વયાત્ ।
યોગેન ગતકામાનાં ભાવના બ્રહ્મ ચક્ષતે ॥૨॥ સદુક્તિ:


'હંસઃ' એ બે અક્ષર અભેદરૂપથી પરસ્પર સમન્વિત થઈને રહે છે. યોગ દ્વારા કામના સમષ્ટિગત બને છે.
તે જ તત્ત્વજ્ઞાનીઓનો બ્રહ્મભાવ છે.
જીવરૂપી 'હંસ' મંત્ર જ્યારે સુષુમ્ણાનાડીમાં
વિપરીત ભાવથી 'સોઽહં' રૂપે જપાય છે,
ત્યારે તે મંત્રયોગ બને છે.
'સોહં'માંથી સકાર અને હકારનો લોપ થાય છે, ત્યારે ઓંકાર નિષ્પન્ન થાય છે અને એ જ બ્રહ્મમંત્ર છે.
આ મંત્રયોગના અભ્યાસથી
જીવ અને બ્રહ્મની એકતા અનુભવાય છે.

(૨૩૪) શૂન્યં તુ સચ્ચિદાનન્દમશબ્દં બ્રહ્મશબ્દિતમ્ । સદુક્તિ:

સચ્ચિદાનંદસ્વરૂપ 'બિન્દુ' શબ્દ શૂન્યતાનો બોધક છે,
ઈશ્વરની ચિન્મતા જગદ્‌રૂપમાં પ્રકૃતિ પરિણત છે.
બિન્દુ એ શક્તિ યા ચૈતન્યનું એક સ્વરૂપ છે.
બિન્દુ એ ઈશ્વરતત્ત્વ છે.

(232) મંત્રશાસ્ત્રનું બિન્દુ એ
રેખાગણિતનું બિન્દુ નહિ અને અણુ પણ નહિ.
બિન્દુને સ્થાન પણ નહિ અને પરિમાણ પણ નહિ.
એમાં પ્રકાશ અને અંધકાર બંને છે.
એકમાં અનેક છે.
નાદ અને બિન્દુએ શક્તિની અવસ્થાઓ છે.
તેમાં ક્રિયાશક્તિનો ભાવ નિહિત છે.
જગતને આ શક્તિથી અભિન્ન સમજે તે ઈશ્વર છે,
ભિન્ન સમજે તે જીવ છે.
બિન્દુ એ શક્તિની ઘનીભૂત અવસ્થા છે.
'ચણાકાકાર રૂપા સા |' એનું સ્વરૂપ ચણા જેવું છે,
તેની બે દાળ શિવ અને શક્તિ છે.
તેનું છિલકું માયા છે, તે શિવશક્તિને આવૃત્ત કરે છે.
પરમાત્મસ્વરૂપ જે ગહન એમ સર્વવ્યાપી છે,
તેમ પરમાત્મવાચક પ્રણવ પણ સર્વવ્યાપી છે.
(233) 'भिद्यमानादपराद्बिन्दोरव्यक्तात्मा रवोऽभवत् |'
तत्प्राप्य कुण्डलीरूपं प्राणिनां देहमध्यगः |
वर्णात्मनाऽऽविर्भवति गद्यपद्यादिभेदतः ||१||
પરબિંદુ જ્યારે વિભક્ત થાય છે, ત્યારે
અવ્યક્તાત્મક ધ્વનિ યા નાદ ઉત્પન્ન થાય છે.

તે ધ્વનિ કે નાદને તત્ત્વજ્ઞ પુરુષો 'શબ્દબ્રહ્મ' કહે છે.
એ શબ્દ ક્રમશઃ સ્થૂલભાવને પામીને
વર્ણાત્મક અને ગદ્ય-પદ્યરૂપથી સ્થૂલતાને ધારણ કરે છે.
એ શબ્દબ્રહ્મરૂપ જ્યોતિર્મય ઓંકાર
સમસ્ત વર્ણોનું નિદાન છે. 'મન્ત્રાણાં પ્રણવઃ સેતુઃ |'
પ્રણવ, જે વેદનું આદિબીજ છે, તે સમસ્ત
મંત્રબીજોનું કારણ પણ છે અને સેતુસ્વરૂપ પણ છે.
નાદથી વર્ણોની ઉત્પત્તિ થઈને,
બહુવિધ ત્રિકોણરૂપમાં પરિણત થઈને




અકથ આદિ ત્રણ રેખાવાળો 'હળક્ષ'
કોણથી ભૂષિત થઈને સહસ્ત્રદલમાં
વ્યવસ્થિત થાય છે.
તેના મધ્યમાં 'હંસ' પીઠ ઉપર ગુરુદેવનું ધ્યાન થાય છે.
નિષ્કલ બ્રહ્મસ્વરૂપ ગુરુદેવમાં જે શક્તિ તલ્લીન રહે છે,
તે વાગ્દેવી કે સરસ્વતી છે.
સરસ્ + વતી = સંસરણવાળી શક્તિ.
તેનું વાહન હંસ છે.
'હં' એ શિવ કે પુરુષતત્ત્વ અને
'સઃ' એ શક્તિ કે પ્રકૃતિતત્ત્વ છે.

'હં' થી 'સઃ' ની તરફ સંસરણથી શક્તિ
વિપરીતભાવે પ્રપંચાભિમુખી થાય છે.
'હં' અહંનો તથા 'સઃ' ઈદંનો પર્યાય છે.
એ પ્રવાહને ઉલટાવી દેવાથી 'સોઽહં' બને છે,
તે પ્રપંચથી પરાવર્ત યા પરબ્રહ્મની તરફ લઈ જાય છે.
સોઽહં ધ્યાન યા અજપાજપની એ જ મહત્તા છે.
એ દ્વારા સહજ પ્રાપંચિક સંસરણમાં વર્ત અથવા
શક્તિના પ્રવાહને વાળી, તેના અખંડ ઉદ્ગમ સ્થાન
નિષ્કલ બ્રહ્મસ્વરૂપ અગ્રદિશની તરફ લઈ જવો પડે છે.
પ્રવાહને વિપરીત દિશામાં લઈ જવાનો ઉપાયથી
સોઽહં સાધન ક્રમસાધ્ય મનાય છે.
આ ક્રિયામાં જ્યાં દૃષ્ટા - દૃશ્ય, શિવ - શક્તિ અને
અહં - ઈદંનું એકીકરણ થાય છે,
ત્યાં સાધકને નાદની અનુભૂતિ થાય છે.
(૨૩૪) સૃષ્ટિ એ શબ્દાર્થભેદથી બે પ્રકારની છે.
અર્થસૃષ્ટિ પણ શબ્દમૂલક છે.
સંસારનો બધો વ્યવહાર શબ્દમૂલક છે.
સર્વ પ્રકારના અર્થની પૂર્વે શબ્દનો ઉદય થાય છે.
અર્થશૂન્ય શશ શૃંગાદિને પણ શબ્દ પોતાની શક્તિથી
કલ્પિત કરી દે છે, એટલે શબ્દ જ અર્થસૃષ્ટિનું મૂળ છે.

આ બિન્દુરૂપ પરાવાક્ - મૂળ કારણભૂત બિન્દુથી
પશ્યંતિ, મધ્યમા, વૈખરીરૂપ ત્રિપુટિ દ્વારા
ત્રિકોણાત્મક શબ્દસૃષ્ટિ અભિવ્યક્ત થાય છે.
બિન્દુરૂપ પરાવાક્ 'કારણ બિન્દુ' છે
અને પશ્યંતિ આદિ ત્રણ 'કાર્ય બિન્દુ' છે.
આ ચારેને અનુક્રમે
શાન્તા, વામા, જ્યેષ્ઠા અને રૌદ્રી અથવા
અંબિકા, ઇચ્છા, જ્ઞાન અને ક્રિયા પણ કહે છે.
અવ્યક્ત (મૂળ પ્રકૃતિ), ઈશ્વર, હિરણ્યગર્ભ
અને વિરાટ - એના અધિદૈવ છે.
કામરૂપ, પૂર્ણગિરિ, જાલંધર અને ઓડ્યાનની
મૂળઓથી પરિભાષિત ચાર પીઠ અધિભૂત ભાવ છે.
મૂળાધારસ્થ કુંડલિની શક્તિ એનો અધ્યાત્મ ભાવ છે.
કુંડલિનીનું પરિશીલન એ તંત્રનો મુખ્ય પ્રતિપાદ્ય વિષય છે.
એ જ પરાવાક્ અને બિન્દુતત્ત્વનું અધ્યાત્મરૂપ છે,
જ્યારે આ બિન્દુ પશ્યંતિ આદિ
કાર્યબિન્દુઓના સર્જનમાં પ્રવૃત્ત થાય છે, ત્યારે
અવ્યક્ત કારણ 'રવ' શબ્દથી ચીત્કારાય છે.
એ રવને જ 'શબ્દ' કહેવાય છે.

(૨૩૪) ઓંકારના સાડા પાદ છે અને ૭ અંગ છે.
૭ અંગ = અ, ઉ, મ, નાદ, બિન્દુ, કલા, કલાતીત.
એમાં પ્રથમ પંચાંગ બ્રહ્મના સગુણરૂપ છે,
અંતિમ બે અંગ નિર્ગુણરૂપ છે.
જે રીતે શબ્દ દ્વારા અર્થનો બોધ થાય છે,
તે રીતે બ્રહ્મરૂપ ઓંકારની ઉપાસનાથી પરમાત્માના
સગુણ - નિર્ગુણ બંને લક્ષ્યોને પ્રાપ્ત કરી શકાય છે.
'તસ્ય વાચકઃ પ્રણવઃ ।'
જે રીતે બિન્દુરૂપ પરાવાક્ સમસ્ત શબ્દોની જનની છે,
તેમ સમસ્ત અર્થરૂપ તત્ત્વોની પણ માતા છે.

૩૬ તત્ત્વોના નામ

૫ ભૂત, ૫ કર્મેન્દ્રિય, ૫ જ્ઞાનેન્દ્રિય, ૫ વિષય,
મન, બુદ્ધિ, અહંકાર, પ્રકૃતિ, પુરુષ, કલા, અવિદ્યા,
રાગ, કાળ, નિયતિ, માયા, શુદ્ધ વિદ્યા,
ઈશ્વર, સદાશિવ, શક્તિ અને શિવ.
(૨૩૫) સ્થિર અનંત શક્તિનું સંકુચિત સ્વરૂપ છે,
તેથી તેને કંચુક, કોષ અથવા સંકોચ કહે છે.

કંચુક છ પ્રકારના છેઃ

માયા, કાળ, નિયતિ, રાગ, અવિદ્યા અને કલા.

કલા બે પ્રકારની છે: બાહ્યકલા અને આંતરકલા.
બાહ્યકલાના ૧૬ ભેદ છે, ઈશ્વરની આમાકલા છે.
૧૭મી અંતઃકલા નિર્વાણકલા છે,
જેના દ્વારા પાશથી મુક્તિ મળે છે.
૧૬ કલાના નામ: ૧૧ ઇંદ્રિયો અને ૫ તન્માત્રાઓ.
તત્વ 3 છે: શુદ્ધ, શુદ્ધાશુદ્ધ અને અશુદ્ધ.
શુદ્ધતત્વ = શિવતત્વ, શુદ્ધાશુદ્ધતત્વ = વિદ્યાતત્વ,
અશુદ્ધતત્વ = આત્મતત્વ.
પહેલાં શુદ્ધ તત્વમાં શિવ - શક્તિ,
બીજા શુદ્ધાશુદ્ધતત્વમાં સદાશિવ, ઈશ્વર અને શુદ્ધવિદ્યા
અને ત્રીજા અશુદ્ધતત્વમાં માયાથી પ્રકૃતિતત્વ પર્યંત છે.
બીજી રીતે જોઈએ તો... આમ પણ છે કે:
શુદ્ધમાં શિવ, શક્તિ, સદાશિવ, ઈશ્વર અને શુદ્ધવિદ્યા.
શુદ્ધાશુદ્ધમાં માયા, કાલ, કલા, અવિદ્યા, નિયતિ, રાગ, પુરુષ.
અશુદ્ધતત્વમાં પ્રકૃતિ, બુદ્ધિ, અહંકાર, મન,
૧૧ ઇંદ્રિય, ૫ વિષય તથા ૫ તત્વ સમાવિષ્ટ છે.
શિવ - શક્તિ શાન્તાતીતા કલામાં છે.
સદાશિવ, ઈશ્વર અને શુદ્ધવિદ્યા શાંતિકલામાં છે.
ષટ કંચુક અવિદ્યા કલાંતર્ગત છે.
પ્રકૃતિતત્વ નિર્વૃત્તિ કલાંતર્ગત છે.

બિન્દુ અને નાદ એ
શક્તિતત્ત્વ, સદાશિવતત્ત્વ અને ઈશ્વરતત્ત્વ છે.
સૃષ્ટિ એ બ્રહ્માની કળા છે, પાલન એ વિષ્ણુની કળા છે
અને સંહાર એ રુદ્રની કળા છે.
૯૪ કળાઓ પણ ગણાય છે, તેમાં પચાસ માતૃકા કળા
પશ્યન્તી, મધ્યમા અને વૈખરી દ્વારા
સ્થૂલ વર્ણોના રૂપમાં અભિવ્યક્ત થાય છે.
આ ૯૪ કળાઓનું પૂજન 'અમૃતકલશ'માં થાય છે.
જેમાં તારા દ્રવ્યમયી નિવાસ કરે છે,
તેને 'સંવિત્કળા' પણ કહે છે.

देशकालपदार्थात्मा यद्यद्वस्तु यथा यथा ।
तत्तद्रूपेण या भाति तां श्रयेद् संविदं कलाम् ॥१॥

(પરિશિષ્ટ-૨)

(૨૩૭) શૈવાગમમાં કહ્યું છે કે:
शिवशक्तिसमायोगाज्जायते सृष्टिकल्पना ।
શિવશક્તિના યોગથી સૃષ્ટિનો આરંભ થાય છે.
એ બેના યોગને 'નાદ' કહે છે.
નાદ એ શિવ-શક્તિનો મિથુનભાવ છે.
શિવ નિષ્ક્રિય અને શક્તિ સક્રિય છે.
અદ્વૈત અક્રિય અને દ્વૈત સક્રિય છે.

બેઉ ત્રીજી વસ્તુ થાય છે અને તેમાં બેનો સંબંધ છે.
આ ત્રિશક્તિને બ્રહ્મા, વિષ્ણુ, મહેશ - ત્રિમૂર્તિ પણ કહે છે.
શિવ ચિદ્રૂપ અને શક્તિ ચિદ્રૂપિણી છે.
બિન્દુ એ શક્તિની ઘનીભૂત અવસ્થા છે.
શક્તિની ત્રિગુણાત્મિકા સ્થિતિ સકલ બ્રહ્મમાં
ચિદ્રૂપે શાંત સત્ત્વપ્રધાન, નાદતત્ત્વમાં ક્રિયા રજઃપ્રધાન
અને બિન્દુતત્ત્વમાં ઘનીભૂત હોવાથી તમઃપ્રધાન બને છે.
ગૌણ એ પ્રધાનભાવે રહે છે.

(૯૩૮) સકલ પરમેશ્વરને સાંખ્યમાં મૂલપ્રકૃતિ,
વેદાંતમાં માયા અને શાક્તમાં શક્તિ કહે છે.
નિષ્કલ પરમેશ્વર નિર્ગુણ - શિવ છે.
નિષ્કલ શિવમાં મળેલી શક્તિ ચિદ્રૂપિણી છે,
તેનો વિશ્વોત્તીર્ણા - વિશ્વથી પર કહેવાય છે.
જે શક્તિએ સૃષ્ટિ કરી છે, તે વિશ્વાત્મિકા છે.
પરાશક્તિ ચૈતન્યની સાથે સ્થિરાવસ્થામાં રહે છે.
તેનો બીજો ભાગ નાદ-બિન્દુમાં પરિણત થાય છે.
નાદશક્તિમાં ક્રિયાપ્રધાનતા છે.
બુદ્ધિથી પૃથ્વીપર્યંત અશુદ્ધતત્ત્વ તે તેનો જ વિસ્તાર છે.
સાધના વખતે જે શક્તિ શિવોન્મુખ થાય છે,
તે 'પું' રૂપા છે, ઇતરના 'ઈ' રૂપા છે.

પ્રલયાવસ્થામાં તે 'અહં' 'ઇદં' રૂપ બંનેથી મુક્ત રહે છે.

નાદ સદાશિવ તત્ત્વ છે, બિન્દુ ઈશ્વર તત્ત્વ છે.

નાદ એ શબ્દનો સૂક્ષ્મભાવ છે.

તે ક્રિયાશક્તિનો પ્રધાન વિસ્તાર છે.

તેને પરાનાદ યા પરાવાક્ કહે છે.

તેને શબ્દબ્રહ્મ કહે છે અને તે શબ્દાર્થનું કારણ છે.

શબ્દબ્રહ્મ તે સમસ્ત ભૂતોનો ચૈતન્યભાવ છે.

સમસ્ત પ્રાણીઓના શરીરમાં તે કુંડલિની રૂપે અવસ્થિત છે.

નાદ જ્યારે બિન્દુભાવ ધારણ કરે છે,

ત્યારે તે ચૈતન્ય અને શક્તિ ઉભયરૂપ છે.

મંત્રની ઉત્પત્તિમાં નાદ પ્રધાન છે,

બિન્દુ પછી છે અને ત્રિબિન્દુ છેવટે છે.

ત્રિબિંદુને કામકલા પણ કહે છે.

માતૃકાભાવ ચોથું સ્થાન છે. અંતિમ ભાગ સ્થૂલશબ્દ છે.

તે મંત્રના વર્ણ - પદ - વાક્યસ્વરૂપ છે.

અંતરાત્મા નાદરૂપથી શબ્દ કરે છે. જપભાવમાં પ્રાણવાયુથી

ગતિશીલ થઈને અંતરાત્મા વર્ણનું રૂપ ધારણ કરે છે.

નાદાન્ત (મહાનાદ) તથા નિરોધિકા

એ બધી નાદની જ અવસ્થાવિશેષ છે.

(૨૩૯) સમસ્ત બ્રહ્માંડોમાં નાદ અને બિન્દુ રહેલાં છે.
સમની બે ઉચ્ચારણ કળા છે. 'મનઃસહિતા ।'
તેની પહેલાંની ઉન્મની 'તદ્રહિતા' મનરહિત છે.
શબ્દ અને અર્થની ઉત્પત્તિનું કારણ શબ્દબ્રહ્મ છે.
ચૈતન્યસ્વરૂપ પરમાત્મા સક્રિય-નિષ્ક્રિય ઉભયરૂપ છે.
શિવરૂપ નિષ્ક્રિય અને શક્તિસ્વરૂપ સક્રિય છે.
પરમપદાર્થ તર્કથી અગોચર છે, વચનથી અનિર્વચનીય છે.
કુંડલિની મૂલાધારમાં સુષુપ્ત હોય, ત્યારે સંસાર તરફ હોય.
બીજમાં વૃક્ષ નિહિત છે, તેમ સમસ્ત ચૈતન્યમાં શિવ
નિહિત છે અને સમસ્ત તત્ત્વોમાં વિકસિત થાય છે.
શિવચૈતન્યનો પૂર્ણ અનુભવ નિરાલંબપુરીમાં થાય છે.
તે વખતે વિષયોની સાથેનો સંબંધ વિચ્છેદ થાય છે.
કુંડલિની જ્યોતિર્મયી સૂક્ષ્મરૂપ અને મંત્રમયી સ્થૂલરૂપ છે.
સમષ્ટિ ચૈતન્ય પરાવાક્‌રૂપ છે. પરાવાક્ ભાવ અને
ભાષાથી રહિત છે, છતાં ભાવ અને ભાષામાં પરિણત
થાય છે. તે જ અર્થરૂપમાં ઇંદ્રિયોના અનુભવમાં આવે છે,
પરાથી વૈખરી પર્યંત ક્રમશઃ વિકાસ થાય છે.
કુંડલિનીથી ધ્વનિ, ધ્વનિથી નાદ, નાદાન્ત,
નિરોધિકા, અર્ધેન્દુ, બિન્દુ આદિનો આવિર્ભાવ થાય છે.

(૨૪૦) કુંડલિની ઇચ્છા, જ્ઞાન તથા ક્રિયારૂપ છે.
તે તેજોરૂપ, ચિદ્રૂપ અને ત્રિગુણાત્મિકા છે.
ચિત્તનો પ્રવેશ સત્ત્વમાં છે, નાદનો રજમાં.
ચિત્તનો તમોગુણમાં પ્રવેશ થાય, ત્યારે અજ્ઞાન બને છે.
પરા મૂલાધારમાં છે, પશ્યંતિ સ્વાધિષ્ઠાનમાં છે,
મધ્યમા અનાહતમાં અને વૈખરી કંઠમાં છે.
કુંડલિની જ્યોતિર્મયી અને અશ્રોત્રવિષયા છે.
તે ઉર્ધ્વગામિની થાય છે, ત્યારે
પશ્યંતિ રૂપથી સુષુમ્ણા નાડીમાં સ્વયં પ્રકાશ બને છે.
હૃદયકમલમાં જે નાદરૂપિણી થાય છે, તે જ હૃદય, કંઠ, દાંત,
નાસિકા, જીહ્વા તથા મસ્તકમાં વર્ણરૂપને ધારણ કરે છે.
જ્યારે જીહ્વા અને હોઠની બહાર નીકળે છે, ત્યારે
તે વૈખરી બની જાય છે. મંત્રયોગના અભ્યાસથી માત્ર
વિચાર જ નહિ કિન્તુ ભાવ સુધરે છે. ચિત્તશુદ્ધિ
વિના વેદાંતનો વિચારમાત્ર યથાર્થ ફલપ્રદ બનતો નથી.
'વિશ્વમાત્રાર્થકો નાદઃ।'
'બિન્દુર્દુઃખ હરાર્થકઃ।'
બિંદુરૂપ બ્રહ્મનો સાક્ષાત્કાર કરવા માટે
યોગશાસ્ત્રમાં શાંભવી મુદ્રાનો અભ્યાસ કહ્યો છે.

शांभवीं मुद्रिकां कृत्वा आत्मप्रत्यक्षमानयेत् ।
बिन्दुं ब्रह्म सकृत् दृष्ट्वा मनस्तत्र नियोजयेत् ॥
(પરિશિષ્ટ-૩)

(૧૪૪) એક સહસ્રારાત્મક બિન્દુ એ મહાબિન્દુમાં શરીરમાં રહેલા ષટ્ચક્રોના અંતર્ભાવો છે. એક જ બિન્દુ ચતુર્દલ મૂલાધારચક્રમાં મન, બુદ્ધિ, ચિત્ત, અહંકારરૂપ છે. ષટ્દલ સ્વાધિષ્ઠાનમાં કામ - ક્રોધ - લોભ - મોહ - મદ - મત્સર એ માયાદિ ષટ્ કંચુકરૂપથી છ પ્રકારના છે. આ ૧૦ બિન્દુ સંસારના કારણ છે. તેમાં ૨ ઉમેરીને ૧૨ દલ અનાહતના અને તેમાં મૂલાધારના ૪ ઉમેરીને ૧૬ વિશુદ્ધિના બને છે. મૂલાધાર અને સ્વાધિષ્ઠાન બંને પ્રાકૃતિક હોવાથી આજ્ઞા દ્વિદલ ચક્રરૂપ છે. એ રીતે મણિપૂર, અનાહત, વિશુદ્ધિ અને આજ્ઞા - એ ચારે ચક્ર મૂલાધાર અને સ્વાધિષ્ઠાનથી ઉદ્ભૂત થવાના કારણે બે દલમાં અંતર્ભૂત છે અને એ બંને ચક્ર બિંદુભેદ થવાના કારણે સહસ્રારમાં અંતર્ભૂત છે. એ રીતે સર્વ ચક્રોનું ઐક્ય થઈ જાય છે અને એક જ બિન્દુ દશ પ્રકારનું થઈને સર્વમય બની જાય છે.

(૭૪૨)જ્ઞાતા - જ્ઞાન - જ્ઞેય તથા ધ્યાતા - ધ્યાન - ધ્યેય -
એ ત્રિપુટીઓની અભેદભાવના અભ્યંતર મૂળ છે.
અધિકારી ભેદથી અભેદભાવના ત્રણ પ્રકારની છે:
સકલ, સકલનિષ્કલ અને નિષ્કલ.
નિષ્કલ ભાવનામાં નિર્વિષયક ચિત્સ્વરૂપ
કામકલાની ભાવના કરવાની હોય છે.
મધ્યમ અધિકારી માટે બિંદુથી લઈને
અર્ધચંદ્રાદિ ૯ ચક્રોની ઐક્ય ભાવના છે.
તૃતીય શ્રેણિમાં શરીર ચક્રોની ઐક્ય ભાવના છે.
કુલશક્તિની ત્રણ અવસ્થા: સકલ, નિષ્કલ અને મિશ્ર.
જે સાધક ઇંદ્રિયો અને પ્રાણની ગતિનો અવરોધ કરીને
કુલપથમાં પ્રવિષ્ટ થતો નથી, તેને માટે
પરબ્રહ્મ પરમાત્માની નિકૃષ્ટ ઉપાસના પણ અસંભવ છે.
મૂલાધારથી સહસ્રદલ પર્યન્ત
સમસ્ત ચક્રની ઉપાસના અપરાપૂજા છે.
એના વિના અભેદજ્ઞાનનો ઉદય અશક્ય છે.
સાધક ક્રમશ: અધમભૂમિની યથાવિધિ સાધનાથી નિર્મલ
ચિત્ત થઈને મધ્યભૂમિની ઉપાસનાનો અધિકારી બને,
ત્યાર બાદ ઉત્તમ અધિકાર પામીને
અદ્વૈત ઉપાસનામાં સિદ્ધિલાભ કરે છે.

અંતરઅદ્વૈતધામમાં વાહ્યકાદિનો ક્રમશઃ લય થાય છે.
આમ જ્યારે જ્ઞાનમાં કર્મની પરિસમાપ્તિ થઈ જાય છે,
ત્યારે અભેદ યા અદ્વૈતભૂમિ સ્ફુરે છે અને
સાધક પરાપૂજાનો અધિકારી બને છે.
એકમાત્ર પરમશિવનું સ્ફુરવું અથવા
પ્રજ્વલનનું રહેવું, તે પરાપૂજાનું નામાંતર છે.

(૨૪૩) મૂલાધાર, સ્વાધિષ્ઠાન, મણિપૂર, અનાહત,
વિશુદ્ધ, લંબિકાગ્ર અને આજ્ઞા -
આ સર્વ અવાંતરાત્મની અંતર્ગત છે.
જ્ઞાનસંચારની સાથે જ આજ્ઞાચક્રનું ભેદન થાય છે.
આજ્ઞાચક્રના ભેદનથી ધ્યાનનો ઉદય થાય છે.
આજ્ઞાચક્ર બાદ બિન્દુનું સ્થાન છે.
આ બિન્દુ યોગીઓનું ત્રીજું નેત્ર છે.
તેને 'જ્ઞાનચક્ષુ' પણ કહે છે.
આ બિંદુથી જ્ઞાનભૂમિકાની સૂચના મળે છે.
ચિત્ત એકાગ્ર થયા બાદ બિન્દુમાં અવસ્થિત થાય છે.
બિન્દુભૂમિમાં સાધક ઇદં ભાવમાંથી છૂટી
અહંભાવમાં પ્રતિષ્ઠિત થાય છે, ત્યારથી તે
સમસ્ત પ્રપંચને નિરપેક્ષ ભાવથી જોઈ શકે છે.

જ્યારે આત્મભાવનું પ્રકૃતિએ વિસર્જન થાય છે,
ત્યારે મહાબિન્દુ આ શિવભાવની અભિવ્યક્તિ થાય છે.
બિન્દુભાવને પામી ક્રમશઃ કલાક્રમ કરતો
સાધક વિગતકલ અવસ્થાને પામે છે.
બિન્દુ બાદ અર્ધેન્દુ અવસ્થામાં અષ્ટકલાશક્તિ વિકસે છે.
નવ કલાના કોણ થવા બાદ ઘોર આવરણ રૂપ વિલક્ષણ
અવસ્થા આવે છે. તેને 'સંધિની' શબ્દથી કહે છે.
ત્યારે સાધક નાદભૂમિમાં આવે છે તથા
ચિત્શક્તિનો આવિર્ભાવ થાય છે.
એની આગળ ત્રિકોણ સ્વરૂપ 'વ્યાપિકા' આવે છે.
આ અવસ્થા બિન્દુના વિલાસરૂપ
વામાદિ શક્તિત્રયથી સંયુક્ત છે, પછી
સર્વ કારણભૂતા સમની શક્તિનો આવિર્ભાવ થાય છે.
એ શિવાધિષ્ઠિત અને ભુવનભરણશીલા છે.
એના ઉપર આરૂઢ પરમ કારણ પંચકૃત્યકારી શિવ છે.
તેને ચિદાનંદરૂપા 'પરાશક્તિ' કહે છે.
અહીં મનોરાજ્યનો અંત છે.
મન, કાળ, દિશા, તત્ત્વ, દેવતા તથા
કાર્ય-કારણભાવ અહીં તિરોહિત થાય છે.

(૯૪૪) આરાચક્ર પર્યંત એકમાત્રા, બિન્દુમાં અર્ધમાત્રા, ક્રમશઃ ઓછા થતાં સમનામાં એક ક્ષણ રહે છે. એની ઉપર નિર્વિકલ્પક નિર્વૃત્તિ લયનો ઉદય થાય છે.
અહીં માત્ર વિશુદ્ધ ચિદ્રૂપા એક કલા શેષ રહે છે.
તેને નિર્વાણકલા કહે છે, કિન્તુ
યોગાભિજ્ઞ તેને દૃષ્ટા અથવા સાક્ષીચૈતન્ય પણ કહે છે.
વળી સાંખ્યો તેને કૈવલ્ય કહે છે.
સાંખ્યની પ્રકૃતિ પંચદશ કલાત્મિકા છે અને
તેનો પુરુષ ષોડશમા નિર્વાણ કલાનું સ્વરૂપ છે.
જ્યારે ઉન્મની અવસ્થાનો અંત થાય છે, ત્યારે
મહાબિન્દુરૂપ પૂર્ણાનંદમય અવસ્થા આવે છે.
મહાબિન્દુ પૂર્ણરૂપમાં સ્થિત થાય છે, ત્યારે
પરાશક્તિની નિત્ય અભિવ્યક્તિ થાય છે.
વસ્તુતઃ શિવ-શક્તિ વિભિન્ન ન હોવાથી મહાબિન્દુની
પૂર્ણ અને રિક્તાવસ્થા પણ નિત્યસિદ્ધ છે.

(૯૪૫) ત્રણ પ્રકારના સાધુઃ હંસવૃત્ત, કાકવૃત્ત, બકવૃત્ત.
આંતર - બાહ્ય શુચિ હંસવૃત્ત કરે છે.
આંતર - બાહ્ય અશુચિ કાકવૃત્ત કરે છે.
આંતર અશુદ્ધ પણ બાહ્ય શુદ્ધ તે બકવૃત્ત કરે છે.

(૨૪૫) જે રિક્ત દશા છે, તે અમાવાસ્યા છે.
જે પૂર્ણ દશા છે, તે પૂર્ણિમા છે.
એને ક્રમશઃ કાલી અને શ્રીવિદ્યા કહે છે.
કાલી શિવકુલ અને શ્રીકુલનું આ ગુહ્ય રહસ્ય છે.
મધ્યમાર્ગમાં તારા એ તારિણી વિદ્યા છે.

પરમ શિવસ્વરૂપ શ્રી ગુરુદેવની પાદુકા અધોમુખ શ્વેતવર્ણ સહસ્રદલ કમલની અંતઃકર્ણિકામાં વાગ્ભવ નામક ત્રિકોણના મધ્યમાં અવસ્થિત છે. ત્યાંથી ૪ પ્રકારની વાક્ એ શબ્દ ઉત્પન્ન થાય છે. તે પ્રકાશ, વિમર્શ અને એ બેના સામરસ્ય ભેદથી ૩ પ્રકારની છે. આ પાદુકા સમસ્ત જીવોનું આત્મસ્વરૂપ છે. પરમનાદનો ઉદય ત્યાંથી થાય છે. એનું અખંડભાવથી ચિંતન કરવાથી આધારશક્તિના આનંદ ભાવની ઉપલબ્ધિ થાય છે.
તે પાદુકાથી નિરંતર પરમામૃત નીકળે છે, તેથી
સમસ્ત વિશ્વને સંજીવન અને તૃપ્તિ મળે છે.

ચિત્ત બાહ્યપ્રદેશથી પાછું ફરીને
અંતર્મુખમાં એકાગ્ર થાય ત્યારે એનો અનુભવ થાય છે. બાહ્યાનુસંધાન સમયે અથવા આંતરજાપ વખતે ઇંદ્રિય-સંચાર રહેતો નથી. મન સંકલ્પ-વિકલ્પશૂન્ય થાય છે. શાસ્ત્રમાં તેને સહજોપાસના - સ્વાભાવિક પૂજા કહી છે.

(૨૪૭) अनाहतस्य शब्दस्य तस्य शब्दस्य यो ध्वनिः ।
ध्वनिरन्तर्गतं ज्योतिर्ज्योतिरन्तर्गतं मनः ॥
तन्मनो विलयं याति तद्विष्णोः परं पदम् ॥ श्रुतिः
અનાહત શબ્દના ધ્વનિમાં જ્યોતિનો આવિર્ભાવ થાય છે.
એ જ્યોતિર્મય મનને લય કરવાથી
પરમપદ યા ગરૂપદની પ્રાપ્તિ થાય છે. આ પરમપદને
શિવપદ, હરિપદ, બ્રહ્મપદ, શક્તિપદ અથવા પ્રકૃતિ કહે છે.
જુદુંજુદું રચના અનુક્રમે શૈવ, વૈષ્ણવ, બ્રહ્મવાદી,
શાક્તાગમ અને સાંખ્યવાદીગણ વગેરે કહે છે.
पदं शैवं शैवाः हरिपदं कृष्णा शरणाः
पदं ब्राह्मं ब्रह्माचरणनिरताः केचिदितरे ।
पदं देव्या देवीपदकमलसेवा सुरसिका
वदन्त्येन्द्योपास्यं प्रकृति - पुरुष - स्थानमपरे ॥
(૨૪૮) Envelope સારું તથા સુશોભિત હોય પણ સુંદર
કાગળ જ ન હોય તો? પલાસનું પુષ્પ રંગીન - સુશોભિત
હોય પણ સુંદર સુગંધ જ ન હોય તો શા કામનું?
શરીર સુંદર અને મનોહર હોય પણ સુંદર વિદ્યા,
વિનય, વિવેક કે વિચાર, એ આચારમાંથી કાંઈ ન હોય
તો તે મનુષ્ય સુગંધ વિનાના પુષ્પ જેવો અને કાગળ
વિનાના કવર જેવો નિરર્થક તથા નિરૂપયોગી નિવડે છે.

(૧૪૯) અહીં અંકુર પ્રેમના ખાસ રાખવા જેવા છે.
યતિજનને સ્વામિનાથ અને
સાધનાને ચાલક તરીકે લેખવા જોઈએ.
મૌન એ આનંદનો અનુભવ કરાવે છે અને
ખામીઓને બદલાવવાની પ્રવૃત્તિમાંથી રોકે છે.

(૧૫૦) યોગસાર પ્ર-૨ શ્લો-૨૪માં કહ્યું છે કે :

નાંચલી મુખવસ્ત્રં વા ન રાકા ન ચતુર્દશી ।
ન શ્રાદ્ધાદિ પ્રતીષ્ઠા વા તત્ત્વં કિન્ત્વમલં મનઃ ॥૧॥

અંચલિ: પ્રતિક્રમણ વખતે
વસ્ત્રનો છેડો કે મુહપત્તિ મુખ ઉપર રાખવા,
ચતુર્દશીએ કે પૂર્ણિમાએ પાક્ષિક પ્રતિક્રમણ કરવું,
શ્રાવકો દ્વારા કરાયેલા પ્રતિષ્ઠા સ્વીકારવા કે
સુવિહિત આચાર્યો દ્વારા કરાયેલ, એ કોઈ તત્ત્વ નથી,
તત્ત્વ તો મનુષ્યનું નિર્મળ મન છે.
મનને નિર્મળ બનાવવું, એ જ બધી આરાધનાઓનું તત્ત્વ છે.

૨૦૨૫, વૈ-વ-૦૩, રવિવાર શિવગંજ

ધ્યાનસ્યૈવ તપોયોગાઃ શેષાઃ પરિકરા મતાઃ ।
ધ્યાનાભ્યાસે તતો યત્નઃ શશ્વત્કાર્યો મુમુક્ષુભિઃ ॥૧॥
આદિપુરાણ-પર્વ ૨૧ શ્લો-૨૧૬ (પરિશિષ્ટ-૪)

Prayer for Grace : ૨૦૨૫, ફે-૮-૭, શિવગંજ

'ચક્રી ધર્મ તીરથ તણો તીરથ ફળ તતસાર રે,
તીરથ સેવે તે લહે આનંદઘન નિરધાર રે.
ધરમ પરમ અરનાથનો...' ગાથા - ૯

તીર્થનું ફળ તત્ત્વ છે.

તીર્થના સેવાથી સારભૂત તત્ત્વની પ્રાપ્તિ થાય છે.
તીર્થ એટલે ચતુર્વિધ સંઘ, પ્રથમ ગણધર, દ્વાદશાંગી.
તીર્થસેવાનું ફળ તત્ત્વ = શુદ્ધાત્મ તત્ત્વ, તેની પ્રાપ્તિ.

० सुखस्य दुःखस्य न कोऽपि दाता
परो ददातीति कुबुद्धिरेषा ।
अहं करोमीति वृथाऽभिमानः
स्वकर्मसूत्रग्रथितो हि लोकः ॥१॥
सुखं वा यदि वा दुःखं, स्वकर्मवशगोऽचरः ।
यद् यद् यथागतं तत्तत् भुक्त्वा स्वस्थमना भवेत् ॥२॥

० मैत्री सत्त्वेषु न च मेऽस्ति कदापि नाथ !
दीने तथा न करुणा, मुदिता च पुण्ये ।
पापेऽनुपेक्षणवती मम मुत्कथं स्यात्
तस्मात् त्वमेव शरणं मम दीनबन्धो ! ॥
- भगवच्छरणस्तोत्रम् (परिशिष्ट-५)

## મનની શક્તિ

દરેક વ્યક્તિમાં એક એવું તત્ત્વ રહેલું છે, કે
જેની મદદથી તે પોતાની ઇચ્છા પરિપૂર્ણ કરી શકે છે.
અનુકૂળ વાતાવરણ અને સંજોગો મળતાં જ તે ઇચ્છા
આજે નહિ તો આવતી કાલે પણ પૂર્ણ થવાની જ.
વ્યક્તિમાં એક અદ્ભુત શક્તિ રહેલી છે કે જેનાથી
અશક્ય લાગતી વસ્તુ પણ સહેલાઈથી પ્રાપ્ત કરી શકાય છે.
આ અજાણ સક્રિય શક્તિ તે મન.
માનવજાતિએ અત્યાર સુધી જે પ્રાપ્ત કર્યું છે અને
ભવિષ્યમાં જે મેળવશે, તે સર્વ આ શક્તિને આભારી છે.
મનની શક્તિથી માનવ ધારે તે કરી શકે છે,
તે સર્વશક્તિમાન છે પણ
જેમ લાકડામાં રહેલ અગ્નિની શક્તિ છૂપી રહેલી છે,
તેમ આ પણ છૂપી શક્તિ છે.
આ શક્તિને ખાસ પ્રયત્નપૂર્વક કેળવવામાં ન આવે,
ત્યાં સુધી તેના અસ્તિત્વની ખબર પડતી નથી.
મનની આ સક્રિય શક્તિ કેવી રીતે બહાર લાવવી,
તેના ઉપર તેનો મુખ્ય આધાર રહેલો છે.
મન એક ઊંડા સરોવર જેવું છે, તેની

ઉપરના સપાટી ભૌતિક વસ્તુઓ સાથે સંબંધ રાખે છે,
નીચેના ઊંડાણનો ભાગ બ્રહ્માંડ સાથે સંબંધ રાખે છે.
એકાગ્રતાથી કરેલો વિચાર મનના નીચેના ઊંડા ભાગ સુધી
પહોંચી વાતાવરણમાં આંદોલન ઉત્પન્ન કરી ફળપ્રાપ્તિ
માટે શક્યતા સર્જે છે. મનને આ રીતે કેળવવા માટે
તેને બીજા વિચારોથી તદ્દન વિમુખ કરી,
ફક્ત એક જ વિચાર કરવો જોઈએ.

*મન ઉપર પહેલાંની પડેલી છાપો કેવી રીતે ભૂંસવી?*

યોગાભ્યાસ અને પ્રાણીમાત્ર પ્રત્યે પ્રેમ કેળવવાથી
સારું કે નરસું કશું જ આંતરિક મન ઉપર રહેતું નથી.
દુન્યવી વસ્તુ સાથે બંધનમાં જકડાવનારું અને બ્રહ્મ સાથે
એકરૂપ થતાં અટકાવનારું હોય તો માનવનું મન છે.

*મનના બે પ્રકાર છે:*

*એક માયાથી ગૂંથાયેલું અને બીજું માયાથી અલિપ્ત.*

માયામાં જકડાયેલું મન = ઇચ્છા સાથે સંકળાયેલું મન.
પછી તે ઇચ્છા ભૌતિક હોય કે આધ્યાત્મિક હોય.
ભૌતિક ઇચ્છાવાળું મન અકલ્યાણકારી છે અને
આધ્યાત્મિક ઇચ્છાવાળું મન કલ્યાણકારી છે.
પ્રેમભાવના કેળવવાથી અકલ્યાણકારી મનને
કલ્યાણકારી મન તરફ દોરી શકાય છે.

અંતમાં વિચારશૂન્ય અવસ્થાની પ્રાપ્તિ
થઈ શકવાની શક્યતા પેદા થાય છે. આ પ્રાપ્તિ અર્થે
'પરિણામો હટે અને તેનું ફરીને કાર્ય પોતે નહિ કરતો,
પણ કોઈ અન્ય ચેતનશક્તિ કરે છે'
એ જાતની સભાન ભાવના કેળવવી રહે છે.
આ જાતની મનની કેળવણીથી
મન ચોખ્ખું - કોરા કાગળ જેવું બની રહે છે.
મન ઉપર કશા જ પ્રતિબિંબ પડતા નથી.
તે ઉપરાંત આવી ક્રિયાથી મન ઉપર પડેલા
પહેલાંની છાપ ભૂંસી શકાય છે.
માયાથી વિમુખ મન તે જ કે જે વિચારશૂન્ય હોય,
શુભકામનાથી પણ પર હોય, એટલું જ નહિ પણ
મનમાં ય જેને સમાધિની ઇચ્છા કે વિચાર ન હોય.
વિચારશૂન્ય થયા બાદ જ મનુષ્ય બ્રહ્મને પામી શકે છે.
જે ક્ષણે કોઈપણ વિચાર -
બ્રહ્મના ચિંતનનો વિચાર પણ મનપ્રદેશમાં દાખલ થાય,
તો તે વિચાર શૂન્યની પરાકાષ્ઠાએ પહોંચેલું મન ન કહેવાય,
તેથી બ્રહ્મપ્રાપ્તિ માટે યોગ્ય ન ગણાય. યોગીઓ માટે
પણ આ અવરોધનું માર્ગમાં મોટું કારણ બની રહે છે.

સહેલામાં સહેલો રસ્તો એ જ છે કે
સમાધિપ્રાપ્તિની ઇચ્છા ઈશ્વર ઇચ્છા ઉપર છોડી દેવી.
તેની પરમ કૃપા હશે, તો તે પોતે જ યોગ્યતા આવતાં
પ્રાપ્ત કરાવશે. જ્યારે મનની આ સ્થિતિ પ્રાપ્ત થશે,
ત્યારે જરૂર ફળ મળશે જ.

<u>મન બે પડનું બનેલું છે:</u> Dt. 5/5/1969

<u>એક બાહ્ય (જાગ્રત) અને બીજું આંતર.</u>

આપણા બ્રહ્માંડનો પાયો મન છે.
આંતરિક મનમાં તેના મોજાં સતત વહેતા હોય છે.
અજ્ઞાનતાથી કરેલ શંકારહિત વિચારની
આંતરિક મન ઉપર ખૂબ અસર થાય છે અને
જે પ્રકારનો વિચાર કર્યો હોય, તેવા જ વિચારના મોજાં
બહાર ફેંકાય છે, પરિણામે વિચારનું ફળ પેદા થાય છે
અને તેની અભિલાષા પરિપૂર્ણ થાય છે.
મોટા ભાગના લોકોના વિચાર
શંકાશીલ અને ઉચ્છૃંખલ હોય છે.
આંતરિક મનના ઊંડાણમાં વિચારશક્તિને દાખલ કરવાનું
કાર્ય બાહ્યમન જપ અને ધ્યાન સાધનાથી કરી શકે છે.
બાહ્યમન ફક્ત બી વાવવાનું કાર્ય કરે છે, કરી શકે છે,

## જ્યારે આંતરિક મન

આ બીજમાંથી છોડ, ઝાડ બનવાને આખરે ફળ આપે છે,
એટલે કે જેની અપેક્ષા રાખી હોય, તે મળે છે.
બાહ્યમનને કરેલાં દરેક કાર્યની છાપ આંતરિક મન પર પડે
તથા ફળપ્રાપ્તિ માટે અનુકૂળ વાતાવરણનું સર્જન કરે છે.
જેટલા વિચારની તીવ્રતા,
તેના પ્રમાણમાં પરિણામ માટે સમય આવશ્યક બને છે.
મનની એકાગ્રતાથી મનુષ્ય વાતાવરણમાં રહેલા
અનેક શક્તિ સાથે સંબંધ બાંધી શકે છે.
એકચિત્તથી કોઈપણ વસ્તુનો વિચાર કરવાથી તે જાતની
વિચારલહરીઓ આખા ય વાતાવરણમાં ફેલાઈ જાય છે,
જેને સામાન્ય મનુષ્યો 'ચમત્કારિક શક્તિ' કહે છે પણ
આ કોઈ ચમત્કારી વસ્તુ નથી, તે શક્તિની અવસ્થા
ફક્ત સાધના અને પ્રયત્નથી પ્રાપ્ત કરી શકાય છે.
આ શક્તિ જ ઈચ્છા પરિપૂર્ણ કરવામાં સહાયરૂપ બને છે
અને આને જ 'સકામ સમાધિ' કહે છે.
જ્યારે મનુષ્ય પોતાની જાતને તથા કાર્યને ભૂલીને
વિચારશૂન્ય અવસ્થા પ્રાપ્ત કરે છે અને બ્રહ્મ સાથે
ઐક્ય સાધે છે, ત્યારે તેને 'નિષ્કામ સમાધિ' કહેવાય છે.

- આધ્યાત્મિક સાધના પુસ્તક, લે. સ્વ. બાબલભાઈ પટેલ

## સુવર્ણ વિચારકણિકાઓ — ૯-૫-૪, સોમવાર

(૧) **અજપાજપની વ્યાખ્યા**

જેમાં મંત્રોચ્ચારનો પ્રયત્ન નથી, કિન્તુ
માત્ર મંત્રસ્મરણ છે, તે અજપાજપ છે.
તે સ્મરણ કોઈ ધ્વનિનું નથી પણ માત્ર માનસિક તરંગો છે.
મનની ક્રિયા માત્ર સાક્ષીરૂપ રહેલ છે, વ્યાપારરૂપ નહિ.

(૨) **સમાધિ અને સંયમમાં ફરક**

'આધિ' એટલે માનસિક પીડા, હર્ષ-શોકાદિ દ્વંદ્વ,
ભય-ચિંતાદિની લાગણી, તે જેમાં ન થાય, તે 'સમાધિ' છે.
'વ્યાધિ' એટલે શારીરિક પીડા, ક્ષુધા-તૃષા,
છેદન-ભેદન, તાડન-તર્જનાદિ વખતે પણ શરીરથી
આત્માને અલગ અનુભવવાની ક્રિયા, તે 'સંયમ' છે.

3) **સાક્ષાત્કારની નિશાની**

શરીરની અને મનની કોઈપણ ક્રિયા થાય,
ત્યારે 'તે ક્રિયા હું કરતો નથી પણ શરીર દ્વારા થાય છે,
મન દ્વારા થાય છે, હું તેનાથી એક અલગ તત્ત્વ છું'
એવી અનુભૂતિ સદાકાળ-કાયમ રહેલ,
તે આત્મસાક્ષાત્કાર થયો ગણાય.

Practical realisationની એ નિશાની છે.

(૪) રૂપાતીત ધ્યાન

આ ધ્યાન નિરાલંબન કે આત્માવલંબનની મુખ્યતાવાળું છે.
તેનું અવલંબન લેનારને શરીર-મનનો અતિશ્રમ વર્જ્ય છે.
જો ધ્યાનાભ્યાસની સાથે શરીરનો અધિકશ્રમ થશે, તો
વાયુ, ટીચકી જેવાં શારીરિક દર્દો કે
જઠર, કાળજું, ફેફસાં, પેટ, લીવર આદિની પીડા અનુભવાશે.
વળી જો મનનો અધિકશ્રમ થશે, તો
વાયુ-ટીચકી, શિરોવેદના વગેરેનો અનુભવ થશે.

(૫) સિદ્ધનો સ્વભાવ

રાખથી ઢાંકેલો અગ્નિ પણ ઉષ્ણતા આપે છે, તો
તે રાખ ઉડી ગયા પછી પ્રગટ થયેલો
અગ્નિ વિશેષ ઉષ્ણતા આપે, તેમાં શું આશ્ચર્ય?
પ્રવૃત્તિથી થતા ઉપકાર કરતાં વૃત્તિથી થતો ઉપકાર વિશેષ છે,
તેથી પણ વિશેષ ઉપકાર સ્વભાવથી થાય છે.
પ્રવૃત્તિનો ઉપકાર એકદેશીય છે.
વૃત્તિનો સર્વદેશીય અને સ્વભાવનો સીધો આત્મોપકાર છે.
તેને ગ્રહણ કરવાની યોગ્યતા મુજબ તે મળે છે.

(૬) પ્રભુની પ્રતિમા એ plan છે,
તેને જોઈને આત્મામાં building બાંધવાનું છે.

ઈંટ-ચુનો-માટી materials એ યમ-નિયમાદિ છે.
દેહ-ગૃહ-શાસ્ત્ર-સંઘ આદિ ઉપકરણો છે.
Formal, Final, material & efficient are the four causes - four pillars.

(૭) અંતરાયોના નિવારણ માટે
યોગદર્શન મુજબ ઈશ્વરપ્રણિધાન,
તંત્રશાસ્ત્ર પ્રમાણે આરાધ્યનું ધ્યાન,
રાજયોગ મુજબ આત્મપ્રણિધાન વગેરે
જુદી જુદી રીતે એક જ કાર્યને કરે છે.

(૮) મૃત્યુનો વિચાર જીવને લોકવાસનાથી પર બનાવે છે.
લોકવાસના જીતવા માટે દરેકનું મૃત્યુ નિત્ય વિચારવું જોઈએ.

(૯) આત્મસાક્ષાત્કાર માટેની પ્રથમ શરત
અર્થ અને કામની વાસનાથી સર્વથા વિરક્ત થવું તે છે.
સંપૂર્ણ બ્રહ્મચર્ય અને સંપૂર્ણ અપરિગ્રહની
વાસના વિના આત્માનુસંધાન અશક્ય છે.

(૧૦) ગણિત શીખવા માટે જેમ એકની સંખ્યા શીખ્યા પછી જ બે, ત્રણ, ચાર વગેરે શીખવવામાં આવે છે, તો જ તે શાસ્ત્ર ઉપર કાબુ મેળવી શકાય છે, તેમ યોગ શીખવા માટે પણ યમ-નિયમાદિ એક એક સિદ્ધ થયા પછી જ પછીના અંગો સિદ્ધ થઈ શકે છે.

સોની સંજ્ઞા, જાણી લેવા એ જુદું તથા શીખવા એ જુદું છે.

શિક્ષણ એ ક્રિયાત્મક છે, Practical છે.

જાણવું એ બૌદ્ધિક છે, Theoritical છે.

યોગ એ બુદ્ધિનો ખેલ નહિ પણ ક્રિયાત્મક આચરણ છે.

મન, વચન, કાયા ત્રણેની શુદ્ધિ એ યોગનું પ્રયોજન છે.

યોગ વડે યોગાતીત થવાનું છે.

(૧૧) જીવરાશિ ઉપર સ્નેહ તે પ્રવચનની માતા છે.

પ્રવચન, સંઘ, દ્વાદશાંગી, ચરણકરણાદિ અનુષ્ઠાનો,

સમિતિગુપ્ત્યાદિ મહાવ્રતોની ઉત્પત્તિ

જો જીવરાશિ ઉપરનો સ્નેહપરિણામ હોય, તો

તે જૈન પ્રવચન છે, અન્યથા પ્રવચનાભાસ છે.

બધા ધર્મ અનુષ્ઠાનોની ઉત્પત્તિનું મૂળ સ્નેહપરિણામ

હોવો જોઈએ, જે તીર્થંકરોના આત્મદ્રવ્યમાં સર્વોત્કૃષ્ટ હોય,

તેથી જ તેઓ ત્રિભુવનને પૂજનીય બને છે.

જીવતત્ત્વની રુચિ એ માતાના સ્થાને છે,

જીવતત્ત્વનો બોધ એ પિતાના સ્થાને છે,

જીવરક્ષા વિષયક સંયમ એ પુત્રના સ્થાને છે,

તે અનુક્રમે દર્શન - જ્ઞાન - ચારિત્રરૂપ છે.

રુચિ અને બોધ જગાડવાની શક્તિ નવકારમાં છે.

સંયમ એ કરેમિ ભંતેની પ્રતિજ્ઞાના પાલનમાં છે.
આમ નવકાર તથા સામાયિક મળીને જૈનપ્રવચન બને છે.
(૧૨) સંસાર દુઃખરૂપ છે, દુઃખફલક છે, દુઃખપરંપરક છે.

(a) દુઃખનો નાશ ધર્મથી છે.
ધર્મની પ્રાપ્તિ સુકૃતાનુમોદન વડે થાય છે.

(b) દુઃખરૂપી ફલ પાપનું પરિણામ છે.
પાપપરિણામનો નાશ દુષ્કૃતગર્હાથી થાય છે.

(c) દુઃખ પરંપરા સહજમલથી છે.
તેનો નાશ અરિહંતાદિના શરણાગમનથી છે.

જેમના સંબંધમાં આવવાની યોગ્યતારૂપ સહજમલનો નાશ
મુક્તિ, મુક્તિમાર્ગ અને મુક્તિમાર્ગના સાધક પુરુષોના
શરણ, સ્મરણ, ધ્યાન, પૂજન, બહુમાનાદિ વડે થાય છે,
તેથી ભવપરંપરાનો નાશ થાય છે.

દુષ્કૃતગર્હાથી પાપબુદ્ધિ જાય છે,
સુકૃતાનુમોદનાથી ધર્મબુદ્ધિ પેદા થાય છે અને
શરણાગમનથી યોગ્યતા વિકસે છે.

પાપબુદ્ધિનો નાશ દુષ્કૃતગર્હા વડે,
ધર્મબુદ્ધિનો વિકાસ સુકૃતાનુમોદન વડે અને
સહજમલનો હ્રાસ શરણાગમન વડે થાય છે.

(૯૩) જીવરાશિ ઉપર સ્નેહપરિણામ રાખવાથી
મન-વચન-કાયાના વ્યાપારો શુદ્ધ-સ્થિર થાય છે.
તે સ્થિર થયા પછી મનને આત્મધ્યાનમાં પરોવી શકાય છે,
જે દ્વારા આત્મરમણતા સુલભ બને છે.
સ્નેહપરિણામ સમ્યગ્દર્શનરૂપ છે,
આત્મધ્યાન દ્વારા થતું આત્મલાભ તે સમ્યગ્જ્ઞાનરૂપ છે
તથા આત્મરમણતા સમ્યગ્ચારિત્રરૂપ છે.
જીવો પ્રત્યે મૈત્રીની બુદ્ધિ ન હોવી, તે પાપબુદ્ધિ છે.
તેનો પ્રતિઘાત મૈત્રીની બુદ્ધિથી થાય છે. તે મૈત્રી, તેને
ધારણ કરનાર સર્વ જીવો નિમિત્તે થતી હોવાથી તેનાથી
ઉત્પન્ન થતાં સુકૃતની અનુમોદના કૃતજ્ઞતાના પરિણામરૂપ છે.
નિમિત્તકર્તાની અનુમોદનાથી પરિણમિત થનારને
ઉપાદાનકર્તાનો મહિમા લક્ષમાં આવે છે.
ઉપાદાન કર્તૃત્વ, પરિણામી કર્તૃત્વ, આત્મદ્રવ્યનું છે, તેથી
ઉત્પન્ન થતો શરણાગતિનો પરિણામ ત્રાણ સ્વરૂપ છે.
'દીવો તાણં સરણં ગઈ પઈટ્ઠા ।'
(૯૪) મૈત્રી અશુભથી બચાવે છે,
પ્રમોદ અને કરુણા શુભમાં જોડે છે,
માધ્યસ્થ્ય શુદ્ધમાં લઈ જાય છે.

નમોથી મૈત્રી સધાય છે,
અરિહં પ્રમોદ અને કરુણાનું પ્રતીક છે,
તાણં માધ્યસ્થ્ય સાધી આપે છે.

(૨૫) સમિતિનો વ્યાપાર મૈત્રીભાવનાં ફળરૂપે છે.
ગુપ્તિ એ માધ્યસ્થ્યભાવનો પરિપાક છે.

ગુપ્તિમાં મનોગુપ્તિ શ્રેષ્ઠ છે, તેમાં અશુભધ્યાનનો ત્યાગ છે તથા શુભધ્યાનમાં જોડાણ છે, આત્મારામતા પ્રગટે છે.

મનોગુપ્તિના ૩ લક્ષણ

પ્રથમ મન-વચન-કાયાના યોગોને શુભમાં પ્રવર્તાવાય છે,
પછી મનને આત્મતત્ત્વમાં સ્થિર કરાય છે,
છેલ્લે મનને શાંત કરીને આત્મરમણતા થાય છે.

विमुक्तकल्पनाजालं समत्वे सुप्रतिष्ठितं ।
आत्मारामं मनस्तज्ज्ञैर्मनोगुप्तिरुदाहृता ॥१॥

(૨૬) आस्रवः सर्वथा हेय उपादेयश्च संवरः ।
इतीयमार्हती आज्ञा पारमेश्वरी ।

અરિહંતપ્રભુની આજ્ઞાનો સાર બે વાક્યોમાં સમાઈ જાય:
આસ્રવ સર્વ પ્રકારે હેય છે, સંવર સર્વ પ્રકારે ઉપાદેય છે.

આસ્રવ = મન-વચન-કાયાના શુભાશુભ વ્યાપારો.
શુભ વ્યાપાર વડે અશુભનો સંવર થાય છે,

તે અંશમાં ઉદાહરણ છે અને આસ્રવ અંશમાં ભેદ છે.
સંવર એ મન-વચન-કાયાના નિરોધરૂપ છે.
નિરોધ માટે તેને સ્થિર કરવાનો પ્રયત્ન પણ સંવરરૂપ છે.
સ્થિર થયેલા યોગોને સર્વથા રોધવા માટે
મનોયોગને આત્મધ્યાનમાં સ્થાપવું અને પછી
તે મનને પણ આત્મામાં વિલીન કરવું,
તે પૂર્ણ સંવર છે અને એ જ
પ્રભુઆજ્ઞાના પાલનનો તાત્વિક સાક્ષાત્કાર છે.

(૨૭) <u>મંત્રનો અંતિમ ફલાદેશ</u>

મંત્ર વડે મનોગુપ્તિનો સાક્ષાત્કાર થાય છે.
પ્રથમ પૌદ્ગલિક વિષયના સંકલ્પ-વિકલ્પનો ત્યાગ, પછી
આત્મતત્ત્વના વિચારમાં લીનતા અને છેલ્લે
આત્મસ્વરૂપનું ભાન - એ મંત્રનો અંતિમ ફલાદેશ છે.
તે માટે શ્રદ્ધા અને સંકલ્પ - ઉભયની જરૂર પડે છે.
શ્રદ્ધા એ વિચારોની ઘનતા સ્વરૂપ છે. સંકલ્પ એ
વિચારોની એકાગ્રતારૂપ one-pointedness છે.
મંત્રમાં ભાવના અને શબ્દની પણ મોટી અસર છે.
ભાવના ઉત્સાહ જગાડનાર થાય છે,
શબ્દ પ્રાણશક્તિને ઉત્તેજિત કરે છે.

(૧૮)મંત્રમાં શબ્દ, અર્થ અને ભાવ ત્રણેનો સુમેળ રહેલ છે.
શબ્દનું ઉચ્ચારણ કર્મયોગ સ્વરૂપ બને છે,
અર્થનું આલંબન ભક્તિયોગરૂપ બને છે અને
અર્થ સાથે એકત્વની અનુભૂતિ એ ભાવયોગરૂપ બને છે.
ભક્તિયોગમાં શરણાગતિ મુખ્ય છે, જ્યારે
ભાવયોગ અને કર્મયોગમાં
પુરુષાર્થ-પુરુષકાર-સુદૃઢ પ્રયત્ન-આત્મક્રિયાની મુખ્યતા છે.
(૧૯) સંકલ્પશક્તિ વિકસાવવા માટે
આરાધ્યનું ધ્યાન શ્રેષ્ઠ ઉપાય છે.
સર્વ પ્રકારના સંકલ્પમાં
આત્મસ્વરૂપના સાક્ષાત્કારનો સંકલ્પ સર્વશ્રેષ્ઠ છે.
માનવજન્મ પામ્યાનું મુખ્ય ફળ તે છે.
(૨૦) મંત્રસાધનામાં ભાષ્ય, ઉપાંશુ અને માનસ પછી
અજપાનું સ્થાન છે. માનસજાપ સુધી મનની ક્રિયા છે,
ત્યારબાદ અજપામાં મન શાંત થઈ જાય છે.
*Listening of the still small voice*
એને અનાહતનું શ્રવણ પણ કહે છે.
(૨૧) મૈત્રી, પ્રમોદ, કારુણ્ય અને માધ્યસ્થ્ય-
એ ચાર ભાવનાઓ સક્રિય હોવા જોઈએ.

ભાવનાની સાર્થકતા ક્યારે...

હિતચિન્તાની સાથે ગુણાધિકની શક્ય સેવા, દુઃખાધિકને સહાય તથા પાપાધિકને પાપરહિત બનાવવાનો શક્ય પ્રયત્ન.

હિતચિન્તા સાથે શક્ય હિતપ્રવૃત્તિ રહે,
તો જ તે મૈત્રી આદિ ભાવના સાચી તથા ફળવતી ગણાય
અને શુભધ્યાનનો હેતુ બને.

(૨૨) હિતચિન્તન મનમાં થાય છે.

જેના મનમાં તે થાય, તેને તેનું ભાન છે પણ જેને માટે થાય છે, તેને તેનું ભાન ક્યાં છે? નથી.

તો પછી તેને લાભ કેવી રીતે થાય?

અનુમોદન વિના લાભ શાનો? તેનો ઉત્તર એ છે કે અજાણ વસ્તુ પણ વસ્તુ હોય તો અવશ્ય લાભ કરે છે. રોગી નિદ્રાવશ હોય ત્યારે પણ તેના શરીરને કરવામાં આવતો ઉપચાર ગુણ કરે છે. નિદ્રામાં પણ કોઈ ઉત્તમ વસ્ત્રાભૂષણ પહેરાવે તો ગુણ થાય છે અને જાગ્યા પછી તેનો વિશેષ આનંદ અનુભવાય છે, તેમ શુભભાવના પણ એક વસ્તુ છે, ન જાણનારને પણ તેનો લાભ અવશ્ય મળે, તેથી આપણા પ્રત્યે શુભભાવના રાખનારને આપણે જાણીએ કે ન જાણીએ, ઓળખીએ કે ન ઓળખીએ, તો પણ તેમના પ્રત્યે કૃતજ્ઞ રહેવું, તે પરમ કર્તવ્ય છે.

## (23) હિતચિન્તા મૈત્રીરૂપ છે.

તે જેના પ્રત્યે કરવામાં આવે, તેને જાણતાં કે અજાણતાં ઓછો-વધતો લાભ અવશ્ય મળે જ છે. અચરમાવર્તમાં રહેલા, અતિઘોર નિદ્રામાં પડેલા, અપુનર્બંધકાદિ અવસ્થાને નહિ પામેલા, એવા અનંતાનંત જીવોને તે ભાવના પ્રવૃત્તિ રૂપે ગ્રહણ કરતી નથી, તો પણ તે જીવો વિષયક કરેલી ભાવના, ભાવના કરનારને તો અવશ્ય ગુણ કરે છે.

અમૈત્રીરૂપી મિથ્યાત્વનું મહાપાપ,

તેમાંથી છુટવા મૈત્રી એ પાપ પ્રતિઘાતસ્વરૂપ બને છે, એટલું જ નહિ પણ જે જીવોનું હિતચિન્તન થાય છે, તે જીવોના નિમિત્તે હિતચિન્તન કરનારને મહાન ગુણ થાય છે. તે ગુણની અનુમોદના પણ સુકૃતની અનુમોદનાનો જ એક પ્રકાર છે, તેથી કૃતજ્ઞતાગુણ પુષ્ટ થાય છે. ગુણમાં નિમિત્ત બનનાર પ્રત્યે પણ જ્યારે કૃતજ્ઞતા ગુણ આવિર્ભાવ પામે છે અને તેમાં નિષ્ઠાંતતા મળે છે,

ત્યારે તેથી સ્વભાવ વધીને ગુણમાં ઉપાદાન બનનાર પ્રત્યે વિશિષ્ટ ભક્તિ ઉત્પન્ન થવા લાગે છે.

કૃતજ્ઞતાના પાયા ઉપર આ ભક્તિ આત્મસ્વરૂપમાં લીન કરાવે છે, તેનું જ બીજું નામ 'શરણાગતિ' છે. આ શરણાગતિ પરિપૂર્ણ નિર્ભયતાને અપાવનારી થાય છે.

(૨૪) મૈત્રી વડે પાપપ્રતિઘાત થાય છે.
કૃતજ્ઞતા વડે ગુણબીજાધાન થાય છે અને
અંતરંગ ભક્તિ વડે નિર્ભયતા મળે છે.
મૈત્રી વડે અદ્વેષ, કૃતજ્ઞતા વડે અખેદ અને
ભક્તિ વડે અભયની પ્રાપ્તિ થાય છે.
મૈત્રી જીવમાત્ર પ્રત્યે સમતાભાવ વિકસાવે છે,
તેથી તત્ત્વરૂચિરૂપ છે, કૃતજ્ઞતા તત્ત્વબોધરૂપ છે.
શરણાગતિ રૂપ ભક્તિ તત્ત્વપરિણતિ રૂપ છે.

(૨૫) શાસનરક્ષાનો સરળ ઉપાય મંત્રસાધના વડે
દૈવને પ્રત્યક્ષ કરવો અને તે દ્વારા સંઘ, સાધર્મિક,
તીર્થ આદિ ઉપર આવેલી આપત્તિ દૂર કરવી તે છે.
માનુષીશક્તિ ઉપર દૈવીશક્તિનો પ્રયોગ
કાર્યને સરળ બનાવે છે. વળી દેવસાધના માટે ઉત્તમ
તથા અધિકારી જીવોને પસંદગી આપવી જોઈએ.
વાત્સલ્ય અને પ્રેમ ગુણથી ભરપૂર, બાલબ્રહ્મચારી, વિનીત
અને નિર્ભય - એવા પુરુષો તે માટે અધિકારી ગણી શકાય.

(૨૬) અજપામાં મન શાંત થાય છે.
તેમાંથી રૂપાતીત ધ્યાનમાં પ્રવેશ કરી શકાય છે.
રૂપાતીત ધ્યાન એ મન તથા અંતઃકરણ-ચતુષ્ટયથી પર છે.

તેને મનસાતીત, તુર્યાતીત આદિ શબ્દોથી ઓળખાવી શકાય
અથવા મનોન્મની પણ કહી શકાય.

રૂપાતીતમાં શુક્લધ્યાનના પહેલાં બે પાયામાં ગુણપર્યાયયુક્ત અને ગુણપર્યાયવિયુક્ત એવા કેવળ શુદ્ધ આત્મતત્ત્વના ધ્યાનને ધ્યાવવાની યોગ્યતા પ્રાપ્ત થાય.

(૨૭) સમાધિ અને સંયમમાં અચિન્ત્ય શક્તિ રહેલી છે.
રણસંગ્રામમાં લાખો સુભટોને જીતનાર શરીરબળવાળા પણ
સમાધિ અને સંયમબળવાળા પાસે
નિર્બળ બને છે, પરાજીત થાય છે.

સમાધિયુક્ત ચિત્તવાળા, 'દેહના નાશ વખતે ય આત્માનો નાશ થતો નથી' એવા દૃઢબુદ્ધિવાળા મહાત્માઓ પાસે તેમનો પ્રાણ લેવા આવેલા પાપિષ્ઠ જેવો પણ પીગળી જાય છે.

પુદ્ગલશક્તિ કરતાં આત્મશક્તિ
અનંતગણું સામર્થ્ય ધરાવે છે, તેથી
આત્મશક્તિને વિકસાવવા માટે જ સદા સજ્જ રહેવું જોઈએ.

આત્મશક્તિ વિકસાવવાનો ઉપાય ચિત્તની સમાધિ અને કાયાનો સંયમ છે. ચિત્તની સમાધિ જીવો પ્રત્યે મૈત્રીભાવ દૃઢ કરવાથી થાય છે. કાયાનો સંયમ પુદ્ગલ પ્રત્યે વિરક્તિ, પુદ્ગલથી ભિન્ન આત્મતત્ત્વની શ્રદ્ધાગાઢતાથી પ્રાપ્ત થાય છે.

(૨૮) कार्येषु मंत्री करणेषु दासी
भोज्येषु माता शयनेषु रंभा ।
धर्मे सहाय्या क्षमया धरित्री
षड्गुणयुक्तास्त्विह धर्मपत्नी ॥१॥ અર્થાત્:

(વિચાર કરવામાં) પ્રધાનની પેઠે સલાહ આપનાર,
(કામ કરવામાં) દાસીની જેમ વર્તનાર,
ભોજન કરાવવામાં માતાની જેમ સ્નેહ બતાવનાર,
શયનગૃહમાં અપ્સરાની જેમ સુંદરતા બતાવનાર,
ધર્મકાર્યમાં અનુકૂળ સહાય કરનાર અને
સુખ-દુઃખને સહન કરવામાં પૃથ્વીની જેમ વર્તનાર હોય,
તે છ ગુણવાળી સ્ત્રી 'ધર્મપત્ની' કહેવાય.

(૨૯) દુઃખદ્વેષના સ્થાને દુઃખનું મૂળ પાપ,
તેનો દ્વેષ કેળવવાની તાલીમ દુષ્કૃતગર્હાથી મળે છે.
સુખપ્રેમના સ્થાને સુખનું મૂળ ધર્મ,
તેનો પ્રેમ કેળવવાની તાલીમ સુકૃતાનુમોદનથી મળે છે.
પાપ અને પાપનાં સાધનો - નિમિત્તો જેમ વર્જ્ય છે,
ગર્હણીય - નિંદનીય છે, તેમ સુકૃત, પુણ્ય, ધર્મ અને
તેનાં સાધનો તથા નિમિત્તો પ્રશંસનીય - ઉપાદેય છે.
ગુણબુદ્ધિએ અને કૃતજ્ઞતાની બુદ્ધિએ બોલાવવાલાયક છે.

આવા ભાવનું નામ સુકૃતાનુમોદના છે.

પુણ્ય-પાપ ઉભયરહિત એવું નિર્મળ આત્મતત્ત્વ
પૂર્ણ-સુખની ખાણ-શાશ્વત-અક્ષય-ત્રિકાળાબાધિત છે.
તેથી તે જ એક આશ્રય યોગ્ય-શરણ કરવા લાયક છે.
તેમાં જ મનને લીન કરવું, તે શરણાગમન છે.

જેનામાં શરણ આપવાની શક્તિ છે,
જે સર્વ જીવોનું ત્રાણ કરી શકે છે અને
જીવને હંમેશ માટે નિર્ભય બનાવી શકે છે, તેના આશ્રયે
જવાની અને રહેવાની ક્રિયાનું નામ શરણાગમન છે.
પહેલી બે પ્રક્રિયાથી શુદ્ધ વ્યવહારની સાધના થાય છે.
છેલ્લી પ્રક્રિયા શુદ્ધ નિશ્ચયની સાધના કરાવે. વ્યવહાર
-નિશ્ચય ઉભયની શુદ્ધ સાધના મોક્ષનું કારણ બને છે.

(30) દુષ્કૃતગર્હાનું ફળ એટલે...
પાપી અને અપરાધી પ્રત્યે માધ્યસ્થ્ય.

સુકૃતાનુમોદનાનું ફળ એટલે...
પુણ્ય અને પુણ્યવાન પ્રત્યે મુદિતાભાવ.

'દુષ્કૃતના વિપાક દુઃખ અને દુર્ગતિ છે, તેને જે જીવો
ભોગવી રહ્યા છે, તે તેમાંથી બચો' તે કરુણાભાવ છે.
કરુણાભાવનું મૂળ પણ દુષ્કૃતગર્હા બને છે.

સુકૃતનાં ફળ સુખ અને સદ્ગતિ છે.
તે જેઓ અનુભવી રહ્યા છે,
તેના પ્રત્યે મૈત્રીનું મૂળ સુકૃતાનુમોદનનો અભ્યાસ છે.
એ રીતે મૈત્રી, મુદિતા, કરુણા અને માધ્યસ્થ્યનો
અભ્યાસ કરીને ભવ્યત્વ પકાવવાનાં ત્રણ સાધનો કરી,
બંને એક જ કાર્ય કરે છે.
દુષ્કૃતગર્હા અને સુકૃતાનુમોદન
વડે થયેલ ચિત્તશુદ્ધિ આત્મદર્શનને સહજ બનાવે છે.
નિર્મળ અંતઃકરણમાં શુદ્ધ આત્માનું પ્રતિબિંબ પડે છે,
તેની સાથે એકતાની અનુભૂતિ તે શરણાગમનનું ફળ છે.
પુણ્ય-પાપના વિપાકનું ચિન્તન અને પુણ્ય-પાપરહિત
એવા શુદ્ધ આત્માના અખંડ સામર્થ્યનું ધ્યાન,
એ બે મળીને મુક્તિમાર્ગની આરાધના પૂર્ણ બને છે.
એકને સમ્યગ્જ્ઞાન અને બીજાને સમ્યગ્ધ્યાન કહી શકાય.
(૩૪)ભેદમાં અભેદનો વિચાર સમત્વભાવને વિકસાવે છે.
જાતિગત અભેદનો વિચાર સમભાવને, મધુર પરિણામને
universal consciousnessને વિકસાવે છે.
આકાશની જેમ વિશાળ બનાવે છે, અનન્ત સુધી પહોંચાડે છે.
ભૂતભાવિ પર્યાયોમાં
અનુસ્યૂત દ્રવ્યની એકતા-અભેદનો વિચાર ઊંડાણ લાવે છે.

સમભાવ - ગંભીરભાવને વિકસાવે છે,
નિસ્તરંગ મહોદધિવત્ પરિણામ બનાવે છે.
'અનંતાનંત ગુણોનો આધાર એક જ દ્રવ્ય છે'
એ જાતિના અભેદનો વિચાર સમભાવને વિકસાવે છે,
વિચારોમાં ઉદાત્તતા લાવે છે,
મેરુ પણ મોટા ગુણોના પર્વત સમી ઉચ્ચતાને બતાવે છે.

(૩૨) ધીરતા, શાંતતા, ઉદાત્તતા વગેરે
વીરરસ અને શાંતરસના નાયકના ગુણો
એની સાથે વિકસાવનાર ત્રણ રીતે અભેદનો વિચાર છે:
જાતિગત અભેદ, પર્યાયગત અભેદ અને ગુણગત અભેદ.
તેમાં જાતિગત અભેદ મધુરપરિણામ વિકસાવનાર હોવાથી
કષાયના અભાવરૂપ શાંતરસને પોષે છે.
પર્યાયગત અભેદ તુલાપરિણામને વિકસાવનાર હોવાથી
દ્વંદ્વાતીત અવસ્થારૂપ અતિગંભીર ઉદાત્તભાવને પોષે છે.
ગુણગત અભેદ ખીરખંડયુક્ત સમભાવને વિકસાવનાર
હોવાથી ધીરભાવને, નિષ્પ્રકંપપણાને લાવનાર થાય છે.
વળી તે ઉપરાંત ગુણગત અભેદ
ધીરોદાત્તશાંતપણાને પોષનાર હોવાથી
અભેદનો વિચાર સમતા સામાયિકનો પ્રાણ બને છે.

(33) પિંડસ્થ - પદસ્થાદિ ધ્યાનો માટે
નિયત સમય, સ્થાન, વિધાનાદિની આવશ્યકતા છે.
રૂપાતીત ધ્યાન સર્વ ક્રિયા, કાળ, અવસ્થાઓમાં થઈ શકે છે,
કેમકે તેમાં આત્માની સાથે એકત્વનું ભાન છે.
પ્રત્યેક ક્રિયા કરતી વખતે તે ક્રિયામાં ચૈતન્ય પુરું પાડનાર
તત્ત્વ આત્મા તેની અંદર અને તેની પર રહેલો છે અને
'તે હું છું' અર્થાત્ દ્રવ્યાર્થિક દૃષ્ટિએ તે આત્મદ્રવ્યની સાથે
એકત્વનું ભાન ટકાવી રાખવું તે નિરાલંબન - રૂપાતીત છે.
પિંડસ્થાદિ ધ્યાનોમાં નિષ્ણાંતને જ તે સંભવે છે

(34) 'રાગ-દ્વેષ દોષોમાં દોષત્વબુદ્ધિ તે ઘોર મિથ્યાત્વ છે'
તેનો તાત્પર્યાર્થ

રાગ-દ્વેષાદિ દોષોમાં જીવોનું કલ્યાણ કરવાની શક્તિ છે,
એવી અંશે પણ શ્રદ્ધા છે, ત્યાં સુધી સમ્યક્ત્વ નથી.
રાગ-દ્વેષાદિમાં જે શક્તિ દેખાય છે,
તે જ્ઞાનદર્શનોપયોગવાળા ચૈતન્યતત્ત્વની
ઉછીની લીધેલી અને વિકૃત કરેલી શક્તિ છે.
'સર્વ શક્તિ એક ચૈતન્યતત્ત્વમાં જ રહેલી છે'
એવી સમ્યક્ શ્રદ્ધા જ સુદેવ-સુગુરુનું સાચું શ્રદ્ધાન છે.
ચૈતન્યતત્ત્વમાં રહેલી તારકશક્તિનું જેઓને ભાન નથી,

તેઓ દેવતત્ત્વ, ગુરુતત્ત્વ કે ધર્મતત્ત્વ - એકેય તત્ત્વને
સદ્દહનારા નથી. પોતાનું તથા જીવોનું જીવત્વ અને દેવ-
ગુરુ આદિ તત્ત્વોનું મહત્ત્વ તેઓના ખ્યાલમાં આવ્યું જ
નથી, પરિણામે ગમે તેટલા ધર્મક્રિયાઓ પણ
તેમને માટે ધાર ઉપર લીંપણ જેવી થાય છે.

(૩૫) વસ્તુયાથાત્મ્યવિજ્ઞાનશ્રદ્ધાન - ધ્યાન - સંપદઃ ।
ભવન્તુ ભવ્યસત્ત્વાનાં સ્વસ્વરૂપોપલબ્ધયે ॥ અર્થ:
વસ્તુ જેવા છે, તે જ પ્રમાણેનું જ્ઞાન, શ્રદ્ધા, ધ્યાન, સ્વીકાર
ભવ્ય જીવોના સ્વ સ્વરૂપની ઉપલબ્ધિ માટે થાઓ.

(૩૬) અરિહંતોની ઉપાસના
દ્રવ્ય-ગુણ-પર્યાયથી પોતાના આત્માને ઓળખવા માટે છે.
જે અરિહંતોને દ્રવ્ય - ગુણ - પર્યાયથી જાણે છે,
તે પોતાના આત્માને જાણે છે.
જે આત્માને જાણે છે, તેના રાગ-દ્વેષ ક્ષય પામે છે.
રાગ-દ્વેષ ક્ષય થવાથી નિર્વાણની પ્રાપ્તિ થાય છે.
નિર્વાણ પ્રાપ્તિનો આ સીધો માર્ગ છે.

(૩૭) અરિહંતોને દ્રવ્ય-ગુણ-પર્યાયથી જે જાણે - ધ્યાવે છે
તે પોતાના આત્મદ્રવ્ય-ગુણ-પર્યાયને ઓળખે છે તથા
ઓળખીને જ્યારે તેમાં લીન થાય છે, ત્યારે
આકાશથી પણ વિશેષ વિશાળતા અનુભવે છે,

સાગરથી પણ અધિક ગંભીરતા અનુભવે છે અને
મેરુથી ય અતિ ઉચ્ચતા - નિષ્પ્રકંપતાનો અનુભવ થાય છે.
આત્મા એ આત્મત્વ જાતિથી વિશાળ છે,
પરમાણુસ્યૂત દ્રવ્યથી સાગર કરતાં પણ ગંભીર છે અને
ગુણરત્નના એકત્ર અવસ્થાનથી
મેરુ કરતાં પણ અતિ ઉચ્ચ છે.
જેમ મેરુ નિષ્પ્રકંપ છે, સાગર નિસ્તરંગ છે,
આકાશ નિરંજન - નિર્વિકાર છે, તેમ
શુદ્ધ આત્મા ગુણથી નિષ્પ્રકંપ, દ્રવ્યથી નિસ્તરંગ
અને જાતિથી નિરંજન છે.
એવા શુદ્ધ આત્માનો અનુભવ કરવા માટે
આદ્ય આલંબન અરિહંત પરમાત્માનું છે, તેથી
તેમના નામાદિ અહીં કાળમાં અહીં રહીને પૂજનીય છે.
(૩૮) અરિહંતોની વિશેષતા તેમના ગુણપ્રકર્ષમાં છે.
ગુણપ્રકર્ષ અચિન્ત્યશક્તિયુક્ત હોય છે.
અચિન્ત્યશક્તિ તદ્ભાવાવસ્થિતિમાં પરમ હેતુ છે અને
અરિહંતોનું આત્મદ્રવ્ય અનાદિકાલીન યોગ્યતાના કારણે
સર્વદા, પરાર્થરસિક હોવાથી તેમની ઉપાસના ભવ્યને શીઘ્ર
બોધિ-સમાધિ તથા ભાવઆરોગ્ય આપવા સમર્થ થાય છે.

(૩૯) મૈત્રીભાવના આદ્ય ઉપદેષ્ટા અરિહંતો
ધર્મમાત્રના ઉત્પાદક છે, મૂળ છે, શ્વેત વર્ણે ધ્યાતવ્ય છે.
તેને આચરણ, જ્ઞાન અને સાધના વડે સિદ્ધ કરનારા
સિદ્ધ ભગવંતો મૂળમાંથી ફળ પર્યંત પહોંચેલા છે, તેથી
રક્ત વર્ણે ધ્યાન કરવા યોગ્ય છે.
આચરણ એ પુષ્પ છે, તેથી આચાર્ય ભગવંતો
પીત વર્ણે ધ્યાન કરવા યોગ્ય છે.
જ્ઞાન એ પત્ર છે, તેથી જ્ઞાનાભ્યાસમાં રત ઉપાધ્યાય
ભગવંતો નીલ વર્ણે ધ્યાન કરવા યોગ્ય છે.
સાધુ ભગવંતો સાધનાવૃક્ષના સ્કંધ-શાખા-પ્રશાખારૂપ છે,
તેથી કૃષ્ણ વર્ણે ધ્યાન કરવા યોગ્ય સાધુપદ છે.
એ રીતે ધ્યાતું મૂળ, ફળ, પુષ્પ-પત્ર, શાખા-પ્રશાખા અને
સ્કંધનું ધ્યાન ધર્મવૃક્ષના મૂળનું સિંચન કરે છે.
જેનું પરિણામ અમૈત્રીરૂપી મહામોહાંધકારનો વિલય થાય
અને મૈત્રીરૂપી ઝળહળતો ધર્મપ્રકાશ પ્રાપ્ત થાય છે.
તે જ મૂળ વસ્તુને નવકારમંત્ર મંત્રવર્ણોમાં પ્રકટ કરે છે.
મૈત્રીભાવની મંત્રમૂર્તિરૂપ બનીને
શ્રી નવકાર મહામંત્રના ૬૮ અક્ષરો
ભવ્યજીવોને ભવસાગર તરવાના તીર્થરૂપ બની રહે છે.

આમ સમસ્ત સત્યવિષયક સ્નેહપરિણામનો વિકાસ કરીને
નમસ્કાર મહામંત્ર એ અનંત કાળથી, અનંત જીવો ઉપર
અનંત ઉપકાર કરતો રહ્યો છે.

(૪૦) જીવો પ્રત્યે અમૈત્રી એ...

મોટું પાપ છે, મહામિથ્યાત્વ છે, પરમ સત્ય એવું જીવતત્ત્વ
તેનો વિરોધ છે, અનંતાનંત આત્માઓની પરમ ઉપેક્ષા છે,
અનાદર છે, અવગણના છે, પરમ સંકુચિતતા છે,
ચૈતન્ય તત્ત્વ પ્રત્યે પરમ દુર્લક્ષ છે.
તેનો નાશ એક મૈત્રી વડે જ શક્ય છે.

જીવો પ્રત્યે મૈત્રી એ...

મોટું પુણ્ય છે, પરમ આસ્તિકતા છે, સત્ય અને સિદ્ધ
એવું પરમ જીવ સ્વરૂપ, તેનો સ્વીકાર છે, આદર છે,
બહુમાન છે, પ્રેમ છે, પ્રીતિ છે, નમસ્કાર છે, વહાલ છે,
એકત્વનો અનુભવ છે, અનંત સંખ્યા અને ગુણનો
ગુણાકાર છે, વર્ગ છે, વિશાળતા છે, વિરાટ છે,
પરમ શાંતિ અને સ્વસ્થતાનો અનુભવ છે.

એ મૈત્રીભાવને મૂળથી અને ફળથી, પત્રથી અને પુષ્પથી,
સ્કંધથી અને શાખા - પ્રશાખાથી જેઓએ સિદ્ધ કર્યો છે,
તેમનો નમસ્કાર, તેમની શરણાગતિ, તેમની ઉપાસના,

તેમની ભક્તિ, તેમને સમર્પણ તથા તેમની જ અનન્યભાવે થતી આરાધના જીવની અમૈત્રીભાવરૂપી અપવિત્રતાનો નાશ કરી મૈત્રીભાવરૂપી પવિત્રતાને વિકસાવે છે, તેનું જ નામ નમસ્કારાદિ થતો પાપનાશ અને મંગળનું આગમન કહ્યું છે.

મંગળ એ ધર્મ છે, તેનું મૂળ મૈત્રી છે.

અમંગળ એ પાપ છે, તેનું મૂળ અમૈત્રી છે.

'અમૈત્રીમાં અજ્ઞાન-અવિદ્યા-મિથ્યાત્વમોહનું સેવન છે, મૈત્રીમાં જીવતત્ત્વના જ્ઞાનનો પ્રકાશ, આત્મવિદ્યાનો વિકાસ અને સમ્યક્ત્વ રૂપી સૂર્યનો ઉદય રહેલો છે.'

એ અર્થથી ભરેલો નમસ્કાર એ મહામંત્ર તથા સિદ્ધમંત્ર છે.

(૪૨) 'નમો' મંત્ર એ...

આત્મસ્થિત સર્વ મહાન ખજાનાની સુવર્ણ ચાવી છે.

આત્મદ્રવ્યમાં સદા વિદ્યમાન ગુણરૂપી અખૂટ ખજાનાનું તાળું ખોલવા માટે ચાવીનું કામ નમો મંત્ર કરે છે.

નમો એ સર્વ દિવ્યપ્રકાશ - સર્વ જીવનના સ્ત્રોતને ઉઘાડવાની ચાવી છે, જેને અનંતકાળથી કાટ લાગેલો છે. તેને દૂર કરવા માટે અપરાધીની ક્ષમાપના, ઉપકારીની ભક્તિ તથા અપકારી પ્રત્યે માધ્યસ્થ્યાદિ તેલની જરૂર છે. મૈત્રી, માધ્યસ્થ્ય, પ્રમોદ, કરૂણા વગેરે વૃત્તિઓ જ્યારે

મનમાં ઉત્પન્ન થાય છે, ત્યારે તે મન
નમસ્કારરૂપ બનીને ગુરુરત્નરૂપી ખજાનાથી ભરપૂર
આત્મદ્રવ્યરૂપી તિજોરીનું તાળું ખોલી નાંખે છે અને
તે 'ૐ નમઃ સિદ્ધં ।' મંત્રનું
ચૈતન્ય પ્રકટાવી આપે છે, સિદ્ધ વસ્તુને દેખાડે છે,
તેના પ્રત્યે અહોભાવ જગાડે છે અને હંમેશ માટે તે
એકસરખા આનંદ અને સુખનો અનુભવ કરાવે છે.
'ૐ નમઃ સિદ્ધં ।' મંત્રનું એ ચૈતન્ય છે.

*Awareness of Reality & absolute Truth with full vigour & vitality with full peace, power & prosperity.*

(૪૨) 'ૐ નમઃ સિદ્ધં ।' એ...
સિદ્ધ મંત્ર છે, શાશ્વત મંત્ર છે, સત્યનો પ્રકાશ પાડનાર
મંત્ર છે, તેનું નિરંતર બ્રહ્મરંધ્રમાં ધ્યાન કરવું જોઈએ.

(૪૩) જાતિગત એકતાનો વિચાર શાંતિ આપે છે
તથા કષાયોની નિવૃત્તિ કરે છે.
જેમ ત્રૈકાલિક પર્યાયોનો એક જ આધાર છે, અને
પર્યાયોના આધારરૂપ આત્મદ્રવ્યની એકતાનો વિચાર એ
તુષ્ટિ આપે છે તથા પ્રસન્નતા-સંતોષને વિકસાવે છે.

જે રીતે અનંતાનંત ગુણોનું અધિષ્ઠાન એક જ છે અને એકમાં અનંત શક્તિઓ સમાયેલી છે, એ રીતે અધિષ્ઠાનની એકતાનો વિચાર પુષ્ટિ આપે છે, ઉત્સાહ વધારે છે, વાત્સલ્યને જગાડે છે તથા વાત્સલ્યની વૃદ્ધિ કરે છે. શાંતિથી આરોગ્ય, તુષ્ટિથી બોધિ અને પુષ્ટિથી સાધકની સમાધિની સિદ્ધિ થાય છે.

(૪૪)જાતિગત એકતાના વિચારથી આત્મામાં વિશાળતા, આધારગત એકતાના વિચારથી ગંભીરતા, અધિષ્ઠાનગત એકતાના વિચારથી ઉદાત્તતા તથા ઉચ્ચતા અનુભવાય છે. Height, Depth and breadth ત્રણે મળીને એક ચતુર્થ વસ્તુ બને છે, તેનું સંવેદન સર્વ પ્રકારના વિકલ્પમાંથી છોડાવી નિર્વિકલ્પ સ્થિતિનો અનુભવ કરાવે. Becomingમાંથી છોડાવી Beingમાં લઈ જાય છે, જે only awareness બની પરમ શાંતિ આપે.

આને કેટલાક લોકો Transcendental meditation પણ કહે છે.

(૪૫) (a) પરમભાવ ગ્રાહક દ્રવ્યાર્થિક નય અનેક સ્વભાવમાંથી જ્ઞાન નામનો પરમ સ્વભાવ ગ્રહણ કરીને 'જ્ઞાનમય આત્મા'ને સ્વીકારે છે.

(b) કર્મોપાધિ નિરપેક્ષ શુદ્ધ દ્રવ્યાર્થિક નય
જીવને સિદ્ધ સમાન શુદ્ધાત્મા માને છે.

(c) ઉત્પાદ - વ્યય જેમાં ગૌણ છે,
તે સત્તાગ્રાહક શુદ્ધ દ્રવ્યાર્થિક નયે આત્મા નિત્ય છે.

(d) ભેદકલ્પના નિરપેક્ષ શુદ્ધ દ્રવ્યાર્થિક નયે
નિજ પર્યાય સ્વભાવથી આત્મા અભિન્ન છે.

(૪૬) (a) કર્મોપાધિ સાપેક્ષ અશુદ્ધ દ્રવ્યાર્થિક
ક્રોધાદિ કર્મજ ભાવવાળો આત્મા છે.

(b) ઉત્પાદ-વ્યય સાપેક્ષ અશુદ્ધ દ્રવ્યાર્થિક દ્રવ્ય
એક જ સમયે ત્રણ ધર્મવાળું છે.

(c) ભેદકલ્પના સાપેક્ષ અશુદ્ધ દ્રવ્યાર્થિક નયે
દર્શન - જ્ઞાનાદિ ગુણો આત્માના છે.

(૪૭) (a) અન્વય દ્રવ્યાર્થિક
ગુણ - પર્યાય સ્વભાવવાળું દ્રવ્ય છે.

(b) સ્વદ્રવ્યાદિ ગ્રાહક - સ્વદ્રવ્યાદિ અપેક્ષાએ સત્ છે.

(c) પરદ્રવ્યાદિ ગ્રાહક-પરદ્રવ્યાદિ ચતુષ્ટાપેક્ષયા અસત્ છે.

(૪૮) ભવનિર્વેદ એટલે સંસારથી કંટાળો,
સ્વાર્થ માટે થતો જગતને અપકાર અને
જીવવા માટે જગતનો લેવાતો ઉપકાર, તેથી નિર્વેદ તે.

હિંસાદિ પાપોનું મૂળ દેહ ટકાવવાની સ્વાર્થવૃત્તિ છે,
એટલે ભવનો સાચો અર્થ સ્વાર્થવૃત્તિ છે,
તેથી કંટાળો તે સાચા અર્થમાં નિર્વેદ છે.
સ્વાર્થવૃત્તિ એ પાપવૃત્તિનો જ પર્યાય છે, કેમકે સ્વાર્થવૃત્તિ બીજાનો ઉપકાર લેવામાં અને પરપીડામાં પરિણમે છે.
સંવેગ એટલે ભવનિર્વેદમાંથી પ્રગટતી મોક્ષની આકાંક્ષા.
સંવેગ આત્માનુભૂતિની અભિલાષારૂપ છે.
'મોક્ષ જ એક એવું સ્થાન છે કે જ્યાં ગયા પછી દેહ ધારણ કરવાપણું હોતું નથી એટલે સ્વાર્થવૃત્તિરૂપી પાપથી મુક્ત થવાય છે અને સાદિ-અનંત કાળ સુધી અસ્તિત્વમાત્રથી ઉત્તમ જીવો ઉપર ઉપકાર થયા કરે છે. સ્વાર્થવૃત્તિનો નાશક તથા પરાર્થભાવનો પોષક હોવાથી એક મોક્ષ જ ભવ્યજીવને ઉપાદેય છે.'
એવી બુદ્ધિનું નામ 'સંવેગ' છે.
દુષ્કૃતગર્હામાંથી નિર્વેદ, સુકૃતાનુમોદનામાંથી સંવેગ અને ચતુઃશરણગમનના ભાવમાંથી સ્વરૂપલાભ રૂપ સ્વાધીન એવા સુખની મોક્ષની ઉત્પત્તિ છે.
એક ભવનિર્વેદ કે સંવેગગુણમાં ત્રણે વસ્તુ જોડાયેલી છે.
જ્યાં ભવનિર્વેદ કે મોક્ષાભિલાષરૂપ સંવેગ રહેલો છે,

ત્યાં દુષ્કૃતગર્હા, સુકૃતાનુમોદના અને અરિહંતાદિના
શુદ્ધ સ્વરૂપની શરણાગતિનો ભાવ અવશ્ય રહેલો છે.

જગતનું ઇષ્ટ પોતાનું ઇષ્ટ બને, ત્યારે
ભાવ પરિપૂર્ણ થાય છે અને
ત્યારે જ ભવનો અંત આવે છે.
ભાવ સ્વાર્થ છે, ભાવ પરમાર્થ છે.
પરમાર્થથી સ્વાર્થ જળવાય છે.
ભાવનિર્વેદ તે ભગવદ્ભક્તિ છે.

(૪૯) તત્ત્વજ્ઞાનથી અજ્ઞાનની નિવૃત્તિ થાય છે,
અનુભવજ્ઞાનથી પરમાનંદની પ્રાપ્તિ થાય છે.
તત્ત્વજ્ઞાનનું અંગ વૈરાગ્ય છે.
અનુભવજ્ઞાનનું અંતરંગ કારણ અભ્યાસ છે.
વિવેક, વૈરાગ્ય, શમદમાદિ ષટ્સંપત્તિ અને મુમુક્ષુત્વથી
તત્ત્વજ્ઞાનના અધિકારી થવાય છે.
પછી શાસ્ત્ર વચનો મુજબ આત્મસ્વરૂપ નક્કી કરી તેનું
નિદિધ્યાસન - ધ્યાનાભ્યાસ જ્યારે થાય છે, ત્યારે તે
અનુભવજ્ઞાનનું કારણ બની આત્મસાક્ષાત્કાર કરાવે છે
તથા 'આત્મા એ જ તત્ત્વથી પરમાત્મા છે'
એવો અનુભવસિદ્ધ બોધ થાય છે.

## (૫૦) રસાધિરાજ શાંતરસ

સંસારમાં દુઃખ છે માટે કરુણારસ છે,
પાપ છે માટે રૌદ્રરસ છે, ધર્મ છે માટે વાત્સલ્યરસ છે,
કર્મનો નિયમ છે માટે અદ્ભુતરસ છે,
મોહ છે માટે હાસ્યરસ છે, સજાતીય છે માટે વીરરસ છે,
વિજાતીય છે માટે બિભત્સરસ છે તથા,
અજ્ઞાન છે માટે ભયાનકરસ છે.
આત્મદૃષ્ટિએ સમાન અને પરમાત્મદૃષ્ટિએ પૂર્ણ છે.
આ સંસાર કરુણ પણ છે અને રૌદ્ર પણ છે.
પ્રેમથી ભરેલો છે, તેમ ન્યાયથી પણ ભરેલો છે.
બિભત્સ છે, તેમ વીર પણ છે.
ભયાનક છે, તેમ હાસ્યાસ્પદ પણ છે.
સમાન છે, તેમ પૂર્ણ પણ છે.
એમ વિવિધ દૃષ્ટિએ સંસારને જોવાથી તૃષ્ણા શમી જાય છે.
સમતાભાવનું ચર્વણ થવાથી શાંતરસની નિષ્પત્તિ થાય છે.
બધા રસોનું પર્યવસાન
શાંતરસમાં થતું હોવાથી તે રસાધિરાજ છે.

(૫૧) સાધુપદ સર્વોત્કૃષ્ટપરિણામનો વિષય છે.
સકલ સત્ત્વ હિતાશયરૂપ આત્મપરિણામ છે.

તેને વિકસાવવા માટેનું સ્થાન ઉપાધ્યાય પદ આપે અને એ વિકસેલા જ્ઞાનનું આચરણ આચાર્યપદ શીખવે છે.

'આ રત્નત્રયપરિણામની સિદ્ધિ એ સિદ્ધપદ છે અને સકલસત્ત્વહિતાશયરૂપી શુભ આત્મપરિણામ સિદ્ધિમાર્ગ છે'

એમ અરિહંતો ઉપદેશે છે.

અરિહંતોના ઉપદેશથી

રત્નત્રયસ્વરૂપ સિદ્ધિનો માર્ગ જાણીને તેને જીવનમાં ઉતારનાર આચાર્યપદ, ઉપાધ્યાયપદ અને સાધુપદ છે. તે પદને કરેલ નમસ્કાર અમૈત્રી - અરત્નત્રયરૂપી પાપનો નાશ કરી મૈત્રી - રત્નત્રયરૂપી આત્મસ્વભાવરૂપી ધર્મને પ્રગટાવે છે, તેથી નમસ્કારનું મુખ્ય સ્વરૂપ અથવા પ્રયોજન એ રત્નત્રયપરિણામનો અસ્ખલિત વિકાસ છે.

(૫૨) શબ્દબુદ્ધિ માત્ર વાચ્યાર્થનું ગ્રહણ કરે છે.

લક્ષ્યાર્થ માટે મનન આવશ્યક છે.

વ્યંગ્યાર્થ માટે નિદિધ્યાસન આવશ્યક છે.

વ્યંગ્યાર્થ તે ઐદંપર્યાર્થ છે.

લક્ષ્યાર્થ તે મહાવાક્યાર્થ છે, વાચ્યાર્થ તે માત્ર વાક્યાર્થ છે.

પદાર્થજ્ઞાન પછી વાક્યાર્થ, મહાવાક્યાર્થ અને ઐદંપર્યાર્થજ્ઞાનની આવશ્યકતા છે.

વાચનાદિ પદાર્થનું - પૃચ્છનાદિ વાક્યાર્થનું - પરાવર્તનાદિ
મહાવાક્યાર્થનું - અનુપ્રેક્ષાદિ ઐદંપર્યાર્થનું જ્ઞાન થાય છે.

વાચના અને પૃચ્છનાદિ દ્વારા જ્ઞાન શ્રુતિરૂપ છે,
પરાવર્તના અનુપ્રેક્ષાદિ દ્વારા જ્ઞાન ચિન્તનરૂપ છે,
નિદિધ્યાસન - ધ્યાનાદિ દ્વારા જ્ઞાન અનુભૂતિરૂપ છે.

(૫૩)(1) શબ્દાર્થ - પ્રતિમા વાક્ય = ધર્મથી ધન મળે છે.
(2) વાક્યાર્થ - હેતુ વાક્ય = ધર્મનો એક અંશ પુણ્ય છે.
(3) મહાવાક્ય - હેતુનો હેતુ = પુણ્ય પરોપકારથી બંધાય છે.
(4) ઐદંપર્યાર્થ - આજ્ઞાપાલન = પરોપકારમાં આજ્ઞાપાલન છે.

(૫૪) ધર્મ એટલે શું ? ધારણ કરે તે ધર્મ.
નીચે પડતાં જીવને પડતાં અટકાવીને ઊંચે ચઢાવે તે ધર્મ.
નીચે પડતાં બચાવે અને ઊંચે ચઢવામાં સહાય કરે તે ધર્મ.
જીવને નીચી કક્ષામાં લઈ જનાર
છળ, કપટ, પ્રપંચ, સ્વાર્થ, મોહ, ક્રોધાદિ દૂષણોને દૂર કરી
અને પરાર્થ આદિ વૃત્તિઓને વિકસવા આપે તે ધર્મ.
ટૂંકમાં ધર્મ એટલે...
મૈત્ર્યાદિભાવથી યુક્ત એવી પ્રત્યેક ક્રિયા.

(૫૫) આજ્ઞાનું તાત્પર્ય જીવોના દુઃખનાશ - સુખલાભ.
સુખનું સાધન પુણ્ય, પુણ્યનું સાધન પરોપકાર,

પુણ્યના અન્ય સાધનો દાન - શીલ - તપ - ભાવ, પવિત્ર કૃતિ.
પવિત્ર કૃતિ તે છે જેમાં પરાર્થની સિદ્ધિ હોય.
સ્વાર્થસિદ્ધિ પરાર્થસિદ્ધિની અપેક્ષા રાખે છે. ધર્મના ફળનું
વર્ણન તેના મૂળ એવા ધર્મ ઉપર રુચિ વિકસાવે છે.
રુચિથી ઇચ્છા અને ઇચ્છાથી પ્રયત્ન થાય છે.

(૫૬) ખામેમિ સવ્વ જીવે - કર્મપ્રાધાન્ય વિચાર - કર્મસત્તા.
સવ્વે જીવા ખમંતુ મે - ધર્મપ્રાધાન્ય વિચાર - ધર્મસત્તા.
મિત્તી મે સવ્વ ભૂએસુ - આત્મપ્રાધાન્ય વિચાર - આત્મસત્તા.
કર્મપ્રધાન વિચારમાં દુષ્કૃતગર્હા મુખ્ય બને છે.
ધર્મપ્રધાન વિચારમાં સુકૃતાનુમોદન મુખ્ય બને છે.
અધ્યાત્મપ્રધાન વિચારમાં શરણાગમન મુખ્ય બને છે.
શરણાગમનમાં સમતા - વૃત્તિસંક્ષેપ મુખ્ય છે.
બાળમાં ભાવના, અધ્યાત્માદિ મુખ્ય બને છે.

(૫૭) મંત્રમૂર્તિં સમાદાય દેવદેવઃ સ્વયં જિનઃ ।
સર્વજ્ઞઃ સર્વગઃ શાન્તઃ સોઽયં સાક્ષાદ્વ્યવસ્થિતઃ ॥૧॥

:અર્થ:

મંત્ર અને મૂર્તિના આધારે
દેવાધિદેવ પોતે જ સાક્ષાત્ રહેલા છે અને
એ જ સર્વજ્ઞ, સર્વગ, શાંત પરમાત્મા છે.

(૫૮) આદેશ્યમૂલક એકતા એકજાતીય છે
પણ એકસત્તાક નથી.

એક દ્રવ્યમાં વિવક્ષિત ધર્મભેદ અને બે દ્રવ્યમાં રહેવાવાળો પરમાર્થ સત્ત્વભેદ, બંનેના પ્રકાર ભિન્ન છે.
આદેશ્ય બે પદાર્થોમાં પ્રાપ્ત થવાવાળો એક ધર્મ નથી,
કિન્તુ પ્રત્યેકનિષ્ઠ સજાતીય તત્ત્વ છે.

(૫૯) સમગ્ર દ્વાદશાંગી રૂપી ગુણરત્નોની પેટીનો પરમ સાર અથવા પ્રધાનરહસ્ય શુદ્ધનય પરિણમન છે.

નવકાર વડે શુદ્ધનય પરિણમન થયું એથી
તે દ્વાદશાંગીનો સાર કે પરમ રહસ્ય ગણાય છે.
શુદ્ધ વ્યવહારથી અર્થાત્ કૃતજ્ઞતાદિ ગુણોના પાલનથી
શુદ્ધ નિશ્ચયમાં નિશ્ચલપણું પ્રાપ્ત થાય છે.
શુદ્ધનયની ભાવના સ્થિર કરવા શુદ્ધ વ્યવહાર જરૂરી છે.
શુદ્ધ વ્યવહાર તે તીર્થ છે, શુદ્ધ નિશ્ચય તત્ત્વ છે.
તત્ત્વ એ તીર્થસેવાનું ફળ છે.

(૬૦) શુદ્ધ વ્યવહાર વડે પાપના અનુબંધો તૂટે છે
અને પુણ્યના અનુબંધો પડે છે.

કૃતઘ્નતા વડે પાપના અનુબંધો પડે છે અને
કૃતજ્ઞતા વડે પુણ્યના અનુબંધો પડે છે, તેથી
ધર્મમાર્ગમાં કૃતજ્ઞતાગુણનું પાલન અનિવાર્ય છે.

તે વિના સ્વતંત્રતા પ્રાપ્ત થવા અશક્ય છે.
સ્વતંત્રતા શુદ્ધિનયના પરિણમનરૂપ છે.
તેનો ઉપાય નમ્રતાગુણનું સેવન છે.
(૫૧)ભગવાન ગુણ પ્રકર્ષવાન છે, નમ્રતા પણ ગુણ છે,
તેથી ભગવાન નમ્રતા ગુણના પણ પ્રકર્ષવાળા છે.
નમ્રતા એ ગુણ છે તો પ્રભુ નમ્રતાગુણના પણ પ્રકર્ષવાળા છે.
(૫૨)ઈશ્વરનું સામ્રાજ્ય મહાસત્તાના મન અને હૃદયમાં છે.
તેના રાજ્યમાં જ તેને પ્રવેશ કરવાની મનાઈ મહાસત્તા કરે છે.
ત્યાં સુધી તેના આશીર્વાદથી તે વંચિત રહે છે. ઈશ્વરના
રાજ્યમાં જ ઈશ્વરનો ઈન્કાર એ જ મનુષ્યનો સંસાર છે.
સંસાર એટલે સર્વ પ્રકારની મુસીબતોનો ભંડાર.
(૫૩)ક્રિયાવાન દેશારાધક છે અને સર્વવિરાધક છે.
પોતાના એક જીવનો આરાધક પણ
અજ્ઞાનના કારણે અન્ય સર્વ જીવોનો વિરાધક.
જ્ઞાનવાન સર્વઆરાધક છે અને દેશવિરાધક છે.
જ્ઞાનના કારણે સર્વ જીવોનો આરાધક છે, પ્રમાદ-કષાયના
કારણે એકમાત્ર પોતાના જીવનો આંશિક વિરાધક છે.
ક્રિયાનો પ્રકાશ ખજવાતુલ્ય છે,
જ્ઞાનનો પ્રકાશ સૂર્યતુલ્ય છે.

(૫૪) વિહિત અનુષ્ઠાનમાં પ્રણિધાનમાત્ર રૂપ સંયમ વડે
ત્રણ વસ્તુ એક સાથે સધાય છે:
સત્માં પ્રવૃત્તિ - તે સુકૃતાનુમોદનરૂપ છે,
અસત્થી નિવૃત્તિ - તે દુષ્કૃતગર્હારૂપ છે અને
તે વિહિત ઉપાયથી તીર્થંકર દેવોની સાથે
સમાપત્તિરૂપ શરણાગતિ સ્વરૂપ પણ છે.
વિષયજ્ઞાનના પ્રણિધાનરૂપ સંયમ મોક્ષમાં હેતુ નથી.
અનંત વસ્તુવિષયક જ્ઞાનનો પ્રતિવિષય સંયમ અશક્ય છે.
વિહિત અનુષ્ઠાન પ્રણિધાનમાત્ર સંયમથી મોક્ષરૂપ અને
કૈવલ્યની સિદ્ધિ થાય છે. ચિત્તપ્રણિધાન માટે આલંબન
રૂપ થનાર કોઈપણ વિષયનું સંયમ નિષિદ્ધ નથી, કિન્તુ
સર્વ પ્રકારના સંયમનું ફલવાનપણું તો જ થાય કે અંતે
તે સંયમ આત્મપ્રણિધાનમાં અવસાન પામે.
આત્મપ્રણિધાનરૂપી સંયમ મુખ્ય છે અને
તે વિહિતાનુષ્ઠાનના પ્રણિધાન વડે શક્ય છે.

°

(૫૫) Turn towards the Divine and
your emptiness will be filled,
problems shall be solved,
difficulties will disappear.

(૫૫) સુકૃતાનુમોદનનું પર્યવસાન સત્માં પ્રવૃત્તિ છે.
દુષ્કૃતગર્હાનું પર્યવસાન અસત્ની નિવૃત્તિમાં છે.
શરણાગમનનું પર્યવસાન આત્મપ્રણિધાનમાં છે.
વિહિત અનુષ્ઠાનનું પર્યવસાન સત્ પ્રવૃત્તિ અને
અસત્ નિવૃત્તિ દ્વારા પરમાત્મપ્રણિધાનમાં પરિણમે છે.

વિહિત - સુવિહિત - સત્ક્રિયા એટલે કેવી ક્રિયા?

જે ક્રિયાનું પરિણામ પરમાત્મપ્રણિધાન દ્વારા આત્મરમણમાં
આવે, તે ક્રિયાને વિહિત - સુવિહિત - સત્ક્રિયા કહેલી છે.

(૫૬) કર્મનો નિયમ એક કાયદો હોવાથી નિષ્પક્ષ છે.
તેને principle, order કે law પણ કહી શકાય.
તેને બુદ્ધિ નથી કે તે સમજી શકે.
તેને લાગણી નથી કે તે દયા કરે.
તેને દિલ નથી કે તે પ્રેમ કરે.
તેનો ઉદ્દેશમાત્ર એટલો જ કે: જેવા કરમ તેવાં ફળ.
તે નિયમબદ્ધ છે પણ જડ છે, અચેતન છે.
ચેતનને આધીન રહી તેના ગુલામ તરીકે કામ કરે છે.
કર્મના નિયમને
Sub or unconscious mind
તરીકે પણ ઓળખાવવામાં આવે છે.

V.V. Imp.

(૬૮) <u>પૂજાદિ બધા ઉત્તરોત્તર અધિક ફળદાયી શા માટે?</u>

પૂજા કાયા વડે થાય છે, સ્તોત્ર વાણી વડે થાય છે,
જાપ મન વડે થાય છે, ધ્યાન બુદ્ધિ વડે થાય છે
અને લય ચિત્ત અને અહંકાર વડે થાય છે,
તેથી તે સર્વ ઉત્તરોત્તર અધિક ફળ આપનારા બને છે.

(૬૯) ભોગ પ્રારબ્ધાધીન છે, યોગ પ્રયત્નાધીન છે.
'अन्नं वै प्राणा:।' 'प्राणो वै बलम्।'

(૭૦) પતંજલિ = ચિત્તવૃત્તિઓનો નિરોધ કરવો તે યોગ.
ડૉ. ફ્રોઈડ = ચિત્તવૃત્તિઓનો રોધ કરવો તે રોગ છે.
પૂર્વ તથા પશ્ચિમના તત્ત્વજ્ઞાન વચ્ચે આટલું અંતર છે,
તેથી બંનેની સંસ્કૃતિ જુદી પડી જાય છે.

°

(૭૧) Relation between human and divine is not as a master & servant but as father & son.
Instead of praying for other things,
pray for faith,
pray for spiritual understanding,
pray for the upliftment
of the spiritual consciousness.

(૭૨) કૃતઘ્નતા એ ઘોર પાપ છે.

કૃતઘ્ન આત્માને કોઈપણ પ્રાયશ્ચિત નથી.
દુષ્કૃતની ગર્હાનો વિષય જ્યારે કૃતઘ્નતા રૂપી પાપ બને,
ત્યારે જ અંતઃકરણની શુદ્ધિ થાય છે.

કૃતઘ્નતા રૂપી પાપનો પ્રતિઘાત કરવા માટે
કૃતજ્ઞતા ગુણને વિકસાવવો, એ જ એક સાધન છે.
કૃતજ્ઞતા ગુણ સુકૃતની તાત્ત્વિક અનુમોદના રૂપ છે.

આત્મજ્ઞાન કરાવવા રૂપી અરિહંતોના ઉપકારની
અખંડ સ્મૃતિ રૂપી કૃતજ્ઞતા ગુણ સુકૃતની સાચી
અનુમોદના રૂપ બનીને સાચી શરણાગતિ આપે છે.

સાચી શરણાગતિ ચરમ પરમાત્મા આત્માને જ
દ્રવ્ય-ગુણ-પર્યાયથી અરિહંતરૂપે સમ્યગ્જ્ઞાનથી જાણવો,
સમ્યગ્દર્શનથી સદ્દહવો અને સમ્યગ્ચારિત્રથી અનુભવવો.
આમ અભેદ રત્નત્રયીનો અનુભવ તે સાચી શરણાગતિ.
તેનો પુનઃ પુનઃ અભ્યાસ એ જ કૃતજ્ઞતાગુણનું પાલન છે
અને કૃતઘ્નતા દોષનો પરિહાર છે.

કૃતઘ્નતારૂપી દુષ્કૃતથી છોડાવી, કૃતજ્ઞતારૂપી સુકૃતમાં
જોડાવનાર અનુક્રમે દુષ્કૃતગર્હા - સુકૃતાનુમોદના છે.
શરણાગમન સ્વતંત્રતાને અપાવનાર છે.

## (93) શ્રુતિ - યુક્તિ - અનુભૂતિ

'નમો અરિહંતાણં |' પદનો વાચ્યાર્થ સ્વાપકર્ષ બોધરૂપ,
લક્ષ્યાર્થ આત્મોત્કર્ષરૂપ બોધ અને
વ્યંગ્યાર્થ આત્મા અરિહંતસ્વરૂપ છે.
એક શ્રુતિથી, બીજો યુક્તિથી અને
ત્રીજો અનુભૂતિથી ગ્રહણ કરી શકાય છે.
શ્રુતિ-યુક્તિ-અનુભવ મળે, ત્યારે જ્ઞાન યથાર્થ બને.
એકલો અનુભવ મિથ્યા પણ હોય.
તે અનુભવની પાછળ યુક્તિનું બળ જોઈએ અને
યુક્તિ પણ શ્રુતિશાસ્ત્રને અનુસરનારી હોવી જોઈએ.
નવકારનું પ્રથમ પદ અભ્યાસ કરીને યુક્તિ-અનુભવથી
થતો બોધ જ પાપક્ષય અને ભાવમંગળનું કારણ છે.
અરિહંતોને નમસ્કાર અરિહંતોનો ઉત્કર્ષ અને
પોતાના અપકર્ષને જણાવનારો છે.
અરિહંતો શુદ્ધ આત્મસ્વરૂપવાળા હોવાથી શુદ્ધ આત્માનો
અપકર્ષ એ શાસ્ત્રાનુસારી યુક્તિથી નીકળતો બોધ છે,
જે લક્ષ્યાર્થ છે, અરિહંતના નમસ્કારથી સ્વશુદ્ધાત્માને
નમસ્કાર તે વ્યંગ્યાર્થ છે અને દ્રવ્ય-ગુણ-પર્યાયથી
પોતાના શુદ્ધ સ્વરૂપમાં રમણતા, તે તાત્પર્યાર્થ છે.

(૭૪) દુઃખરૂપ સંસાર ધર્મમંગળથી જાય છે.
ધર્મમંગળની પ્રાપ્તિનું સાધન સુકૃતાનુમોદન છે.
દુઃખફળરૂપ સંસાર પાપજુગુપ્સાથી જાય છે.
દુઃખ એ પાપનું ફળ છે, તેથી પાપની જુગુપ્સા એ
દુઃખફળક સંસારના બીજને બાળી નાંખે છે.
અરિહંતાદિ ચારની શરણાગતિથી દુઃખપરંપરક સંસાર જાય,
જેનું સાધન તથાભવ્યત્વનો પરિપાક - સહજમળનો હ્રાસ છે.

સહજમળનો સ્વભાવ

પરના કર્મના સંબંધમાં આવવાની યોગ્યતારૂપ છે.

તે યોગ્યતાનો હ્રાસ

ધર્મના સંબંધમાં આવવાની યોગ્યતા વિકસાવવાથી થાય છે.

નવકારના પ્રથમ પાંચ પદરૂપી મૂળમંત્ર

તે યોગ્યતાને વિકસાવે છે, તેથી પરમેષ્ઠિપદને પામેલા
સત્પુરુષોની સાથે અનુકૂળ સંબંધમાં આવવાનું થાય છે.
અનુકૂળ સંબંધ = કૃતજ્ઞતા. પ્રતિકૂળ સંબંધ = કૃતઘ્નતા.
પ્રથમ પાંચ પદો વડે કૃતજ્ઞતા ગુણના પાલનપૂર્વક થતો
અનુકૂળ સંબંધ પર સદા અશુભકર્મ અને
તેના આલંબનભૂત અયોગ્ય દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવનાં
સંબંધમાં આવવાની જીવની અનાદિકાલીન યોગ્યતા ટાળે છે,

શરણાગમનની ક્રિયા
ભવની પરંપરાના હેતુરૂપ સહજમલનો નાશ કરે છે,
દુષ્કૃતગર્હાની ક્રિયા
ભવની પાપરૂપતાનો જુગુપ્સાભાવ વડે છેદ ઉડાડે છે
અને સુકૃતાનુમોદનની ક્રિયા
ધર્મમંગળના સેવન વડે ભવની દુઃખરૂપતા ટાળી આપે છે.
ધર્મમંગળનું સેવન એટલે અહિંસા - સંયમ - તપનું સેવન.
અહિંસાથી પાપ જાય, સંયમથી દુઃખ જાય, તપથી કર્મ જાય.
અહિંસાનું સાધન જીવો પ્રત્યે મૈત્રીભાવ છે,
સંયમનું સાધન પુદ્ગલરાશિ પ્રત્યે વૈરાગ્યભાવ છે,
તપનું સાધન આત્મદ્રવ્ય પ્રત્યે ભક્તિભાવ છે.

(૭૫) મન એ આત્માનું કરણ છે, તેથી મનથી
થતી પ્રત્યેક ક્રિયામાં આત્માનું દાસત્વ અભિવ્યક્ત થાય,
તે પણ એક પ્રકારનો ભાવથી નમસ્કાર છે.
મન - વચન - કાયાથી
પ્રભુઆજ્ઞાનું પાલન પણ ભાવનમસ્કાર રૂપ છે.
મનને આત્મામાં જોડવું તે ભક્તિયોગ છે અને
આત્માનું મનમાં જોડાવું તે જ્ઞાનયોગ છે.
એકમાં વચનાનુષ્ઠાન છે તથા બીજામાં અસંગાનુષ્ઠાન છે.
પરસ્પર કાર્ય - કારણભાવનો સંબંધ છે.

(૭૬) મંત્રજાપના મુખ્ય ત્રણ પ્રકાર: ભાષ્ય, ઉપાંશુ, માનસ.
માનસજાપ ઉપરથી અજપાજાપમાં જવાનું છે.
માનસજાપમાં મનની ક્રિયા છે.
અજપામાં મન શાંત થઈને માત્ર આંતરશ્રવણ કરે છે.
અજપાજાપમાંથી રૂપાતીતમાં જવાનું છે.
રૂપાતીતમાં મનથી ઉપર થવાનું છે, બીજું જ નામ 'લય'.
તે આત્મબોધનું સાક્ષાત્ સાધન છે.
ભાષ્યજાપમાં વાચિકજલ્પ છે, ઉપાંશુજાપમાં આંતરજલ્પ છે.
માનસજાપમાં કેવળ માનસિક આકૃતિ છે,
મનોમય ઉચ્ચારણ છે, જ્યારે અજપાજાપમાં મનોલય છે.

(૭૭) ષડાવશ્યક, ષટ્સ્થાન, ષટ્દ્રવ્યને પરસ્પર સંબંધ છે.
ષડાવશ્યકને યોગના આઠ અંગોની સાથે અને
યોગના આઠ અંગોને નમસ્કાર સાથે સંબંધ રહેલો છે.
નમસ્કારને આત્મા સાથે અને
આત્માને સામાયિક સાથે સંબંધ રહેલો છે.
આમ સામાયિક, આત્મા, નમસ્કાર, અષ્ટાંગયોગ, ષટ્દ્રવ્ય,
ષટ્સ્થાન, ષડાવશ્યક - એક જ વસ્તુના વિવિધ વિસ્તાર છે.
નમસ્કાર વડે પાંચ ભૂત અને મનની શુદ્ધિ થતી હોવાથી
મન સહિત પાંચ ભૂતની સાથે પણ સંબંધ રહેલો છે.

(૭૮) <u>નવકાર અને નવપદમાં ૯ તત્ત્વ</u>

ફક્ત એક નવકારને જ ગ્રહણ કરવાથી
સમગ્ર વિશ્વનું ગ્રહણ થઈ જાય છે.

અરિહંત - પુણ્યતત્ત્વ
સિદ્ધ - જીવતત્ત્વ
આચાર્ય - સંવરતત્ત્વ
ઉપાધ્યાય - નિર્જરાતત્ત્વ
સાધુ - મોક્ષતત્ત્વ
દર્શન - જીવ-અજીવતત્ત્વ
જ્ઞાન - પુણ્ય-પાપતત્ત્વ
ચારિત્ર - આસ્રવ-સંવરતત્ત્વ
તપ - બંધ-નિર્જરાતત્ત્વ

દેવતત્ત્વ મોક્ષસ્વરૂપ છે,
ગુરુતત્ત્વ સંવર-નિર્જરારૂપ છે અને
ધર્મતત્ત્વ શુભાસ્રવ, સંવર, નિર્જરારૂપ છે.
૯ તત્ત્વને જાણનાર જ નવપદ અને
નવકારને તાત્ત્વિક રીતે સમજી શકે છે.
દેવ-ગુરુ અને ધર્મ એ ૯ તત્ત્વોનો જ સંક્ષેપ છે.
તેનો અંતિમ સંક્ષેપ આત્મા અથવા સામાયિક છે.

(૭૯)શુક્લધ્યાનનો પ્રથમ પાયો = પૃથક્ત્વ વિતર્ક સવિચાર.
આમાં એક જ દ્રવ્યમાં અનેક પર્યાય રહેલા છે,
તેનો વિચાર - ભેદચિંતન મુખ્ય છે.
શુક્લધ્યાનનો બીજો પાયો એટલે અનેક પર્યાયોમાં
એક જ દ્રવ્ય રહેલું છે, તેનો વિચાર - અભેદચિન્તન.
શુક્લધ્યાનનો ત્રીજો પાયો યોગનિરોધની ક્રિયા છે.
શુક્લધ્યાનનો ચોથો પાયો સૂક્ષ્મક્રિયાનો પણ નિરોધ છે.

(૮૦) સર્વાત્મભાવની સાધના સર્વ યોગવ્યાપક છે.
પરમાત્મભાવની સાધના બાણરૂપ છે અને
સર્વાત્મભાવની સાધના જલરૂપ છે.
બંને મળીને કાર્યસિદ્ધિ થાય છે.
એકના પણ અભાવમાં કાર્યસિદ્ધિ અશક્ય છે.
પરદયામાં સ્વદયાની ભજના - સ્વદયામાં પરદયાનો નિયમ
એ વાક્યની સંગતિ ઉપર વિવેચનથી સ્પષ્ટ થાય છે.
સ્વદયામાં પરદયાનો નિયમ એટલે
પરદયાના ભાવની અનિવાર્યતા એ અર્થ લેવાનો છે.
પરદયાનો ભાવ હૃદયમાં હોય તો જ સ્વદયા શક્ય છે.
પરદયામાં સ્વદયાની ભજના એટલે સ્વાત્મહિતના લક્ષ્ય
વિના જ થતો પરદયાનો વિચાર લક્ષ્યશૂન્ય બાણ ફેંકવા
રૂપ અથવા નિર્જલભૂમિમાં જલસિંચન કરવા રૂપ છે.

(૪) મધુરપરિણામ એટલે - તુલાપરિણામ અલિપ્ત છે.
અહંકારમુક્ત પરિણામ પરિશુદ્ધ છે.
એક ભાવાવસ્થા - બીજી ભાનાવસ્થા - ત્રીજી ક્રિયાવસ્થા છે.
એક સગુણ - બીજી નિર્ગુણ - ત્રીજી પ્રમોદ - કરુણાસ્વરૂપ છે.
એ ત્રણે અવસ્થાઓ મળીને
પૂર્ણ જીવન, પૂર્ણ વિચાર, પૂર્ણ પ્રયોગ બને છે.
એક દર્શનરૂપ, બીજી જ્ઞાનરૂપ તથા ત્રીજી ચારિત્રરૂપ છે.
પ્રત્યેક ક્રિયા કરતી વખતે પોતાની અવસ્થા,
બીજાની સાથે સંબંધ અને તે બંનેથી પર એવી
આત્માની સ્થિતિ ઉપર ધ્યાન આપવાથી જ તે ક્રિયા
નિર્લિપ્ત, નિરહંકાર અને મોક્ષપ્રેરક બની શકે છે.
ક્રિયાથી ભેદ, ભાવથી અભેદ અને જ્ઞાનથી ભેદાભેદશૂન્ય -
એ ત્રણે પરસ્પર મળીને શુદ્ધ કર્મ થાય છે.
શાસ્ત્રોક્ત કર્મ એટલે...
જ્ઞાનદૃષ્ટિએ અકર્તૃત્વ, ભાવદૃષ્ટિએ એકત્વ અને
ક્રિયાદૃષ્ટિએ ભિન્નત્વ સ્વીકારીને થતું કર્મ.
આ રીતે મુક્તિદાયક કર્મોમાં
ક્રિયા, જ્ઞાન અને ભાવ - ત્રણે સાથે રહેલાં હોય છે.
જ્ઞાનનો વિષય પદાર્થ વિનિર્મુક્ત દ્રવ્ય છે,

ભાવનો વિષય સજાતીયત્વ છે તથા
ક્રિયાનો વિષય વર્તમાન અવસ્થા છે,
શુદ્ધ પર્યાય છે, તે ઋજુસૂત્રનયનો વિષય છે.

(૨)શાંતરસનો નાયક ધીરોદાત્ત અને ધીર-શાંત હોય છે.
ધીરોદાત્તતા = સંપત્તિ વખતે ઉદાર - આપત્તિ વખતે ધીર.
ધીર = કષ્ટ સહન કરતી વખતે પણ નિશ્ચલ.
શાંત = અપકાર કરનાર ઉપર પણ અનુકંપાયુક્ત,
પરિષહ સહનમાં ધીર, ઉપસર્ગ સહન વખતે શાંતોદાત્ત.
ધીર - શાંતને ઓળખાવવા માટે
શાસ્ત્રોમાં 'વાસી ચંદન કલ્પતા' શબ્દ કહ્યો છે.
સામાયિકવાન સાધુ એ વાસી ચંદન કલ્પ છે અને તે જ
ધીર - શાંત તરીકે કે શાંતરસના નાયક તરીકે ગણાય છે.
ધીરોદાત્તતા વાસી ચંદન કલ્પ છે.
ધીરોદાત્ત પરિણામ = કષ્ટ વખતે ધીર તથા કષ્ટ પ્રત્યે ઉદાત્ત.
તેનું જ બીજું નામ વાસીચંદન કલ્પતા છે.

(૩) <u>અભ્યંતર તપનો પ્રત્યેક ભેદ અને લાભ</u>
સ્વપર દુઃખાપહાર બુદ્ધિ તે દયા છે.
સ્વપર પાપાપહાર બુદ્ધિ તે ક્ષમા છે.
અંતરંગ તપ ભાવવિશુદ્ધિ રૂપ છે.

પ્રાયશ્ચિત્તતપમાં પાપ વિપાકની દુષ્ટતાનું ભાન રહેલું છે,
વિનયતપમાં ગુણાધિકની હિતકરતાનું ભાન રહેલું છે,
વૈયાવચ્ચતપમાં પાત્રાધિકની ઉપકારકતાનું ભાન રહેલું છે.
સ્વાધ્યાયમાં શાસ્ત્રભાન, ધ્યાનમાં આત્મભાન અને
કાયોત્સર્ગમાં અનુભવભાન વિકસતું હોવાથી
અંતરંગતપના બધા ભેદોમાં ભાન વિશેષ સહકારી છે.

અભ્યંતર તપનો પ્રત્યેક ભેદ
વિશિષ્ટ ભાનના સહકારની અપેક્ષા રાખે છે.
પછી તે ભાન પાપના દુષ્ટ વિપાકોનું હોય,
ગુણ - બહુમાનના અચિન્ત્ય પ્રભાવનું હોય અથવા
પાત્રવિશેષની ભક્તિની ઉપકારકતાનું હોય.
સ્વાધ્યાય, ધ્યાન અને કાયોત્સર્ગ તો
શ્રવણ - મનન - નિદિધ્યાસનરૂપ આત્મભાનનાં
સાક્ષાત્ સાધન હોવાથી ભાનરૂપ છે જ.

(4) ભોગમાં રાગ, દ્વેષ અને મોહ છે.
યોગમાં અરાગ, અદ્વેષ, અમોહ છે.
ભોગ પરભાવરમણતારૂપ - યોગ સ્વભાવરમણતારૂપ છે.
જ્યાં પરભાવરમણતા, ત્યાં રાગ, દ્વેષ, મોહ અપરિહાર્ય છે.
સ્વભાવરમણતા વડે જ તે ટાળી શકાય છે.

(૫) સર્વાર્થતા મધુરપરિણામરૂપ છે.
પરમાર્થતા તુલાપરિણામરૂપ છે તથા
આત્માર્થતા અખંડવૃત્તિ પરિણામતા છે.
એક સગુણ - બીજો નિર્ગુણ - ત્રીજો વિશુદ્ધગુણરૂપ છે.
એક ભક્તિયોગ, બીજો જ્ઞાનયોગ અને
ત્રીજો કર્મયોગ બનીને કાર્યસિદ્ધિ કરે છે.
(૬) નામમાં મનનો લય થવાથી નાદબ્રહ્મ પ્રગટ થાય છે.
સુરતાને શબ્દમાં જોડતા રહેવાથી સાધનામાર્ગ હાથમાં આવે.
સુરતા તે જીવ છે, શબ્દ તે પુરુષ છે.
જીવના ઉપયોગને પરમાત્મસ્વરૂપમાં પરોવવું,
તે નામસાધનાથી સરળ બને છે.
નામસ્મરણ જ્યારે માનસજપની ભૂમિકાથી ઉપર જાય,
ત્યારે તે અજપા દ્વારા રૂપાતીતમાં લઈ જાય છે, અજપા
મનની શાંત અવસ્થા છે, રૂપાતીત ઉન્મનીભાવરૂપ છે.
(૭) સાચા મંત્રો એક બાજુ અર્થથી
દેહ-ગુરુ-આત્માનું ઐક્ય સધાવે છે અને બાજુ બાજુ
શબ્દથી મન - પ્રાણ - આત્માનું ઐક્ય અનુભવાવે છે.
અંતે મન પોતે જ દેહ, પ્રાણ પોતે જ ગુરુ અને
આત્મા તે બન્નેથી અભિન્ન પ્રતીત થાય, ત્યારે
મંત્રચૈતન્ય પ્રગટ્યું ગણાય છે.

દેવે તે દેવ.

સર્વશ્રેષ્ઠ આત્મતત્ત્વનું ઉપદેશથી દાન દેવે તે ગુરુદેવ.
સ્વભાવથી દેવે તે દેવાધિદેવ. દેનાર તત્ત્વ તે દેવ છે.
આત્મા પણ દેનાર હોવાથી આત્મદેવ ગણાય છે.

(૮૮) **અધ્યાત્મયોગના ૬ પ્રકાર**

અધ્યાત્મયોગ = આત્માને વિષે આત્માને જોડનાર યોગ.

(1) જપ - વર્ણ, અર્થ, આલંબન યોગ.
(2) ઔચિત્યાલોચન - યોગશુદ્ધિ, જનવાદ, ઉપકૃતિ.
(3) આત્મસંપ્રેક્ષણ - શરણ, ગર્હા, અનુમોદના.
(4) દેવાદિવંદન - તદ્ગતચિત્તાદિ યુક્ત વંદન.
(5) મૈત્ર્યાદિ ચિન્તન - મૈત્રી, મુદિતા, કરુણા, ઉપેક્ષા.
(6) સમ્યક્ પ્રતિક્રમણ -
અકૃત્યાકરણ, કૃત્યાકરણ, અશ્રદ્ધા, વિપરીત પ્રરૂપણા.

અધ્યાત્મયોગનો જ વધતો અભ્યાસ જ્યારે
કામ-ક્રોધાદિ અશુભ અભ્યાસથી નિવૃત્તિ કરાવે અને
સત્ત્વ - સંતોષાદિના અભ્યાસમાં વૃદ્ધિ કરાવે,
ત્યારે સચ્ચિત્તની વૃદ્ધિ કરનારો ભાવનાયોગ બને છે.
ધ્યાનયોગમાં એક વિષય પર ચિત્તસ્થૈર્ય સિદ્ધ થાય છે.
સમતાયોગમાં ઇષ્ટાનિષ્ટની કલ્પનાઓ શાંત થાય છે.

વૃત્તિસંક્ષયયોગમાં મન દ્વારા વિકલ્પ અને
શરીર દ્વારા સ્પંદનરૂપ વૃત્તિઓ ક્ષય પામે છે.

(૮૯) અરિહંત - સિદ્ધ દેવ પરોક્ષપણે આત્મલાભ આપે છે.
આચાર્ય - ઉપાધ્યાય - સાધુ એ સર્વ ગુરુ છે,
તે પ્રત્યક્ષપણે આત્મલાભ આપે છે.
નમસ્કાર કરનારો આત્મા દેવ અને ગુરુ ઉભયની
ભક્તિ, શ્રદ્ધા અને તન્મયતા સહિત નમસ્કાર દ્વારા
સન્મુખ થઈ આત્મલાભ પ્રાપ્ત કરે છે, તેથી
એમ દેવ એ દેવ છે, તેમ ગુરુ પણ દેવ છે અને
એ બેની સન્મુખ થનારો આત્મા પણ દેવ છે.
અહીં તત્ત્વ દેનારા છે - લેનારા નહિ, તેથી પૂજ્ય છે.

(૯૦) દેશવ્યાપી તિર્યક્ —, કાળવ્યાપી ઊર્ધ્વ |,
ભાવવ્યાપી સર્વદ્રવ્ય 卐
તિર્યક્‌સામાન્ય સમગ્ર દેશવ્યાપી છે,
માટે આકાશથી પણ વિશાળ છે.
સામાયિકનો પરિણામ ચૈતન્ય પરસામાન્યને વિષય કરે છે,
ત્યારે વ્યાપક આકાશથી પણ વિશાળ બને છે.
ઊર્ધ્વતાસામાન્ય સમગ્ર કાળવ્યાપી છે,
માટે સાગરથી પણ ગંભીર છે.

સામાન્યનો પરિણામ કૂટસ્થ નિત્ય આત્મદ્રવ્યને વિષય કરે,
ત્યારે તે નિસ્તરંગ મહોદધિવત્ સ્થિર અને
સમુદ્રમધ્યવત્ ગંભીર બને છે.
પર્યાયત્વ વિશેષ સમગ્ર ભાવવ્યાપી છે,
તેથી મેરુથી પણ ઉચ્ચ છે.
સામાન્યનો પરિણામ જ્યારે પર્યાયોની અનંતતા અને
તુલ્યતાને સ્પર્શે છે, ત્યારે ઉદાત્ત અને ધીર બને છે.
મેરુની ધીરતા - ઉદાત્તતા પણ તેના આગળ નહિવત્ છે.
અનંત પર્યાયોમાં અનુસ્યૂત એક જ દ્રવ્ય
તેની ધ્રુવતા અને કૂટસ્થતાનો બોધ કરાવી
આત્મામાં ધીરોદાત્તતા લાવે છે.
સામાન્યનો વિચાર ધીરશાંતતા લાવે છે અને
વિશેષનો વિચાર ધીરોદાત્તતા લાવે છે.
ધીરશાંત અને ધીરોદાત્ત એ શાંતરસનો નાયક છે.
તેનામાં તૃષ્ણાનો ક્ષય થાય છે. તૃષ્ણાક્ષયનું કારણ
સમગ્ર દેશ - કાળ - ભાવવ્યાપી આ વિશ્વનો વિચાર છે,
જે સમત્વભાવને વિકસાવી મમત્વભાવનો નાશ કરે છે
તથા એકત્વભાવમાં સ્થિર કરે છે.
એ સ્થિરતા અનંત ચિદાનંદનો અનુભવ કરાવે છે.

(૯૨) ક્ષેત્રભેદે અભેદનો વિચાર જે
મધુર પરિણામ પ્રગટાવે છે, તે સમ્યગ્દર્શન ગુણ છે.

કાળભેદે અભેદનો વિચાર

તુલા પરિણામ - દ્વન્દ્વ પરિણામ પ્રગટાવે છે.
દ્વન્દ્વ પરિણામ એટલે રાગના ઉદયમાં રાગ અને
દ્વેષના ઉદયમાં દ્વેષ ન કરવા રૂપ મનના પરિણામ અને
ત્રાજવાની જેમ જ્યાં સુધી બન્ને પલ્લાં સરખા ન થાય,
ત્યાં સુધી તેને સરખા કરવાનો પરિણામ પેદા કરે છે.
વસ્તુભેદે અભેદ તે અખંડયુક્ત પરિણામ છે.
દ્રવ્ય અને પર્યાય વચ્ચે વસ્તુનો ભેદ છે.
પર્યાય તે દ્રવ્ય નહિ અને દ્રવ્ય તે પર્યાય નહિ.
પર્યાય વસ્તુનો અંશ છે, દ્રવ્ય એ પર્યાયનો આધાર છે.
એ રીતે વસ્તુના જે બે વિભાગ છે,
તેને જોડનાર તે અખંડયુક્ત પરિણામ છે.
મધુર પરિણામ રુચિને - તુલા પરિણામ યથાર્થ બોધને પેદા
કરે તથા અખંડયુક્ત પરિણામ યથાર્થ ક્રિયાને કરાવે છે.
ક્રિયા પર્યાયની અપેક્ષા રાખે છે.
વસ્તુના બે અંશ છે:
પરિવર્તનશીલ અને અપરિવર્તનશીલ.

પરિવર્તનશીલ અંશ તે ક્રિયાશીલ અંશ છે.
તે અંશને વિભાવમાં પરિણમતો અટકાવી
સ્વભાવમાં પરિણમન પમાડવો, તે ચારિત્રયુક્ત પરિણમન છે.
અજ્ઞાનના કારણે પરભાવમાં પરિણમતા આત્મદ્રવ્યને
મન - વચન - કાયાના વ્યાપાર વડે સ્વભાવમાં
પરિણમાવવાની ક્રિયા જે અધ્યવસાયથી થાય,
તે ચારિત્રયુક્ત પરિણમન તે ચારિત્ર ગુણરૂપ ગણાય છે.
(૯૨)આદર્શગુણનું ચિંતન પરિણમનમાં મધુરતા લાવનાર છે.
કૂટસ્થ અવસ્થાનું ચિન્તન તુલ્યતા લાવનાર છે.
વસ્તુ સ્વભાવનું ચિન્તન ક્રિયાશીલતા લાવનાર છે.
દેશભેદે અભેદ, કાળભેદે અભેદ અને
વસ્તુના ધર્મભેદે અભેદનું ચિન્તન એ અનુક્રમે
રુચિ, બોધ અને પરિણતિને સુધારનાર થાય છે.
મધુરપરિણમન તે યથાર્થ રુચિરૂપ છે.
તુલાપરિણમન તે યથાર્થ બોધરૂપ છે અને
ચારિત્ર પરિણમન તે યથાર્થ ક્રિયારૂપ છે.
મન - વચન - કાયાની ક્રિયા સ્વભાવોન્મુખ હોય,
ત્યારે તે યથાર્થ ગુણકારી ગણાય છે.
વિભાવોન્મુખ ક્રિયા અવગુણકારી છે, તેથી ત્યાજ્ય છે.

સ્વભાવથી જ પરના સંબંધમાં આવવાનો જીવ સ્વભાવ વિભાવદશાની ઉન્મુખ રહે છે. તેને સ્વભાવ સન્મુખદશામાં લાવવા માટે જે ક્રિયા આવશ્યક છે, તે ખીરખંડયુક્ત પરિણામ કર્તવ્ય છે. મુક્તિ, મુક્તિમાર્ગ અને મુક્તિમાર્ગના સાધકના સમાગમમાં આવવાની ક્રિયામાં પુરુષાર્થ ફોરવ્યા વિના સંસાર, સંસારમાર્ગ અને સંસારમાર્ગના સાધકના સંબંધમાં આવવાનો જીવ સ્વભાવ પલ્ટાતો નથી. એ સ્વભાવ પલટવા માટે તત્ત્વરુચિ અને તત્ત્વબોધ વિકસાવનાર દર્શન-જ્ઞાન ગુણ અને તેના વિષયભૂત પદાર્થના ચિન્તનની આવશ્યકતા છે, તેમ તત્ત્વપરિણતિ વિકસાવનાર ચારિત્ર ગુણ છે.

સત્માં પ્રવૃત્તિ તેમ અસત્થી નિવૃત્તિ એ તેટલી જ
આવશ્યક છે, તે ચારિત્રનો સમ્યક્ પરિણામ છે.

(૯૩) દ્રવ્ય - ગુણ - પર્યાયથી અરિહંતનું ધ્યાન કરનારને પોતાના દ્રવ્ય-ગુણ-પર્યાયની ઓળખાણ થાય, તેથી તેનો મિથ્યામોહ વિલય પામી જાય છે, પછી જેમ જેમ રાગદ્વેષ જવા લાગે, તેમ તેમ આત્માનું શુદ્ધ સ્વરૂપ પ્રાપ્ત થાય છે.

શુદ્ધ સ્વરૂપ દ્રવ્યથી કૂટસ્થ છે,
ગુણથી સર્વવ્યાપક છે અને પર્યાયથી સ્વભાવોન્મુખ છે.

o

Eternal infinite and all Divine.

(૯૪) દેવ, ગુરુ અને આત્મા ત્રણે દેખીતા તત્ત્વો છે.
શુદ્ધ, eternal, infinite, Divine bliss
-યુક્ત આત્માનું ભાન દેવ તથા ગુરુ આપે અને
'દેવ-ગુરુમાં જ આત્મભાન કરાવવાની શક્તિ છે' એવી
સમજણ, understanding, faith આત્મા આપે.
દેવ-ગુરુ ઉત્કૃષ્ટ દાતાર છે, કેમકે તેઓ દ્રવ્ય-ગુણ-
પર્યાયમય નિજ આત્મારૂપી ઉત્કૃષ્ટ વસ્તુનું દાન કરે છે.
એવી સમજણ આપનાર આત્મતત્ત્વ પરમ ઉપકારક છે.
એ જાતિની અર્થભાવનાયુક્ત પરમેષ્ઠિમંત્રનું સ્મરણ
જેટલી વાર થાય તેટલી વાર ભવ્યાત્માને પકાવનારું અને
કર્મમલને ઘટાડનારું થાય છે.

સંસારને ઘટાડવાનો અને મોક્ષને નિકટ લાવવાનો
આ એક સરળમાં સરળ તથા અનન્ય ઉપાય છે.
A simple plan for salvation છે.

(૯૫) પ્રથમ પાંચ પદોના સ્મરણ વખતે ઉત્કૃષ્ટ દાતાર
એવા પરમેષ્ઠિઓની સાથે આપણે વાત કરીએ છીએ.
We talk to God.
ચૂલિકાના ચાર પદના સ્મરણ વખતે
પરમેષ્ઠિઓ આપણી સાથે વાત કરે છે.

God talks to us.
તે જો કાર્ય નો વ્યવહાર થાય છે, તો પછી
આપણા દ્વારા પરમેષ્ઠિઓ કાર્ય કરે છે.
We talk for God.
પ્રથમ પાંચ પદ યાદ કરાવે છે કે
There is a source of life.
છેલ્લા ચાર પદ Turn on કરાવે છે.
તેને જ્યારે આપણે શ્રદ્ધાપૂર્વક સ્વીકારીએ છીએ,
ત્યારે તેનું પરિણામ આપણને તથા બીજાઓને પણ
peace and bliss રૂપે અનુભવાય છે.
(૯૬) નવકારના પ્રથમ બે પદોમાં દેવતત્ત્વ છે,
બીજા ત્રણ પદોમાં ગુરુતત્ત્વ છે,
ત્રીજા ચાર પદોમાં ધર્મતત્ત્વ છે.
દેવતત્ત્વ દેનાર-ગુરુતત્ત્વ દેખાડનાર-ધર્મતત્ત્વ ચખાડનાર છે.
આપણી અંદર રહેલ આત્મતત્ત્વને સાક્ષાત્ આપનાર,
દ્રવ્ય - ગુણ - પર્યાયથી આત્માનું શુદ્ધ સ્વરૂપ
સ્વાનુભૂતિથી ઓળખાવનાર, ઓળખ આપનાર
સિવાય દેવતત્ત્વ, બીજું કોણ છે?
જેને જેની અનુભૂતિ થઈ હોય,
તે જ બીજાને તેની અનુભૂતિ કરાવી શકે.

એ દૃષ્ટિએ શુદ્ધ આત્માને આપનાર
એક દેવતત્ત્વ જ છે, તેથી તેમની ભક્તિમાં
'તુંહી તુંહી' જેવો અનન્યભાવ આવવો જોઈએ.
દેવતત્ત્વ અને તેમાં રહેલી દેવાની અનન્ય શક્તિને
દેખાડનાર ઉપકારી ગુરુતત્ત્વ પૂજ્ય છે.
ગુરુતત્ત્વ દ્વારા દેખેલ આત્મતત્ત્વને ચખાડવાની શક્તિ
તેમને નમસ્કાર કરવામાં આવતા ધર્મમાં છે.
નમસ્કાર એટલે 'તદ્ભાવ પરિણમન'.
જે તત્ત્વ દેવતત્ત્વ આપે છે, ગુરુતત્ત્વ દેખાડે છે, તે તત્ત્વને
પામવા-અનુભવવાની શક્તિ આપવાનું કાર્ય ધર્મ કરે છે.
આત્મતત્ત્વની અનુભૂતિનો આસ્વાદ લેવાનું કાર્ય ધર્મથી
ઘણું ઉપકારી અંતિમ દાતાર ધર્મ-આત્મસ્વભાવ બને છે.
દેવતત્ત્વમાં ભાવરૂપે પરમાર્થભાવ છે,
ગુરુતત્ત્વમાં ભાવરૂપે સર્વાર્થભાવ છે તથા
ધર્મતત્ત્વમાં ભાવરૂપે આત્માર્થભાવ છે.
પરમાર્થભાવ ભૂમિ છે, સર્વાર્થભાવ જળ છે.
આત્માર્થભાવ તપ અને સંયમરૂપ ઉપકારી પવન તથા
પ્રકાશના સ્થાને છે. બધાનું અધિષ્ઠાન આત્મદ્રવ્ય છે,
તે વ્યાપક આકાશના સ્થાને છે.

Dt. 14-5-69

(૭) 'विधुतकल्पनाजालं ।'

વિકલ્પરૂપે ચિન્તન છેદ છે,
વિચારરૂપે ચિન્તન અલ્પ કરી, અતિઅલ્પ કરી,
મનને બુદ્ધિમાં, બુદ્ધિને ચિત્તમાં, ચિત્તને અહંમાં અને
અહંને આત્મામાં સમાવવાને 'समत्वे सुप्रतिष्ठितम् ।'
આત્મદ્રવ્યે સ્થિર થવું ઘટે.

'आत्मारामं मनः कुर्वन् मनोगुप्ति रुदाहृता ।'

સ્થિરતા વર્ધમાન થયે અનપાયાય કર્તવ્ય છે.

(૮) જે અરિહંતને દ્રવ્ય-ગુણ-પર્યાયથી જાણે છે, તે
આત્માને જાણે છે, તેના મોહ-અજ્ઞાન વિલય પામે છે.
મોહ ગયે જ્યારે આત્માનું શુદ્ધસ્વરૂપ જાણવામાં આવે,
ત્યારે રાગ-દ્વેષ છૂટી જાય છે અને
જીવ કર્મબંધનથી મુક્ત થઈ પરમ નિર્વાણને પામે છે.
સર્વ અરિહંતો આ માર્ગે ચાલીને સર્વ કર્મ ખપાવીને
મોક્ષ પામ્યા છે અને એ રીતે કરવાનો ઉપદેશ આપી ગયા છે.
તીર્થ સ્થાપતી વખતે અરિહંત ભગવંતો
દ્રવ્ય-ગુણ-પર્યાયથી પ્રથમ ગણધર ભગવંતને
તીર્થની અનુજ્ઞા આપે છે અને

ગણધર ભગવંતો પોતાના
શિષ્ય - પ્રશિષ્યાદિની પરંપરાએ તીર્થ પ્રવર્તન કરે છે.
તીર્થ પ્રવર્તન માટે દ્રવ્ય - ગુણ - પર્યાય વડે આત્મલાભ,
શ્રદ્ધાન, પરિણમનનો શ્રુત - ચારિત્રરૂપ ધર્મ પ્રકાશે છે.
ભવ્યાત્માઓ તેનું અનુસરણ કરી આત્મકલ્યાણ સાધે છે.

(૯૯) તીર્થ એ તત્ત્વ પામવાનો રાજમાર્ગ છે.
તે અર્થથી તીર્થંકરો કહે છે અને સૂત્રથી ગણધરો ગૂંથે છે.
તે રાજમાર્ગ એટલે દ્રવ્ય - ગુણ - પર્યાયથી
આત્માની ઓળખાણ કરવાના વિવિધ સાધનો:
મંત્ર, મૂર્તિ, આગમ, ચૈત્ય, તેને આરાધનાર ચતુર્વિધસંઘ
આદિ આલંબનરૂપ બનીને
આત્મતત્ત્વની ઓળખાણ કરાવવા રુચિ, પરિણતિને ઘડે છે.
એ સૌ દર્પણરૂપ બની આત્મતત્ત્વની ઓળખાણ કરાવે છે
અને એ ઓળખાણ બાદ ભવ્ય જીવો
આત્મતત્ત્વધ્યાનમાં લીન બની નિર્વાણ પદને પામે છે.

(૧૦૦) દ્રવ્યથી આત્મા પૂર્ણ છે,
ગુણથી સર્વનો આત્મા સમાન છે અને
પર્યાયથી આત્મા અશુભ પરિણતિમાંથી
શુભ પરિણતિમાં આવી ઉત્કૃષ્ટ બને છે.

પ્રકૃતિનું ભાન, સમાનતાની લાગણી અને એ ભાન
તથા લાગણીયુક્ત બુદ્ધિમાં પરિણમન થવાની ક્રિયા,
અહીં એકત્ર મળીને મોક્ષનો માર્ગ બને છે.
પરહિત થતી સત્યમાં પ્રવૃત્તિ અને અસત્યથી નિવૃત્તિ ક્રમશઃ
સહજમલનો હ્રાસ તથા ભવ્યત્વ ભાવનો વિકાસ કરે છે.
અસત્યથી નિવૃત્તિ અનાદિકાલીન જીવની કર્મના સંબંધમાં
આવવાની યોગ્યતા ઘટાડી આપે છે અને સત્યમાં પ્રવૃત્તિ
મોક્ષના સંબંધમાં આવવાની યોગ્યતા વિકસાવે છે.
તે બન્નેની પાછળ પ્રેરક તત્ત્વ
દુષ્કૃતની ગર્હા અને સુકૃતની અનુમોદના છે.
ગુણાધિક એકતાની ભાવના સમત્વ વિકસાવે છે અને
દ્રવ્યથી પ્રકૃતિની ભાવના નિર્ભય-નિશ્ચિંત બનાવે છે.
દ્રવ્યથી પ્રકૃતિનો વિચાર આત્મારામતા લાવે છે અને
ગુણાધિક એકતાનો વિચાર સમત્વભાવને વિકસાવે છે.
પરહિત શુભમાં પ્રવર્તન
અશુભ સંકલ્પ-વિકલ્પોને શમાવે છે.

(૧૦૧) નવકારમાં બીજી રીતે નવ તત્ત્વ

અરિહંત - સિદ્ધ એ મોક્ષતત્ત્વ છે.
આચાર્ય - ઉપાધ્યાય - સાધુ એ સંવર - નિર્જરાતત્ત્વ છે.

'એસો પંચ નમુક્કારો' એ ગુરુતત્ત્વ છે.
'સવ્વ પાવપ્પણાસણો' એ પાપતત્ત્વને ઓળખાવે છે.
'મંગલાણં ચ સવ્વેસિં' એ
ક્ષયોપશમભાવે સમ્યગ્દૃષ્ટિ જીવતત્ત્વને અને
'પઢમં હવઇ મંગલં' શુદ્ધ જીવતત્ત્વને ઓળખાવે છે.

(૨૦૨) દેવતત્ત્વ - ગુરુતત્ત્વ - ધર્મતત્ત્વ

નવકારમંત્રમાં પહેલાં બે પદ દેવતત્ત્વને ઓળખાવીને દેવના દેવતત્ત્વ પ્રત્યે ભક્તિભાવ જાગ્રત કરે છે. બાકી ત્રણ પદ ગુરુતત્ત્વને ઓળખાવીને ગુરુઓમાં રહેલ મૈત્રી-અહિંસાભાવ રૂપી ગુરુતા પ્રત્યે આકર્ષિત કરે છે. છેલ્લા ચાર પદ અનુક્રમે મૈત્રીભાવ વડે પાપનાશ કરી પૂર્ણત્વની ભાવના વડે પ્રધાનમંગલ બને છે.

દેવતત્ત્વની આરાધનામાં દ્રવ્યગત પૂર્ણતાનું, ગુરુતત્ત્વની આરાધનામાં જાતિગત-ગુણગત એકતાનું અને ધર્મતત્ત્વની આરાધનામાં પર્યાયગત શુદ્ધતાનું લક્ષ્ય છે. પૂર્ણતાની ભાવનાથી સકલ ઇચ્છા નિરોધરૂપ વીતરાગતા, ગુણગત એકતાની ભાવનાથી સદિચ્છામય મૂર્છાનિરોધરૂપ નિર્ગ્રન્થતા અને પર્યાયગત શુદ્ધતાની ભાવનાથી સહજમલ હ્રાસ અને તથાભવ્યત્વનો વિકાસ સધાય છે.

વસ્તુમાત્રને ત્રણ પ્રકારના અસ્તિત્વ હોય છે:
સ્વરૂપાસ્તિત્વની શુદ્ધિ તે દેવતત્વ છે,
સાદૃશ્યાસ્તિત્વની શુદ્ધિ તે ગુરુતત્વ છે તથા
પર્યાયાસ્તિત્વની શુદ્ધિ તે ધર્મતત્વ છે.
સ્વરૂપાસ્તિત્વ-સાદૃશ્યાસ્તિત્વ પરસ્પર અવિનિર્ભાગી છે,
અવિનાભાવી છે. એકના અભાવમાં બીજાનો અભાવ છે,
તેથી વસ્તુનું being છે, પર્યાયાસ્તિત્વ becoming છે.
બધાએ becomingમાંથી beingમાં જવાનું છે.
selfpersonality એક પ્રકારનું ઢાંકણું - mask છે.
તેના પાછળ soul - spirit છે.
From body to self, from self to soul & from soul to spirit એ ક્રમ છે.
નવકારના પ્રથમ પાંચ પદ તીર્થસ્વરૂપ તીર્થને બતાવનારા
તથા છેલ્લા ૪ પદો તત્ત્વસ્વરૂપ-તત્ત્વને બતાવનારા છે.
(૭૦૩) મંત્રનું ઉચ્ચારણ ભાષાવર્ગણાથી થાય છે.
ભાષાવર્ગણા, શ્વાસોચ્છ્વાસવર્ગણા સાથે સંબંધ ધરાવે છે,
શ્વાસોચ્છ્વાસ વર્ગણા મનોવર્ગણા સાથે અને
મનોવર્ગણા કર્મવર્ગણા સાથે સંબંધ ધરાવે છે.
ઉત્તમમંત્રની અસર આવે વર્ગણા ઉપર પડે છે અને

જીવાત્મા આઠેય કર્મવર્ગણાના સંબંધને શુદ્ધ તથા શુભ
કરે છે. સકલ કર્મથી મોક્ષ, ઘાતીકર્મથી મોક્ષ અને તે વડે
પ્રાપ્ત થતો ક્ષાયિક ભાવ તે અરિહંત અને સિદ્ધપદ છે.
દર્શન - મોહ અને ચારિત્ર - મોહ, તેના ક્ષય - ક્ષયોપશમ -
ઉપશમ આદિ આચાર્યપદ - ઉપાધ્યાયપદ - સાધુપદ છે.

તે બન્ને પ્રત્યેની ભક્તિથી ઉપજતો
પ્રશસ્ત - શુભ - નિર્મળભાવ તે ઉત્કૃષ્ટ પુણ્ય ભાવ છે,
તે વડે અશુભભાવ - પાપભાવનો ક્ષય થાય છે અને
નમસ્કાર કરનારના આત્મામાં સંવર તથા નિર્જરારૂપ
ક્ષાયોપશમિકાદિ મંગળભાવો ઉત્પન્ન થાય છે,
તેના પરિણામે ઘાતી - અઘાતી કર્મોના સમૂળ ક્ષયરૂપ
જે ક્ષાયિકભાવ પેદા થાય છે, તે જ પ્રથમ મંગળ છે.
એ રીતે નવકારમાં અરિહંત અને સિદ્ધપદથી સ્મરણ
કરાતો ક્ષાયિકભાવ અને આચાર્ય - ઉપાધ્યાય - સાધુપદથી
સ્મરણ કરાતો ક્ષાયોપશમિકાદિ શુભભાવ ભક્તિ અને
શ્રદ્ધાનો અતિશય ઉત્પન્ન કરીને સ્મરણ કરનારની અંદર
મોહનીયાદિ પાપ પ્રકૃતિઓના ક્ષય દ્વારા ક્ષાયોપશમિક
અને ક્ષાયિક વગેરે ભાવો ઉત્પન્ન કરનાર થાય છે,
એ મૂળમંત્ર અને ચૂલિકાનો સંબંધ છે.
બન્ને મળીને મહાશ્રુતસ્કંધ બને છે.

(૨૦૪) નમો એ જીવાત્માને પરમાત્મા તરફ જવા માટે
સેતુનું કાર્ય કરે છે. સેતુને અર્ધમાત્રા પણ કહે છે.
ત્રિમાત્ર તરફથી અમાત્રમાં જવા માટે તે પુલનું કામ કરે છે.
તેને બિંદુનાદ પણ કહે છે.

ચતુર્થ ગુણસ્થાનકથી દશમા ગુણસ્થાનક સુધીની અંતરાત્મ
ભાવની અવસ્થાઓ બિન્દુનાદથી અભિવ્યક્ત થાય છે.
નમોને અરિહંતાદિ નવપદો સાથે જોડવાથી
અવ્યક્ત એવા બિન્દુનાદને વ્યક્ત સ્વરૂપ પ્રાપ્ત થાય છે.
સંપૂર્ણ અવ્યક્તદશા અમાત્રપદમાં છે.
અર્ધમાત્રામાં અંશે વ્યક્ત અને અંશે અવ્યક્તદશા છે.
ત્રિમાત્ર વ્યક્ત અવસ્થા છે.
વ્યક્તમાંથી અવ્યક્તમાં જવા માટે
જે અર્ધવ્યક્ત અને અર્ધવ્યક્તદશા છે.
તે જ સેતુ છે અને તે જ નમો પદથી વાચ્ય છે.
અરિહંત સાથે નમો પદ જોડાય છે, ત્યારે મનનું
attention સંસાર તરફથી વળી મોક્ષ તરફ જોડાય છે,
સિદ્ધપદ સાથે જોડાય ત્યારે Interest જાગે છે,
નમો પદ જ્યારે આચાર્યપદ સાથે જોડાય છે,
ત્યારે મોક્ષની Desire ઉત્પન્ન થાય છે.

નમો પદ જ્યારે ઉપાધ્યાયપદ સાથે જોડાય છે,
ત્યારે internal desire કે will પ્રગટે છે.
નમો પદ જ્યારે સાધુપદ સાથે જોડાય છે,
ત્યારે power of Imagination પ્રકટે છે.
નમો પદ જ્યારે સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને
સમ્યક્ચારિત્ર પદ સાથે જોડાય છે, ત્યારે અનુક્રમે
Visualisation, Identification
and complete Absorption force થાય છે.
પછી ઉન્મની કે મનોનાશની સ્થિતિ અનુભવાય છે.
તે અમાત્ર અવસ્થામાં લઈ જવાનું અનંતર સાધન બને છે.
એ રીતે નમો પદ સાથે થતું નવપદીનું ધ્યાન
જીવને બહિરાત્મભાવમાંથી છોડાવી અંતરાત્મભાવમાં લાવી
પરમાત્મભાવમાં સ્થાપનારું થાય છે,
તેથી પુનઃ પુનઃ કરવાલાયક છે.

(૨૦૫) સંપૂર્ણ નવકાર સમગ્ર દ્વાદશાંગીનો સાર

નવકારના પહેલાં બે પદમાં દેવતત્ત્વ
જેમાં દ્રવ્યાર્થિકનયની પ્રધાનતાનો વિચાર છે,
નવકારના બાકી ત્રણ પદમાં ગુરુતત્ત્વ
જેમાં ગુણાર્થિકનયની પ્રધાનતાનો વિચાર છે અને

નવકારના છેલ્લા ચાર પદમાં ધર્મતત્ત્વ
જેમાં પર્યાયાર્થિકનયની પ્રધાનતાનો વિચાર છે,
એ રીતે દ્રવ્ય - ગુણ - પર્યાયસ્વરૂપ
આત્મવસ્તુના સમગ્ર વિચારને આવરી લેતો હોવાથી
સંપૂર્ણ નવકાર સમગ્ર દ્વાદશાંગીનો સાર ગણાય છે.
સંપૂર્ણ દ્વાદશાંગીના સ્વાધ્યાયથી મળતું ફળ મેળવવાનો
અધિકારી નવકારનો જાપ કરનાર પણ બની શકે છે.
જેમ દ્વાદશાંગી નવતત્ત્વમય છે, ષડ્દ્રવ્યમય છે,
પંચાસ્તિકાયમય છે, ષટ્સ્થાનમય છે, તેમ
નવકાર પણ નવતત્ત્વમય, ષડ્દ્રવ્યમય, પંચાસ્તિકાયમય,
ષટ્સ્થાનમય ઇત્યાદિ સર્વ રૂપે રહેલો છે.

નવકાર શબ્દરૂપે
ભાષા, શ્વાસોચ્છ્વાસ, મન અને કર્મની સાથે સંબંધ રાખે છે,
નવકાર અર્થરૂપે
શુદ્ધ દ્રવ્ય-ગુણ-પર્યાયની સાથે સંબંધ રાખે છે અને
નવકાર જ્ઞાનરૂપે
બુદ્ધિ, ચિત્ત, અહં વગેરે વૃત્તિઓ સાથે સંબંધ રાખે છે.
એ ત્રણે એકસાથે મળીને સમગ્ર આત્મદ્રવ્યનું સ્વસંવેદન
કરાવે છે, જે સકલકર્મમલાપગમનું મુખ્ય કારણ છે.

કહ્યું છે : આત્માઽજ્ઞાનભવં દુઃખમાત્મજ્ઞાનેન હન્યતે ।
તપસાઽપ્યાત્મવિજ્ઞાનહીનૈશ્છેત્તું ન શક્યતે ॥ (परिशिष्ट-६)

(૨૦૬) આત્માનું અજ્ઞાન આત્મજ્ઞાનથી જ ટળાય છે,
તે આત્મજ્ઞાન સ્વસંવેદનરૂપ છે.
શ્રવણ, મનન, નિદિધ્યાસન વડે તે પ્રાપ્ત થાય છે.
શ્રુતિ વડે આત્મતત્ત્વનું સંવેદન
પ્રમાણવિષયક વિપર્યયને દૂર કરે છે,
યુક્તિ વડે થતું મનન
પ્રમેયવિષયક સંશયને મટાડે છે અને
ધ્યાન - એકાગ્ર ચિન્તાનિરોધ વડે થતું નિદિધ્યાસન
પ્રમાતિવિષયક અનધ્યવસાયને દૂર કરી આપે છે.
નવકારમંત્ર વડે થતું દેવ - ગુરુ અને ધર્મનું
શ્રવણ, મનન, નિદિધ્યાસન પણ આત્મવિષયક
દ્રવ્ય - ગુણ - પર્યાય સંબંધી પ્રમાણ, પ્રમેય પ્રમાતિવિષયક
યથાર્થ જ્ઞાન કરાવી આત્માનુભૂતિ સુધી પહોંચાડે છે.
એ અનુભૂતિ ઘાતીકર્મનો અને પરંપરાએ સકલકર્મનો
ક્ષય કરાવી નિર્વાણપદને પમાડે છે.
દ્રવ્યથી આત્મા પૂર્ણ છે, ગુણથી બધા જીવદ્રવ્ય એક છે
અને પર્યાયથી પ્રયત્ન વડે શુદ્ધ થઈ શકે છે.

એ પ્રયત્ન નવકારના નિત્ય અને અર્થજ્ઞાનપૂર્વકના
સૂત્ર, અર્થ, આલંબનથી થતાં સ્મરણરૂપ છે.
તેથી સ્થાનયોગ અને વૃત્તિસંક્ષયયોગની સિદ્ધિ થાય છે.
સ્થાનયોગ ઇષ્ટાનિષ્ટવિષયક કલ્પનાનો ભેદ ઉડાડે છે
અને વૃત્તિસંક્ષયયોગ શારીરિક સ્પંદરૂપ અને
માનસિક વિકલ્પરૂપ વૃત્તિઓનો નિરોધ કરી
અજરામર પદની પ્રાપ્તિ કરાવે છે.
તે પહેલાંના અધ્યાત્મ, ભાવના અને ધ્યાન નામના
ત્રણ યોગ મોહજ આત્મભ્રાંતિદોષનું નિરાકરણ કરે છે.
આત્મભ્રાંતિના બે પ્રકાર છે:
એક તો પોતાના આત્માને અનાત્મા માનવો,
બીજો બીજાના આત્માને અનાત્મા માનવો.
તે બન્ને પ્રકારની ભ્રાંતિનું નિવારણ
અધ્યાત્માદિ પ્રથમના ત્રણ યોગની સાધનાથી થાય છે.
(૨૦૭) ૩ પ્રકારની એકતા: જાતિગત, ગુણગત, પર્યાયગત.
પર્યાયગત એકતા દ્રવ્યરૂપ - સ્વરૂપાસ્તિત્વ છે,
ગુણગત એકતા પ્રદેશગત - એકાધારતારૂપ છે અને
જાતિગત એકતા સમષ્ટિસ્વરૂપ - સાદૃશ્યાસ્તિત્વરૂપ છે.
જાતિગત એકતાનું ભાન સ્નેહભાવ વિકસાવે છે.

દ્રવ્યગત એકતાનું જ્ઞાન
સમત્વભાવ - સ્થૈર્યભાવ - ધ્રુવભાવ વિકસાવે છે.
એકાધારતારૂપ પ્રદેશગત એકતાનો ભાવ
આનંદભાવને વિકસાવે છે.

<u>અનેકતા ત્રણ પ્રકારની છે</u>:
વ્યક્તિગત, પર્યાયગત અને ગુણગત.
વ્યક્તિ અનંત છે, એક જ દ્રવ્યમાં ગુણ અનંત છે અને
પર્યાય પણ અનંત છે.

પર્યાયની અશુદ્ધિ, પર્યાય અનુવર્તિ ગુણ અને પર્યાયાધાર
દ્રવ્યની પણ કથંચિત્ અશુદ્ધિ કરનાર છે, તેથી તે ત્રણે
પ્રકારની અશુદ્ધિને દૂર કરવાની સાધના જ આવશ્યક છે.
અસત્ પ્રવૃત્તિને રોકવાથી અને સત્ પ્રવૃત્તિને વિકસાવવાથી
પર્યાયગત અશુદ્ધિને દૂર કરવાની સાધના થાય છે.
અસત્‌ને રોકવું તે સંયમ અને સત્‌ને સેવવું તે તપ છે.

એકતાનો વિચાર અહિંસાને પોષે છે
અનેકતાનો વિચાર સંયમ અને તપને વિકસાવે છે.

<u>અહિંસકભાવ ત્રણ પ્રકારનો છે</u>:
પોતાના જ્ઞાનાદિ ભાવપ્રાણ, પરના દ્રવ્ય - ભાવપ્રાણ
અને સ્વપર ઉભયના દ્રવ્ય - ભાવપ્રાણની રક્ષા.

સંયમ એ વિભાવની જુગુપ્સારૂપ છે.
તપ એ તથાભવ્યત્વ સ્વભાવની અનુમોદનારૂપ છે.
નિશ્ચયનયનો વિચાર એટલે જે એકતાનો વિચાર,
તે અહિંસાની સાધના માટે ઉપયોગી નીવડે છે.
વ્યવહારનો વિચાર એટલે જે ભેદનો વિચાર,
તે તપ અને સંયમની સાધનામાં પ્રેરક બને છે.

અભેદ ત્રણ પ્રકારનો છે:

જાતિગત અભેદ, દ્રવ્યગત અભેદ અને પ્રદેશગત અભેદ.
જાતિગત અભેદ રુચિ વિકસાવે,
દ્રવ્યગત અભેદ બોધને વિકસાવે અને પ્રદેશગત અભેદ
પરિણતિરૂપી નિશ્ચય રત્નત્રયીને વિકસાવે છે.

ભેદ ત્રણ પ્રકારનો છે:

વ્યક્તિગત ભેદ, પર્યાયગત ભેદ અને ગુણગત ભેદ,
જે અનુક્રમે વ્યવહાર રત્નત્રયીનું પાલન કરાવે છે.
વ્યવહાર રત્નત્રયી એટલે તત્ત્વરુચિમાં કારણભૂત
જિનપ્રતિમા, ચૈત્ય, આગમ, ચતુર્વિધ સંઘ આદિની આરાધના,
તત્ત્વબોધમાં કારણભૂત આગમવાચના, પૃચ્છના, પરાવર્તનાદિ,
તત્ત્વપરિણતિમાં કારણભૂત ગુરુકુળવાસનું સેવન,
સમિતિ-ગુપ્તિનું પાલન, મૂળ-ઉત્તરગુણોનું ધારણ તથા
વ્રત, નિયમ, પચ્ચક્ખાણ આદિનું સેવન.

એ રીતે વ્યવહાર રત્નત્રયની ઉપયોગિતા
ભેદનયનો વિચાર સિદ્ધ કરે છે.

વસ્તુમાત્ર ભેદાભેદસ્વરૂપ છે, તેથી સામાયિકનો પરિણામ
એક બાજુ વાસીચંદન તુલ્ય કુશલાશયરૂપ કહ્યો છે અને
બીજી બાજુ સર્વ યોગોની વિશુદ્ધિરૂપ કહ્યો છે.
એ બન્ને મળીને નિરવદ્ય ધર્મ બને છે.

(૧૦૮) દ્રવ્યથી નિત્ય, ગુણથી પૂર્ણ અને જાતિથી એક
એવું આત્મદ્રવ્ય વિચારવું, તે નિશ્ચયનયનો વિષય છે.
પર્યાયથી અનિત્ય, અપૂર્ણ અને વ્યક્તિથી અનેક,
એ વિચાર વ્યવહારનયનો છે.

નિશ્ચયનો વિચાર સમ્યગ્દર્શન, જ્ઞાનગુણને નિર્મળ કરે છે,
વ્યવહારનો વિચાર ચારિત્રગુણને વિકસાવે છે.
નિશ્ચયથી નિત્ય છે, વ્યવહારથી ક્ષણ પરિણામી છે.
નિશ્ચયથી એક છે, વ્યવહારથી અનેક છે,
નિશ્ચયથી પૂર્ણ છે,
વ્યવહારથી આવરણસહિત છે, માટે અપૂર્ણ છે.
એ રીતે નિશ્ચય અને વ્યવહારને પોતપોતાને સ્થાને
મુખ્ય રાખવાથી રત્નત્રયસ્વરૂપ મોક્ષમાર્ગની આરાધના
અસ્ખલિત પ્રવાહે ચાલી શકે છે.

કહ્યું છે: अलिप्तं निश्चयेनाऽऽत्मा लिप्तश्च व्यवहारतः।
शुद्ध्यत्यलिप्तया ज्ञानी क्रियावान् लिप्तया दृशा ॥१॥

અર્થાત્: નિશ્ચયનયથી આત્મા કર્મથી લેપાયેલો અથવા બંધાયેલો નથી. આત્મા તો એક, નિત્ય અને પૂર્ણ છે. વ્યવહારનયથી આત્મા કર્મથી લેપાયેલો કે બંધાયેલો છે.

આત્મા અનેક, અનિત્ય અને અપૂર્ણ છે.

જ્ઞાનયોગી અલિપ્તદૃષ્ટિએ શુદ્ધ થાય છે,

ક્રિયાવાળો લિપ્તપણાની દૃષ્ટિએ શુદ્ધ થાય છે.

લેપ ટાળવા અભ્યાસને અવલંબે છે.

ધ્યાનદશામાં જ્ઞાનની મુખ્યતા છે,

વ્યવહારદશામાં ક્રિયાની મુખ્યતા છે.

(૨૦૯) નવકારમંત્રના પહેલાં ૫ પદો તીર્થને અને છેલ્લાં ચાર પદો તીર્થ ભક્તિના ફળરૂપે તત્ત્વને જણાવે છે. પહેલાં પાંચ પદો તીર્થ રહેલા માટે છે કે તેમને કરવામાં આવતો નમસ્કાર તત્ત્વપ્રાપ્તિમાં કારણ બને છે.

તત્ત્વ આત્મતત્ત્વ છે.

તે શુદ્ધ દ્રવ્ય-ગુણ-પર્યાયથી યુક્ત છે.

અનાદિકાળના કારણે તે કર્મના સંબંધમાં આવેલું છે.

તે સંબંધમાંથી છૂટવાની યોગ્યતા પણ તેનામાં રહેલી છે.

તે પ્રેરણાનો વિકાસ તીર્થના સંબંધથી છે.
અરિહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય, સાધુ - એ તીર્થ છે,
કેમકે તેમણે પૂર્વે તીર્થના સેવનથી શુદ્ધ દ્રવ્ય - ગુણ -
પર્યાયની પ્રાપ્તિ કરેલી છે અને કરવા સતત પ્રયત્નશીલ છે
અને એ માર્ગે ચાલીને તત્ત્વપ્રાપ્તિ કરવા અતિશયવાળી
વાણી અને અતિશયવાળા જીવનથી માર્ગ દર્શાવી ગયા છે.
'બધા જીવોને તત્ત્વની પ્રાપ્તિ થાઓ' એવો તેઓનો
સંકલ્પ અને ભાવના હોવાથી તેમનું સ્મરણ, ધ્યાન,
પૂજન, સ્તવન અને આરાધનાદિ તત્કાલ ફળે છે,

તેથી જ ચૂલિકામાં કહ્યું છે કે:

પાંચેને કરેલો નમસ્કાર સર્વ પાપોનો નાશ કરે છે,
સર્વ મંગળોમાં પહેલું મંગળ બને છે.

આત્મતત્ત્વનું અજ્ઞાન અને મોહ એ પાપ હતું,
તે આત્મતત્ત્વના જ્ઞાન અને વિવેક દ્વારા નાશ પામે છે.
એ વિવેક પંચપરમેષ્ઠિસ્વરૂપના ધ્યાનથી જાગ્રત થાય છે.
અજ્ઞાન - મોહનાશ પામ્યા પછી અવશેષ રાગ - દ્વેષાદિ
ચાલ્યા ગયા બાદ પ્રધાનમંગળરૂપ શુદ્ધ આત્મસ્વરૂપને
દ્રવ્ય - ગુણ - પર્યાયથી ભાળ થાય છે,
તે સર્વ મંગળોમાં પ્રધાન મંગળ છે.

તીર્થની સંપ્રાપ્તિ ઉત્પન્ન થતું પુણ્ય
એ પાપનો નાશ કરે છે અને બોધિ જાગેલો વિવેક
ધર્મમંગળ દ્વારા શુદ્ધ આત્મતત્ત્વનો લાભ કરાવે છે.
(૧૧૦) નય બે છે: એક દ્રવ્યાર્થિક અને બીજો પર્યાયાર્થિક.

દ્રવ્યાર્થિકનયથી આત્મા
એક, અરૂપ, અનિત્ય, પૂર્ણ તથા અખંડ - અભંગ છે.

પર્યાયાર્થિકનયથી આત્મા
અનેક, અનિત્ય, અપૂર્ણ વગેરે છે.

દ્રવ્યાર્થિકનયના લક્ષ્યપૂર્વક થતી પર્યાયાર્થિકનયથી આરાધના
ભવસમુદ્રના પારને પમાડનારી થાય છે. કહ્યું છે કે:

નિશ્ચય દૃષ્ટિ હૃદય ધરી જ, પાળે જે વ્યવહાર,
પુણ્યવંત તે પામશે જ, ભવસમુદ્રનો પાર ...(૧)

નિશ્ચયદૃષ્ટિ દ્રવ્યાર્થિકનય છે,
વ્યવહારદૃષ્ટિ પર્યાયાર્થિકનય છે.

નિશ્ચયથી આત્મા શુદ્ધ, એક, અખંડ, અભંગ, નિત્ય છે,
વ્યવહારથી અશુદ્ધ, અનેક, ખંડ - ભંગ - ભેદયુક્ત અને
અનિત્ય છે. અશુદ્ધને શુદ્ધ કરવા ક્રિયાની આવશ્યકતા છે.

તે ક્રિયા સત્પ્રવૃત્તિ, અસત્ નિવૃત્તિરૂપ છે,
તેમાં પ્રેરક બળ આપનાર
દુષ્કૃતગર્હા, સુકૃતાનુમોદનનો પરિણામ છે.

તે પરિણામની આવશ્યકતા જીવના સત્ત્વભાવરૂપ અને
ત્રિકાલવ્યાપિત્વરૂપ પારિણામિક ભાવને પ્રગટાવવા માટે છે.

એ રીતે ક્રિયાયુક્તજ્ઞાન અને
જ્ઞાનયુક્ત ક્રિયા પરસ્પર મળીને મોક્ષમાર્ગ બને છે.

શુદ્ધ સ્વરૂપને પામેલા પુરુષોના ધ્યાનથી જ્ઞાન સુલભ બને.

પોતાનું અશુદ્ધ સ્વરૂપ સ્વીકારીને,
તેને શુદ્ધ કરવાની ભાવનામાંથી ક્રિયા ઉત્પન્ન થાય છે.

નવકારના પ્રથમ પાંચ પદોમાં જ્ઞાન ભરેલું છે, છેલ્લા
ચાર પદમાં તે જ્ઞાન મુજબ થતી ક્રિયાનું ફળ બતાવેલું છે.
બંને મળીને મહાશ્રુતસ્કંધ બને છે.

(૧૧૧) દ્રવ્યાસ્તિકનયથી જીવનું અસ્તિત્વ ત્રણ પ્રકારનું છે.
સ્વરૂપાસ્તિત્વ, સાદૃશ્યાસ્તિત્વ અને પર્યાયાસ્તિત્વ.
પર્યાયાસ્તિકનયથી પણ ત્રણ પ્રકારનું અસ્તિત્વ અનુક્રમે
દ્રવ્યના પર્યાયરૂપ, જાતિના અવયવરૂપ, વસ્તુના ગુણરૂપ છે.

ગુણ, વ્યક્તિ અને અંશને
ગુણી, જાતિ અને પૂર્ણની સાથે અવિનાભાવ સંબંધ છે,
તેથી બંને કદી છૂટા પડી શકતાં નથી અને
આરાધનાના બે અંશ - જ્ઞાન અને ક્રિયા પણ
કદી જુદા રહી શકતા નથી, ગૌણ મુખ્ય બને છે.

ધ્યાન સમયે દ્રવ્યાર્થિકનું જ્ઞાન મુખ્ય બને છે.
ક્રિયા સમયે પર્યાયાર્થિકનું લક્ષ્ય મુખ્ય રહે છે.
અધ્યાત્મ યોગ એટલે પ્રભુના લક્ષ્યથી કાર્યનો આરંભ.
તેમાં જ આધિક પ્રયત્ન તે ભાવનાયોગ છે.
તેમાંથી ધ્યાન, સમતા અને વૃત્તિસંક્ષયયોગ પ્રગટ થાય છે,
પરંતુ તે બધાનો પાયો અધ્યાત્મ અને ભાવનાયોગ છે.

(૨૨૨) આત્માનું સાચું નામ 'અનાહત' છે અને
આત્માનું સાચું રૂપ 'અવ્યક્ત' છે.
અનાહતને ઓળખાવનાર 'અજપાજપ' છે અને
અવ્યક્તને ઓળખાવનાર 'રૂપાતીત' છે.
અજપા ક્રિયારૂપ વાચક છે, રૂપાતીત તેનું વાચ્ય છે.
તે સ્વસંવેદન જ્ઞાન છે, તે બંનેનું પરંપર સાધન તીર્થ છે.
તે તીર્થ પ્રભુઆગમ અને પ્રભુમૂર્તિ રૂપ છે
અને તેને આરાધનાર ચતુર્વિધ સંઘ રૂપ છે.

°

(૨૨૩) What is your true name & real form? True name is Anahata and real form is Avaykta. Anahata is Sound Octave Soul and Avaykta is Spirit itself.

(૨૨૪) મંત્રયોગ વડે 'અનાહત' સુધી પહોંચાય છે.
ધ્યાનયોગ વડે 'અવ્યક્ત'ને પામી શકાય છે.
મંત્રયોગમાં સાધન 'શબ્દ' છે, ધ્યાનયોગમાં સાધન 'મન' છે.
શબ્દ વડે પ્રભુ પકડાય છે,
મન વડે આત્મા સુધી પહોંચાય છે.
અને પ્રભુનું પ્રભુત્વ મનના પ્રભુત્વને હણી
મનનું પ્રભુત્વ પ્રભુના પ્રભુત્વને અપાવે છે,
એમ પરસ્પર કાર્ય-કારણરૂપ બન્ને બને છે.

(૨૨૫) અનાહત પ્રકૃતિ છે, અવ્યક્ત દ્રવ્ય છે.
દુન્યવી બધાં નામ-રૂપોનું મૂળ તપાસવા જતાં
અનાહત અને અવ્યક્તમાંથી જ
તે સર્વની ઉત્પત્તિ થયેલી માલુમ પડે છે.
'અનાહત' એ ધ્વનિ હોવાના કારણે
ક્રિયારૂપ, વીર્યગુણના આવિર્ભાવરૂપ છે અને
અવ્યક્ત એ સ્વસંવેદન રૂપ હોવાના કારણે
જ્ઞાનરૂપ, આત્માના જ્ઞાનગુણનો આવિર્ભાવ છે.
'જ્ઞાનક્રિયાભ્યાં મોક્ષઃ।'
એ સૂત્રનું આંતિમ તાત્પર્ય પણ
અનાહત અને અવ્યક્તમાં સમાવેશ પામે છે.

(૨૨૬) 'નમો અરિહંતાણં ।'

નવકારના પ્રથમ પદ દ્વારા દ્રવ્ય - ગુણ - પર્યાયથી
અરિહંતનું ધ્યાન કરનારનો મોહ નાશ પામે છે.
'અરિહં' પદ દ્રવ્ય - ગુણ - પર્યાયને જણાવે છે.
'નમો' પદ વડે થતો તેમને નમસ્કાર
મિથ્યામોહ - આત્મ અજ્ઞાનનો નાશ કરે છે, તેથી
અસત્ પ્રવૃત્તિ છુટી જાય છે અને સત્પ્રવૃત્તિ શરૂ થાય,
તે અનુક્રમે રાગ - દ્વેષનો ક્ષય કરી
શુદ્ધ આત્મતત્ત્વની પ્રાપ્તિ કરાવે છે.
'તાણં' પદ શુદ્ધ આત્મતત્ત્વની પ્રાપ્તિથી થનારૂં રક્ષણ કે
ત્રાણ જણાવે છે. શુદ્ધ એવા આત્મતત્ત્વનો લાભ થવાથી
હંમેશા માટે અભય, અદ્વેષ, અખેદ પ્રાપ્ત થાય છે.
સ્વરૂપાસ્તિત્વના ધ્યાનથી અભયનો લાભ થાય છે,
સાદૃશ્યાસ્તિત્વના ધ્યાનથી અદ્વેષનો લાભ થાય છે અને
દુષ્કૃતગર્હા - સુકૃતાનુમોદના વડે તથા
અસત્‌ના ત્યાગ અને સત્‌ના સેવન વડે
રાગ-દ્વેષનો ક્ષય થવાથી અખેદનો લાભ થાય છે.
પ્રથમ પદનું ધ્યાન એ રીતે મોહ અને અજ્ઞાન તથા
રાગ અને દ્વેષના ક્ષયનું કારણ બનીને
જીવની સિદ્ધિનો હેતુ બને છે.

(૨૨૭) કૃતજ્ઞતાગુણ એ સુકૃતાનુમોદનારૂપ છે અને
પરોપકારગુણ એ પરાપકારની દુર્ગંધ અને
નિવૃત્તિરૂપ હોવાથી દુષ્કૃતગર્હારૂપ છે.
દુષ્કૃતની સાથે ગર્હા પરાપકારથી નિવૃત્તિરૂપ છે અને
પરાપકારની નિવૃત્તિ પરોપકારની ભાવના વિના શક્ય નથી.
પરોપકારગુણ પરને ઉપકારરૂપ છે માટે કરવા યોગ્ય છે,
એટલું નહિ પણ પરાપકાર વડે પોતે પાપપરાયણ છે
તેમાંથી નિવૃત્ત થવા માટે પરોપકાર અનિવાર્ય છે.
પરોપકારથી બીજાને લાભ થાય, તે 'ભાવના' છે,
પોતાને લાભ નિશ્ચિત છે, બીજાને જે લાભ થાય છે,
તેમાં બીજાનું પુણ્ય પણ કારણ છે.
(૨૨૮) આગમ પરિણામ આદેશાસ્તિત્વ સાથે સંબંધ રાખે છે,
એ પરિણામ સ્વરૂપાસ્તિત્વની સાથે સંબંધ ધરાવે છે
અને સમ્યગ્ પરિણામ પરરૂપની જેમ
આત્માના વીર્યગુણને જ્ઞાનગુણમાં જોડવા માટે
મન-વચન-કાયાની પ્રવૃત્તિની સાથે સંબંધ ધરાવે છે.
પ્રથમ બે પરિણામમાં જ્ઞાનગુણની પ્રધાનતા છે,
અંતિમ સમ્યગ્ પરિણામમાં
વીર્યગુણનો સ્વભાવોન્મુખ વ્યાપાર પ્રધાન છે.

ત્રણે મળીને મોક્ષમાર્ગ બને, જેને અનુક્રમે સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યગ્ચારિત્રનું નામ મળ્યું છે.

એ ત્રણ જ્યારે એકત્ર થાય, ત્યારે
મોક્ષનગરમાં પ્રવેશ થવાના દ્વાર ખુલે છે અને
તે માર્ગે ઝડપી પ્રગતિ થાય છે.

સમાધિથી સમાપત્તિ, સમાપત્તિથી આપત્તિ અને
આપત્તિથી સંપત્તિ પ્રાપ્ત થાય છે.

ધ્યાનશ॰ - ધ્યાનનું ફળ સમાપત્તિ છે અને એ સમાપત્તિ જ યોગીઓની માતા તથા નિર્વાણ ફલપ્રદા કહી છે.

(૧૧૯) ધર્મના ૬ પ્રકાર છે તથા તેના પેટાભેદ ૨૨ છે: જ્ઞાનાદિ (3), ક્ષમાદિ (૧૦), દાનાદિ (૪), અહિંસાદિ (3), વસ્તુસ્વભાવ (૧), મોહ-ક્ષોભરહિત આત્મપરિણામ (૧).

(૧૨૦) 'जे विण्णाणे से आदा ।'

અર્થઃ જે જ્ઞાન છે, તે આત્મા છે.

स्वाध्यायः परम स्तावत् जपः पंचनमस्कृतेः ।
पठनं वा जिनेन्द्रोक्तशास्त्रस्यैकाग्रचेतसा ॥१॥

અર્થઃ એકાગ્ર મનથી પંચપરમેષ્ઠિ નમસ્કાર મહામંત્રનો
જાપ અથવા શ્રી જિનેશ્વર દેવોએ કહેલાં
શાસ્ત્રોનું અધ્યયન, એ સર્વોત્કૃષ્ટ સ્વાધ્યાય છે.

(૧૨૧) न किंचिदपि चिन्तयेत्

एवं सम्यग् विनिश्चित्य स्वात्मानं भिन्नमन्यतः
विदध्यात् तन्मयं भावं - न किंचिदपि चिन्तयेत् ॥

આત્મા સિવાય બીજી કોઈ વસ્તુને ન ચિંતવવી.
અહીં આ ચિન્તાભાવ, પરવસ્તુની સ્મૃતિનો અભાવ
તુચ્છાભાવરૂપ નહિ પણ સ્વસંવેદનરૂપ છે.
સ્વાનુભવ તે જ ચિન્તાભાવ છે.
સ્વાનુભવ એટલે જ્ઞાન, દર્શન, ચારિત્રમય
આત્માનું સ્વસંવેદન, તદાત્મક ચિન્તાભાવ સમજવો.

(૧૨૨) वेद्यत्वं वेदकत्वं च यत्स्वस्य स्वेन योगिनः ।
तत्स्वसंवेदनं प्राहुरात्मनोऽनुभवं दृशम् ॥१॥

<u>અર્થ</u>: યોગીને આત્મા વડે આત્માનું
જે વેદ્યત્વ અને વેદકત્વ થાય છે, તેને યોગીશ્વરોએ
સ્વસંવેદન, આત્માનુભવ અથવા આત્મદર્શન કહ્યું છે.

स्वपरज्ञप्तिरूपत्वान्न तस्य कारणान्तरम् ।
ततश्चिन्तां परित्यज्य स्वसंवित्त्यैव वेद्यताम् ॥२॥

<u>અર્થ</u>: તે સ્વપરજ્ઞપ્તિ - પ્રકાશરૂપ હોવાથી
તેનું બીજું કોઈ કારણ છે નહિ,
કેવળ આત્મા જ કારણ છે, તેથી અન્ય વિષયની
ચિન્તા છોડીને સ્વસંવેદનથી જ અનુભવવું જોઈએ.

દૃગ્બોધ સામ્યરૂપત્વાત્ જાનન્ પશ્યન્ ઉદાસિતા ।
ચિત્સામાન્યવિશેષાત્મા સ્વાત્મનૈવાઽનુભૂયતામ્ ॥૩॥

અર્થાત્ઃ આત્મા જ્ઞાન, દર્શન, સમતા અથવા ચારિત્રરૂપ હોવાથી જાણે છે, જુએ છે અને મધ્યસ્થ રહે છે. તે સામાન્ય અને વિશેષ ઉપયોગરૂપ છે. તેને સ્વાત્મા વડે જ અનુભવો.

(૨૨૩) તત્ત્વાનુશાસન અ-૫ - શ્લોકમાં કહ્યું છે કે:

સમાધિસ્થેન યદ્યાત્મા બોધાત્મા નાઽનુભૂયતે ।
તદા ન તસ્ય તદ્ધ્યાનં મૂર્છાવાન્ મોહ એવ સઃ ॥

અર્થાત્ઃ સમાધિસ્થ પુરુષ વડે જો જ્ઞાનસ્વરૂપ આત્મા ન અનુભવાય, તો તે તેનું ધ્યાન જ નથી, કિન્તુ મૂર્છાયુક્ત એવો મોહ જ છે.

(૨૨૪) અહંકાર - મમકાર બુદ્ધિ તે આસ્રવરૂપ છે. તેનો ત્યાગ તે સંવર છે.

આત્મધ્યાનથી અહંકાર - મમકાર નાશ અને આત્માકાર સમત્વ બુદ્ધિ ઉત્પન્ન થાય છે, તે નિર્જરા તત્ત્વ છે. એ રીતે આત્મધ્યાન એ અહંકાર - મમકાર બુદ્ધિનો ત્યાગ કરાવનાર હોવાથી અને આત્માકાર સમતા બુદ્ધિ ઉત્પન્ન કરાવનાર હોવાથી સંવર - નિર્જરા ઉભયરૂપ છે.

'સામાયિક પણ આત્મા છે અને
સામાયિકનું પ્રયોજન સંવર-નિર્જરા પણ આત્મા છે',
એ શાસ્ત્રવચન આ રીતે સુસંગત થાય.
ધ્યાનના બળે સામાન્ય-વિશેષ ઉભયરૂપ થતો
સંવેદનાત્મક આત્મબોધ વિષય-કષાયરૂપે
આસ્રવ અને બંધવૃત્તિઓનો ઉચ્છેદ કરવા નિર્વિષય-
નિષ્કષાય વૃત્તિરૂપ સંવર-નિર્જરામાં પરમ કારણ બને છે.

(૨૨૫) તદ્ધ્યાનં રૌદ્રમાર્ત્તં વા યદૈહિકફલાર્થિનામ્ ।
તસ્માદેતત્પરિત્યજ્ય ધર્મ્યં શુક્લમુપાસ્યતામ્ ॥

અર્થ: ઐહિકફલના અર્થીઓનું ધ્યાન
આર્ત અથવા રૌદ્ર હોય છે, તેથી એ બે ધ્યાનને છોડીને
ધર્મ અથવા શુક્લ ધ્યાનનો અભ્યાસ કરવો જોઈએ.

(૨૨૬) બંધ-મોક્ષ અને એ બંનેના હેતુઓરૂપ જે ચતુષ્ટય,
તે ચતુષ્ટયના વ્યાપક એવા અનેકાન્તાત્મકત્વને
ન ઇચ્છતા એકાન્તવાદીઓને ઘટી શકતું નથી.
અનેકાન્ત વ્યાપક છે અને ક્રમ-અક્રમ વ્યાપ્ય છે.
ક્રમ-અક્રમ વ્યાપક છે અને અર્થક્રિયા વ્યાપ્ય છે.
અર્થક્રિયા વ્યાપક છે અને ઉપર્યુક્ત ચતુષ્ટય વ્યાપ્ય છે.
મૂળ વ્યાપક જો અનેકાન્તાત્મકત્વ જ નથી, તો

તદ્રૂપ અહીં કર્મ - અકર્મ ન ઘટે,
જો કર્મ-અકર્મ ન ઘટે તો તદ્રૂપ અર્થક્રિયા અર્થાત્
ક્રિયા અને કારક ન ઘટે અને જો ક્રિયા અને કારક
ન ઘટે તો ઉપર્યુક્ત ચતુષ્ટય પણ ન ઘટે.
તેથી બંધ - મોક્ષ અને
બંધહેતુ તથા મોક્ષહેતુરૂપ ચતુષ્ટયને સદ્ તરીકે
ઇચ્છનારાઓએ સર્વજ્ઞ આપ્ત અને પ્રમાણસિદ્ધ પ્રસિદ્ધ
અહીં અનેકાન્તને અવશ્ય સ્વીકારવો જોઈએ.

(૨૨૭) સંગ્રહનયની અપેક્ષાએ અદ્વૈતદર્શન સત્ય છે.
ઋજુસૂત્રનયની અપેક્ષાએ નૈરાત્મ્યદર્શન સત્ય છે.
અનેકાન્ત અપેક્ષાએ ઉભયસ્વરૂપ સમજાવે પ્રમાણરૂપ છે.

(૨૨૮) 'પરમેષ્ઠિ નમસ્કાર ચૌદ પૂર્વનો સાર છે'
એનો અર્થ પરમેષ્ઠિથી કથંચિત્ અભિન્ન
એવો આત્મા જ ચૌદ પૂર્વનો સાર છે,
દ્વાદશાંગીનો સાર છે, ત્રણ લોકનો સાર છે.
ત્રણ લોકમાં સાર ચૌદ પૂર્વ,
ચૌદ પૂર્વમાં સાર નવકાર, નવકારમાં સાર સ્વશુદ્ધાત્મા.
પ્રાણ, ઇંદ્રિય અને મન-ત્રણના સંયોગથી મંત્ર બને છે,
તેથી મંત્ર પોતે પ્રાણમય, મનોમય અને ઇંદ્રિયમય છે.

નવકારમાં મસ્તક ઝુકાવીને
કર્મના સર્જનહારને ધર્મના શરણમાં ઝુકાવવાનું છે.
હાથ જોડીને ધર્મના સ્વામીની સાથે એકમેક થવાનું છે.
નમસ્કાર એ કર્મથી પોતાની જાતને અલગ કરવાની
અને ધર્મની સાથે જોડાઈ જવાની ક્રિયાનું નામ છે.
નમસ્કાર = કર જોડ, માન મોડ વંદન કરું છું.
નમસ્કારમાં મનથી માન છોડવાનું છે,
કરથી હાથ જોડવાના છે અને
ધર્મ - ધર્મસાધક - ધર્મસિદ્ધની સાથે અભેદ થવાનું છે.
તેનું સાધન મંત્ર, મંત્રોચ્ચાર, મંત્રમનન અને
તે દ્વારા કર્મક્ષય અને આત્મભાન મેળવવાનો છે.
મંત્રના ઉચ્ચારણ વડે પ્રાણ, પ્રાણની ગતિ વડે મન,
મનના મનન વડે બુદ્ધિ - ચિત્ત અને
તે બધા ઉપરનો અહં ઓગાળીને શુદ્ધ થવાનું છે.
શુદ્ધ અંતઃકરણમાં આત્મતત્ત્વનું પ્રતિબિંબ પડે છે.
દ્રવ્ય - ગુણ - પર્યાયથી અરિહંતતુલ્ય આત્મદર્શન થાય છે.
मननमयी निजविभवे निजसंकोचमये त्राणमयी ।
कवलित - विश्वविकल्पा
अनुभूतिः काऽपि मंत्रशब्दार्थः ॥

o કાયા તમોગુણપ્રધાન છે, મન સત્ત્વગુણપ્રધાન છે,
ભાષા અને શ્વાસોચ્છ્વાસ રજોગુણપ્રધાન છે.
પંચમકાળમાં ભાષા અને શ્વાસોચ્છ્વાસના આલંબને
સત્ત્વગુણપ્રધાન મન સુધી પહોંચાય છે.
અંતઃકરણ ચતુષ્ટય શુદ્ધ થવાથી નિર્મલતા થાય અને
તેમાં આત્મતત્ત્વનું પ્રતિબિંબ પડે છે.
ઉત્તરોત્તર વિશુદ્ધિ થવાથી આત્મસાક્ષાત્કાર થાય છે, તેથી
પછી પરમાત્માનું સ્વસંવેદન વધતું જાય છે
અને અંતે આત્મા સ્વયં પરમાત્મરૂપ બની જાય છે.
શબ્દથી અર્થમાં અને અર્થથી જ્ઞાનમાં જવાય છે.

(१) क्षीणवृत्तेरभिजातस्येव मणेर्ग्रहीतृग्रहण-
ग्राह्येषु तत्स्थतदंजनता समापत्तिः ।

समापत्ति - संप्रज्ञात समाधि

(२) तत्र शब्दार्थ ज्ञानविकल्पैः
संकीर्णा सवितर्का समापत्तिः ।

તર્ક શબ્દ 'શબ્દમય ચિન્તા' અર્થમાં વપરાય છે.
વિતર્ક = વિશિષ્ટ તર્ક.
શબ્દસંયોગની સ્મૃતિપૂર્વક જે જ્ઞાન થાય છે,
તે વિકલ્પરૂપ હોય છે.

(૩) સ્મૃતિપરિશુદ્ધૌ સ્વરૂપ -

શૂન્યેવાઽર્થમાત્રનિર્ભાસા નિર્વિતર્કા ।

અહીં શબ્દ અને જ્ઞાનનો વિકલ્પ રહેતો નથી,
તેથી તેને નિર્વિકલ્પ પણ કહે છે.

વિકલ્પ એટલે...

ભેદમાં અભેદ અને અભેદમાં ભેદ કરાવવાવાળી વૃત્તિ.
જ્યારે અર્થ 'ગૌ' સાથે શબ્દ 'ગૌ' અને જ્ઞાન 'ગૌ'માં
પણ ચિત્ત તદાકાર થઈ રહ્યું હોય, ત્યારે ચિત્ત
મિશ્ર આકારવાળું બને છે, તેથી 'ગૌ' અર્થને યથાર્થરૂપથી
દર્શાવી શકે નહિ, એટલે આ મિશ્ર આકારવાળી વૃત્તિ
સવિતર્ક અથવા સવિકલ્પ સમાપત્તિ કહેવાશે,
પરંતુ જ્યારે સત્યનો પ્રકાશ એટલો વધી જાય કે તે
રજ અને તમને દબાવી જેટલા અંશમાં ચિત્ત
શબ્દ 'ગૌ' અને જ્ઞાન 'ગૌ'માં તદાકાર થઈ રહ્યું છે,
તેને શૂન્ય જેવું કરીને 'ગૌ' અર્થમાં તદાકારતા કરવા લાગે,
ત્યારે તે યથાર્થતાથી 'ગૌ' અર્થથી ભાસવાવાળી ચિત્તની
એકાકારવાળી વૃત્તિ નિર્વિતર્ક અથવા નિર્વિકલ્પ કહેવાય છે.

(૪) એતયૈવ સવિચારા નિર્વિચારા ચ
સૂક્ષ્મવિષયા વ્યાખ્યાતા ।

સવિચાર સમાપત્તિ એટલે...

દેશ, કાળ અને નિમિત્ત તથા
કાર્ય - કારણના અનુભવપૂર્વક જે સૂક્ષ્મ તન્માત્રાઓમાં
સવિતર્ક સમાપત્તિની સમાન શબ્દ, અર્થ તથા જ્ઞાનના
વિકલ્પોથી મિશ્રિત જે સમાપત્તિ થાય છે તે.

નિર્વિચાર સમાપત્તિ એટલે...

દેશ, કાળ, કાર્ય - કારણરૂપ વિશિષ્ટતાના
અનુભવના ત્યાગપૂર્વક અને વિકલ્પજ્ઞાનના કારણભૂત
શબ્દસંકેતની સ્મૃતિથી પરિશુદ્ધ થયેલ સૂક્ષ્મતમ
પરમાણુરૂપ અર્થમાત્ર વિષયક જે સમાપત્તિ સ્વરૂપથી
શૂન્ય જેવી અર્થમાત્રના રૂપમાં ભાસમાન થાય છે તે.

સવિચાર સમાપત્તિમાં...

કાર્ય - કારણભાવનો વિચાર વિદ્યમાન રહે છે,
જેમ કે પૃથ્વી એ ગંધતન્માત્રપ્રધાન પંચ
તન્માત્રાઓથી ઉત્પન્ન થઈ છે અને ગંધ તેનો ધર્મ છે.

નિર્વિચાર સમાપત્તિમાં...

કેવળ સૂક્ષ્મભૂતોનું ભાન રહે, પૂર્વોક્ત વિચાર રહેતો નથી.
એ બે સમાપત્તિ વચ્ચેનું અંતર અથવા ભેદ છે.
સવિચારને સવિતર્કની જેમ.

નામ (શબ્દ), રૂપ (અર્થ) અને જ્ઞાનના
વિકલ્પથી સંયુક્ત હોવાના કારણે સવિકલ્પ કહે છે.
નિર્વિકલ્પને અસંપ્રજ્ઞાત સમાધિ સમજવા તે ભૂલ છે.
નિર્વિકલ્પમાં યદ્યપિ ત્રિપુટીનો અભાવ છે,
તો પણ સંસ્કારનું બીજ બની રહે છે.

અસંપ્રજ્ઞાત સમાધિમાં...

શુદ્ધ પરમાત્મ સ્વરૂપમાં અવસ્થિતિ હોય છે.
(a) ધ્યાનમાં ધ્યાતા - ધ્યેય - ધ્યાનની ત્રિપુટી બની રહે છે.
(b) સવિતર્ક અને સવિચારમાં કેવળ ધ્યાનવિષયક શબ્દ,
અર્થ અને જ્ઞાનથી મળી રહેલો વિકલ્પ હોય છે.
(c) સમાધિમાં કેવળ ધ્યેયનું સ્વરૂપ માત્ર જ રહી જાય છે
એટલે સવિતર્ક અને સવિચાર સમાપત્તિ એ
ધ્યાનથી પછીની અને સમાધિની પૂર્વની અવસ્થા છે.
એને તટસ્થ સમાપત્તિ પણ કહે છે.

(૨) તા એવ સબીજઃ સમાધિઃ ।
બીજ એટલે આલંબન, આશ્રય.
સબીજ, આલંબન તથા સંપ્રજ્ઞાત - એકાર્થક છે.
સવિતર્ક - નિર્વિતર્કમાં સ્થૂલગ્રાહ્ય વસ્તુનું
બીજ, આલંબન, આશ્રય છે.
સવિચાર - નિર્વિચારમાં સૂક્ષ્મ ગ્રાહ્ય વસ્તુનું આલંબન છે.

(૬) निर्विचार - वैशारद्येऽध्यात्म - प्रसादः ।

વૈશારદ્ય = નિપુણતા, પ્રવાહતા.

અધ્યાત્મ = આત્મામાં, બુદ્ધિમાં વર્તે તે.

પ્રસાદ = પ્રસન્નતા, નિર્મળતા, સ્વચ્છતા.

બુદ્ધિમાં પ્રસન્નતા-નિર્મળતા રહે છે, તે અધ્યાત્મપ્રસાદ છે. નિર્વિચાર સમાધિની ઉત્તમ અવસ્થામાં રજ-તમરૂપ મળ અને આવરણનો ક્ષય થવાથી પ્રકાશસ્વરૂપ બુદ્ધિના સત્ત્વગુણની પ્રધાનતાથી રજ-તમથી અનભિભૂત સ્વચ્છ સ્થિરતારૂપ જે અક્રમ પ્રવાહ નિરંતર વહેતો રહે છે, તેનું નામ વૈશારદ્ય છે. એથી યોગીને પ્રકૃતિ પર્યન્ત સર્વ પદાર્થોનો એક જ કાળે સાક્ષાત્કાર થઈ જાય છે.

એ સાક્ષાત્કારનું નામ અધ્યાત્મ પ્રસાદ છે.

એને સ્ફુટ પ્રજ્ઞાલોક અથવા પ્રજ્ઞાપ્રસાદ પણ કહે છે.

प्रज्ञाप्रासादमारुह्य अशोच्यः शोच्यतो जनान् ।
भूमिष्ठानिव शैलस्थः सर्वान् प्राज्ञोऽनुपश्यति ॥१॥

વ્યાસ ભાષ્યમાં કહ્યું છે: પર્વત ઉપર રહેલો પુરૂષ જેમ પૃથ્વી ઉપર રહેલા જીવોને જુએ છે, તે રીતે પ્રજ્ઞારૂપી મહેલ ઉપર આરૂઢ થયેલો વિવેકી સદા પ્રાજ્ઞ પુરૂષ શોકયુક્ત એવા બધા લોકોને જુએ છે.

અહીં નિર્વિચારની અંતર્ગત આનંદાનુગત અને
અસ્મિતાનુગત ભૂમિકાઓ આવી જાય છે.

(૭) ઋતંભરા તત્ર પ્રજ્ઞા ।

સત્યને ધારણ કરવાવાળી, અવિદ્યાદિરહિત તે ઋતંભરા.
પ્રજ્ઞા - બુદ્ધિ કે સમાધિજન્ય બુદ્ધિ - જ્ઞાન અભિપ્રેત છે.
એમાં ભ્રમ, વિપર્યય કે અવિદ્યાદિનો લેશ પણ હોતો નથી.
આગમ - અનુમાન દ્વારા જે યથાર્થ જ્ઞાન પ્રાપ્ત થાય છે,
તે સત્ય conceptual fact છે અને
સાક્ષાત્કાર દ્વારા જે યથાર્થ જ્ઞાન થાય છે, તે સત્ય
Perceptual fact કે સાક્ષાત્ અનુભૂત સત્ય છે.

(૮) શ્રુતાનુમાન પ્રજ્ઞાભ્યામન્યવિષયા વિશેષાર્થત્વાત્ ।

પદાર્થના બે રૂપ છે : એક સામાન્ય, બીજો વિશેષ.
સામાન્ય તે છે કે જે તે પ્રકારના સર્વ પદાર્થોમાં રહે છે.
વિશેષ પદાર્થ તે છે કે જે પ્રત્યેક વ્યક્તિનું
પોતપોતાનું સ્વરૂપ છે, તેમ એક જ પ્રકારના
પદાર્થોમાં એકબીજાથી ભેદ હોઈ શકે છે.
આગમજન્ય જ્ઞાન વસ્તુના સામાન્ય રૂપને વિષય કરે,
વિશેષરૂપને નહિ, કેમકે વિશેષની સાથે
શબ્દનો વાચ્ય - વાચકભાવ સંબંધ થઈ શકતો નથી.

શાસ્ત્રે જે વસ્તુની સાથે શબ્દનો સંકેત કર્યો છે,
તે વસ્તુને તે શબ્દ
સામાન્યરૂપથી બોધ કરાવી શકે છે, વિશેષરૂપથી નહિ.
ગો, વૃક્ષ આદિ શબ્દો સાંભળવાથી
ગો, વૃક્ષ આદિનું સામાન્ય જ્ઞાન થાય છે, કિન્તુ
વ્યક્તિવિશેષ ગો કે વૃક્ષાદિનું વિશેષ જ્ઞાન થતું નથી.
એ રીતે અનુમાન પણ
સામાન્યરૂપથી વસ્તુનું જ્ઞાન કરાવે છે, વિશેષરૂપથી નહિ.
અનુમાનમાં લિંગથી લિંગીનું જ્ઞાન થાય છે.
જ્યાં લિંગની પ્રાપ્તિ નથી, ત્યાં અનુમાન થઈ શકતું નથી.
જ્યાં ધૂમ છે, ત્યાં વહ્નિ છે.
કેવળ પ્રત્યક્ષ પ્રમાણ જ વસ્તુના વિશેષ રૂપને દેખાડવા
સમર્થ છે, પરંતુ ઇંદ્રિયજન્ય પ્રત્યક્ષ જ્ઞાન
માત્ર સ્થૂલ વસ્તુઓના પ્રત્યક્ષ રૂપને જણાવે છે.
સૂક્ષ્મ, વ્યવહિત તથા અતીન્દ્રિય પદાર્થોમાં તેની પહોંચ નથી.
પંચ તન્માત્ર, અહંકાર, મહત્તત્ત્વ, પ્રકૃતિ, પુરુષ
આદિ સૂક્ષ્મ પદાર્થોમાં તેની ગતિ નથી.
જ્યાં ગતિ નથી, ત્યાં પ્રાપ્તિ નથી.
જ્યાં પ્રાપ્તિ નથી, ત્યાં ગતિ નથી.

આગમ-અનુમાનથી એના સામાન્ય રૂપનો પત્તો લાગે છે, કિન્તુ પદાર્થના વિશિષ્ટ રૂપને જાણવા શકતા નથી.

નિર્વિચાર સમાધિની વિશારદતામાં થવાવાળી ઋતંભરા પ્રજ્ઞાથી જ આ સૂક્ષ્મ પદાર્થોના વિશિષ્ટરૂપનો સાક્ષાત્કાર થાય છે, પરન્તુ જ્ઞાન કોઈ પ્રમાણથી નહિ.

એ કારણે આ પ્રજ્ઞા શ્રુત-અનુમાન પ્રજ્ઞાથી અન્ય અને ઉત્કૃષ્ટ છે, પરમ પ્રત્યક્ષ છે તથા શ્રુત-અનુમાનનું જ્ઞાન છે.

શ્રુત-અનુમાન એના આશ્રયે છે પણ શ્રુત-અનુમાનના આશ્રયે તે નથી.

વસ્તુના યથાર્થ સ્વરૂપને જ આગમ જણાવે છે અને એનું જ અનુમાન કરાય છે. તેથી જ કહ્યું છે કે:

आगमेनाऽनुमानेन ध्यानाऽभ्यासरसेन च ।
त्रिधा प्रकल्पयन् प्रज्ञां लभते योगमुत्तमम् ॥

અર્થાત્: આગમ શ્રવણ, અનુમાન, મનન અને ધ્યાનાભ્યાસ રૂપી નિદિધ્યાસન વડે ત્રણ પ્રજ્ઞાથી શ્રેષ્ઠ યોગની પ્રાપ્તિ થઈ શકે છે.

Soul and body are safe only when they are one with Spirit.

V.V. Imp.                    સં. ૨૦૨૫, જેઠ સુદ ૩, સોમવાર

સૂક્ષ્મ નિગોદમાં અહિંસા છે, પણ અહિંસક ભાવ નથી.

હિંસા નથી, પણ હિંસકભાવ જોડો છે.

છતાં અજ્ઞાનપણે પણ અહિંસાનું પાલન - હિંસાનો ત્યાગ હોવાથી અજ્ઞાન નિર્જરા થતાં તે જીવો પણ ઉંચા આવે.

'અહિંસા ભવત્સ્વણાસ્સ।'

જ્યાં જ્યાં અજ્ઞાન કે અજ્ઞાનપણે 'અહિંસા' સધાય છે, ત્યાં ત્યાં કેવળિપ્રરૂપ્ત ધર્મ પોતાનું કાર્ય કરે જ છે.

એ ધર્મની પાછળ ભાગ 'સુસ્થિત મહારાજ'નું છે. તેમની ઉદાસીનતાની પાછળ જ જગતનું વ્યવસ્થિત સંચાલન રહ્યું છે.

સંચાલન ધર્મથી, વસ્તુ સ્વભાવથી થાય છે.

ઉદાસીનતા જ સ્વભાવને પોતાનું કાર્ય કરવા દે છે.

જ્યારે ઉદાસીનતાનો ભંગ થાય છે, ત્યારે તે વસ્તુસ્વભાવને સ્વકાર્ય કરવામાં અનુકૂળતા મળતી નથી.

Everything is in order.

Disorder comes from the mental & emotional side of imperfect soul.

રાગ-દ્વેષ વિશ્વના વ્યવસ્થિત સંચાલનમાં બાધક છે, તે જ્યારે નાશ પામે છે, જીવો પ્રત્યે શત્રુ, મિત્ર તથા

ઉદાસીન ભાવ જ્યારે આવી જાય છે,
ત્યારે વસ્તુ સ્વભાવરૂપ ધર્મ વિશ્વહિતનું
અવિરત કાર્ય કરી રહેલ છે, તે સ્પષ્ટ થાય છે.
માટે જ રાગ-દ્વેષ અને અભાવરહિત થવા માટે
પુરુષાર્થ કરવો, એ મોક્ષમાર્ગ બને છે અને એ
મોક્ષમાર્ગ ષડ્જીવનિકાયને એકાંત હિતકારક હોવાથી સર્વ
તીર્થંકર-ગણધરોએ તેનો જ એકમાત્ર ઉપદેશ આપ્યો છે.

o ૐની ઉપાસના માત્રાઓ દ્વારા છે.

અર્થભાવના સહિત વાચિક જાપ કરવો હોય,
તો એક માત્રાવાળા અકાર ઓંની ઉપાસના છે.
તેમાં સ્થૂલ શરીરનું અભિમાન રહે છે, તેથી
સ્થૂલ શરીરના સંબંધી આત્માની વિશ્વસંજ્ઞા છે,
તે ઉપાસક છે અને સ્થૂલ જગતના સંબંધી
પરમાત્માની સંજ્ઞા વિરાટ છે, તે ઉપાસ્ય છે.
ૐના માનસિક જાપમાં અકાર-ઉકાર બે માત્રાવાળા ૐની
ઉપાસના છે. તેમાં સૂક્ષ્મ શરીરનું અભિમાન રહે છે.
સૂક્ષ્મ શરીરના સંબંધી આત્માની સંજ્ઞા તૈજસ છે,
તે ઉપાસક બને છે અને સૂક્ષ્મ જગતના સંબંધી
પરમાત્માની સંજ્ઞા હિરણ્યગર્ભ છે, તે ઉપાસ્ય બને છે.

જ્યારે માનસિક જાપ પણ સૂક્ષ્મ થઈને
કેવળ ઓંનો ધ્વનિ રહી જાય, ત્યારે
અકાર, ઉકાર, મકાર ૩ માત્રાવાળા પૂર્ણ ઓંની ઉપાસના છે.
અહીં કારણશરીરનું અભિમાન રહે છે, એટલે
કારણ શરીરના સંબંધથી આત્માની સંજ્ઞા પ્રાજ્ઞ છે,
તે ઉપાસક થાય છે અને કારણજગતના સંબંધથી
પરમાત્માની સંજ્ઞા ઈશ્વર છે, તે ઉપાસ્ય થાય છે.
જ્યારે આ ત્રણ માત્રાવાળી ધ્યાનરૂપ વૃત્તિ પણ
સૂક્ષ્મ થતાં થતાં નિરુદ્ધ થઈ જાય,
ત્યારે અમાત્ર વિરામ રહી જાય છે.
એ કારણશરીર તથા કારણજગત બન્નેથી પર અદ્વૈત
શુદ્ધ પરમાત્મ પ્રાપ્તિરૂપ સ્વરૂપાવસ્થિતિ છે,
જે પ્રાણાયામનું અંતિમ ધ્યેય છે.

(a) ગુણ વિભાગ = સત્ત્વ, રજ, તમ અને
ત્રણે ગુણોના જે બુદ્ધિ, અહંકાર, ઇંદ્રિયાદિ તે ગ્રહણ અને
પાંચે વિષયાદિ ગ્રાહ્ય.

(b) કર્મ વિભાગ = તેના પરસ્પર ચેષ્ટાઓ અર્થાત્
ગ્રહણ અને ગ્રાહ્યરૂપ ત્રણે ગુણોના પરિણામોમાં
વ્યવહાર થઈ રહ્યો છે પણ આત્મા અકર્તા છે.

જ્ઞાનેન્દ્રિયો અને કર્મેન્દ્રિયોમાં થતી ચેષ્ટાઓનો
તે માત્ર દૃષ્ટા અથવા નિર્લેપપણે સાક્ષી રહે છે.
ઇંદ્રિયો પોતે જ પોતાના વિષયોમાં પ્રવૃત્ત થઈ રહી છે,
એમ અલિપ્તતા ભાવે એટલે કે સાક્ષીભાવે જુએ છે.

## યોગની ઉપાસના

પ્રથમ પુરુષ અને મધ્યમ પુરુષ દ્વારા થાય છે.

उत्तमः पुरुषस्त्वन्यः परमात्मेति उदाहृतः ।
यो लोकत्रयमाविश्य बिभर्त्यव्यय ईश्वरः ॥

અથવા 'તત્ત્વમસિ' તે તું છે.

અહીં મધ્યમ પુરુષ દ્વારા તે શુદ્ધ પરમાત્માના તત્ત્વનો
નિર્દેશ છે, જે આપણા સર્વની અંદર વ્યાપ્ત છે અને
ત્યાં સુધી પહોંચવું પ્રાણમાત્રનું ધ્યેય છે.

## સાંખ્યની ઉપાસના

અહંકારાદિ - ઉત્તમ પુરુષ દ્વારા અને
આત્માદિ - આત્મા દ્વારા કરાય છે.

अहमात्मा गुडाकेश सर्वभूताशयस्थितः ।
अहमादिश्च मध्यं च भूतानामन्त एव च ॥

- ગી - ૧૦ શ્લો - ૨૦ (પરિશિષ્ટ-૯)

ह्रीं ॐ ह्रीं अर्हं ह्रीं ह्रीं अर्हं ह्रीं ॐ ह्रीं

'अहं ब्रह्मास्मि'
અહીં 'અહં' શબ્દ શુદ્ધ પરમાત્મતત્ત્વનો નિર્દેશ કરે છે,
પણ ત્રિગુણાત્મક અહંકારનો નહિ.
અસંપ્રજ્ઞાત અને કૈવલ્ય અવસ્થામાં શેષ રહે છે
અને જે અંતિમ લક્ષ્ય છે.
રજ અને તમ બંધનમાં નાંખે છે.
કેવલ સત્ત્વબંધનથી છોડાવે છે એટલે સાત્ત્વિક અહંકારથી
રાજસિક તથા તામસિક અહંકારના અંશને દૂર કરાય છે.
સાત્ત્વિક અહંકાર શેષ રહે છે,
તે એક પ્રકારની વિવેકખ્યાતિની અવસ્થા છે,
તે પછી સ્વયં નિવૃત્ત થઈ જાય છે.
'અયમાત્મા બ્રહ્મ।'
અહીં 'આત્મા' શબ્દ જીવાત્માને માટે કિન્તુ
ત્રિગુણાત્મક ત્રણે શરીરોના પરિત્યાગપૂર્વક
શુદ્ધ આત્મતત્ત્વનો નિર્દેશ કરે છે.
પ્રથમ પુરુષ, મધ્યમ પુરુષ, ઉત્તમ પુરુષ અને આત્મા
ક્રમશઃ એકત્વની અધિક સમીપતાના સૂચક છે, કિન્તુ
કર્મ અને ભક્તિનો રોગ અધિકતર મનુષ્યોને રાગ-
પ્રધાન હોવાથી અધિક આકર્ષક - સુગમ પ્રતીત થાય છે.

ધર્મ અને ભક્તિ પોતાની ચરમસીમા ઉપર
પહોંચીને જ્ઞાનનું રૂપ ધારણ કરી લે છે.

० જબ મૈં થા તબ તૂં ન થા, તૂં પાયો મૈં નાય;
પ્રેમ ગલી અતિ સાંકરી, તામેં દો ન સમાય.

જ્ઞાનયોગ તથા ઉપાસનાયોગ એટલે શું ?

કેવળ લૌકિક પદાર્થોને જાણી લેવા અથવા કેવળ સાંસારિક જ્ઞાન-વિજ્ઞાન પ્રાપ્ત કરવું, તે જ્ઞાનયોગ નથી, પરન્તુ ત્રણ ગુણો અને એનાથી બનેલા બધા પદાર્થો જેમ કે સ્થૂલ - સૂક્ષ્મ કારણ શરીર, સ્થૂલ - સૂક્ષ્મ કારણ જગત, પાંચ કોષ, શરીર, ઇંદ્રિયો, મન, અહંકાર, ચિત્ત બધાથી પર ગુણાતીત શુદ્ધ પરમાત્મતત્ત્વ દ્વારા શરીરાદિમાં જ્ઞાન, નિયમ અને વ્યવસ્થાપૂર્વક ક્રિયાઓ થઈ રહી છે, એનું સંશય - વિપર્યયરહિત પ્રત્યક્ષરૂપથી જાણવું, તે જ્ઞાનયોગ છે.

તે જ્ઞાન કેવળ પુસ્તકો વાંચવાથી કે
શબ્દો દ્વારા સાંભળવામાત્રથી પ્રાપ્ત થતું નથી.
એના માટે ઉપાસનાયોગ આવશ્યક છે.

એક પ્રત્યયનો પ્રવાહ કરવો અર્થાત્
ચિત્તની વૃત્તિઓને બધી બાજુથી હટાવી અને
એક લક્ષ્ય ઉપર ઠેરાવવી, તે ઉપાસનાયોગ છે.

સાંસારિક વિષયોની પ્રાપ્તિ માટે
એક પ્રયત્નનો પ્રવાહ વહેવડાવવો તે ઉપાસના છે,
પણ ઉપાસના યોગ નથી.
મુમુક્ષુ લક્ષ્ય જ્યારે શુદ્ધ પરમાત્મતત્ત્વની પ્રાપ્તિ બને,
ત્યારે તે ઉપાસના યોગ છે.
આ એકાગ્રતારૂપ ઉપાસનાને સંપ્રજ્ઞાત યોગ કહે છે.
ત્યારબાદ સર્વ વૃત્તિઓનો નિરોધ થઈ શુદ્ધ પરમાત્મ-
સ્વરૂપમાં અવસ્થિતિ તે અસંપ્રજ્ઞાત યા રાજયોગ છે.
આ ઉપાસનાયોગ પણ કર્મયોગની અપેક્ષા રાખે છે.
ઉપાસનાનો પ્રારંભ રૂપ, શબ્દ, દ્રવ્ય અને
ભાવ, આનંદ અને અસ્મિતાદિ થાય છે.

<u>કર્મયોગ એટલે શું?</u>

ઘાણાના બળદની જેમ કર્મમાં લાગી રહેવું, તે કર્મયોગ નથી.
શરીર, ઈંદ્રિયો, ધન, સંપત્તિ આદિ બધા સાધનો,
તેનાથી થવાવાળા કર્તવ્ય કર્મો અને તેનાં ફળોને
ઈશ્વરને સમર્પણ કરી અનાસક્ત - નિષ્કામભાવથી
વ્યવહાર કરવાનું નામ કર્મયોગ છે.
જેમ એક એક્ટર સ્ટેજ ઉપર ગમે તેટલા પાર્ટ ભજવે,
તો પણ તેનો પ્રભાવ પોતાના હૃદય પર થવા દેતો નથી,

તેમ કર્મયોગ ઈશ્વરાર્પણ બુદ્ધિ
બધા કર્તવ્ય કર્મો કરવા છતાં અંદરથી અલિપ્ત રહે છે.
વિજ્ઞાન કર્મયોગ શુદ્ધ સત્ત્વાભિમુખ સ્વરૂપ છે,
ઉપાસનાયોગ શુદ્ધ સત્ત્વાભિમુખ તદ્રૂપ છે અને
રાજયોગ સ્વયં સત્ત્વરૂપ છે.
પ્રધાન - ગૌણભાવે અહીં યોગ એકબીજાના
પૂરક છે, સહાયક છે, સાધક છે.
કર્મયોગ વડે પ્રવૃત્તિનું વિશોધન થાય છે,
ભક્તિયોગ વડે વૃત્તિનું શોધન થાય છે અને
રાજયોગ વડે પ્રવૃત્તિ અને વૃત્તિ ઉભયથી પર થવાય છે.
રાજયોગ સમપરિણામ, તુલાપરિણામ, સાક્ષીપરિણામરૂપ છે.
કર્મયોગ સમ્યક્પરિણામ, બહિરંગ કુશલપરિણામ અથવા તો
કર્મોમાં વિજ્ઞાન - નિરહંકાર આત્મપરિણામરૂપ છે.
ભક્તિયોગ સમપરિણામ, મધુરપરિણામ, સમષ્ટિપરિણામરૂપ છે.
સમ્યક્ સમભિલાષ, સમ્યક્ પરમોભિલાષ અને સમ્યક્
અભિલાષના બંધનમાંથી છૂટવા માટેનો સમભિલાષ સન્મુખ
અને પરમોભિલાષ સન્મુખનો પરિણામ છે.
શુદ્ધ સામાયિક રૂપે આ રીતે ભક્તિ, રાજ અને કર્મ-
અહીં પ્રકરણના યોગોનો સમન્વય અને સમુચ્ચય છે.

(૧) સમતા સર્વભૂતેષુ = સામ પરિજ્ઞાન.
આમાં મન - વચન તથા કાયાની
દુષ્ટ પ્રવૃત્તિઓના ત્યાગ માટેનું સામર્થ્ય પ્રગટે છે.
(૨) સમ પરિજ્ઞાન એટલે...
રાગ-દ્વેષના નિમિત્ત ઉપસ્થિત થવા છતાં
રાગ-દ્વેષ ન કરવા, અથવા જે રાગ-દ્વેષનો અભાવ,
રાગ-દ્વેષના પ્રસંગમાં પણ સમતાવાળા જીવને
જે જ્ઞાન વગેરે ગુણોનો લાભ થાય, તે સામાયિક.
અપકારી પ્રત્યે પણ ઉપકારી બુદ્ધિ
સમાનભાવ તે સામાયિક છે.
સુખ - દુઃખ પ્રત્યે સમાનભાવ તે સામાયિક છે.
સુખ વિચલિત ન કરી શકે, દુઃખ વ્યગ્ર ન બનાવે,
માનાપમાન - નિંદાસ્તુતિ - લાભાલાભમાં સમાન.
(3) સમ્મપરિજ્ઞાન = શ્રેષ્ઠ વર્તન.
મોક્ષ સાધનામાં સરખી રીતિએ સામર્થ્ય ધરાવતા એવા
જ્ઞાન - દર્શન - ચારિત્ર ગુણોનો જે લાભ, તે સામાયિક.
ચારિત્ર એટલે પાપવ્યાપારનું પરિવર્તન અને
નિષ્પાપ વ્યાપારનું પ્રતિસેવન. અહીં સમ્મપરિજ્ઞાન છે.
મોક્ષ આપવામાં સમાન સામર્થ્યવાળા

જ્ઞાન - દર્શન - ચારિત્ર જેવાં ગુણો ઉપર સમાન
ઉપકારક બને, તે સામાન્યપરિણામ છે.
'સમ' શબ્દ સાદૃશ્યાસ્તિત્વ દિશાવ્યાપક
એકજાતિને સ્પર્શે છે, તેથી મધુરપરિણામ પ્રગટે છે.
'સમ' શબ્દ સ્વરૂપાસ્તિત્વને - કાળવ્યાપક
એક ભિન્ન દ્રવ્યને સ્પર્શે છે,
તેથી તુલાપરિણામ - વિવેકબુદ્ધિ - ન્યાયબુદ્ધિ પ્રગટે છે.
'સમક' શબ્દ એક દ્રવ્યમાં રહેલ
અનેક ગુણો, અનંત શક્તિ અથવા
અનેક ગુણોમાં રહેલ એક દ્રવ્ય - એક આધારને સ્પર્શે છે.
પ્રથમ અસ્તિત્વ જાતિગત, બીજું અસ્તિત્વ દ્રવ્યગત અને
ત્રીજું અસ્તિત્વ વસ્તુગત છે.
એકમાં આકાશની જેમ વ્યાપકતા - વિશાળતા છે,
બીજામાં સાગરની જેમ ગંભીરતા - ઊંડાણપણું છે,
ત્રીજામાં મેરુની જેમ ઉદાત્તતા - ઉચ્ચતા છે.
ઔદાર્ય, ગાંભીર્ય અને નિર્ભયતા, નિષ્કંપતાદિ
ગુણોની પ્રાપ્તિ તે સામાયિક ધર્મ અને તેની સમગ્રતા છે.
તેને ધારણ કરનારા પંચ પરમેષ્ઠિઓ
તે કરુણાના ગુણગણના ભંડાર ગણાય છે.

આમ સામ, સમ અને સમ્મ પદ્ધતિવાળા સાધકો
સામાયિક ધર્મની આરાધના વડે
અભય, અદ્વેષ અને અખેદપદને પામે છે.
એકતાના ત્રણ પ્રકાર : સામ, સમ તથા સમ્મ.
'સામ' શબ્દ જીવરાશિગત એકતાને સ્પર્શે છે,
'સમ' શબ્દ કર્મરાશિગત એકતાને સ્પર્શે છે,
'સમ્મ' શબ્દ ગુણરાશિગત એકતાને સ્પર્શે છે.
એકમાં સમ્યગ્દર્શન, બીજામાં સમ્યગ્જ્ઞાન અને
ત્રીજામાં સમ્યગ્ચારિત્ર ગુણની પ્રધાનતા છે.
દેહભાનરહિત કેવળ આત્મભાનમાં જ
ચિત્તનું સ્થિર રહેવું તે અપ્રમત્તતા છે.

Dt. 22/5/69

## સ્વરોદય શાસ્ત્ર

જમણા સ્વરમાં આહાર - નિહાર અને
ડાબા સ્વરમાં પાણી - પેશાબ કરવા,
એ સ્વરોદય શાસ્ત્રનું ફરમાન છે.
લોકો સાથે વાતચીતના પ્રસંગમાં
નાસાગ્ર દૃષ્ટિ અને અંતરજાપ ચાલુ રહે,
તો અંતરલક્ષ કાયમ રહે અને વાસના ન વધે.

# રાગ, દ્વેષ અને મોહ

રાગ, દ્વેષ અને મોહનું સાચું સ્વરૂપ
સમજવા માટે શાસ્ત્રમાં દૃષ્ટાંત કૂતરાનું આવે છે.
રાગરૂપી કૂતરી ભસ્યા વિના ફૂંકી-ચાટીને બચકું ભરે છે.
દ્વેષરૂપી કૂતરી ભસીને બટકું ભરે છે,
જ્યારે મોહરૂપી કૂતરું અંધારામાં રહીને કરડે છે.
રાગ-દ્વેષ વખતે 'આ કૂતરો છે' એમ માલુમ પડે પણ
મોહમાં તો 'કૂતરો પાછળ છે' એમ ખબર જ ન પડે
અથવા કૂતરાને જ બકરું દેખાડે અથવા તો
આપણે ઘેટું મનાવી હાથમાં પકડાવે.
મોહ આત્માને ભયંકર નુકસાન તો કરે જ છે,
પણ નુકસાનને પાછો લાભમાં ખતવાવે છે.
મોહ એટલે મિથ્યામતિ.
દોષ ઉપર ગુણનું લેબલ લગાવે તે મોહ.
મિથ્યા અહંભાવ તે મોહ અને મમભાવ તે રાગ-દ્વેષ.
નવકારના પ્રથમ પાંચ પદ
મોહ-મિથ્યાત્વનો, જડમાં ચેતનની ભ્રાંતિનો નાશ કરે છે.
બાદ બે પદ રાગ-દ્વેષ, ઇષ્ટાનિષ્ટ કલ્પનાજન્ય સંકલ્પ-
વિકલ્પનો નાશ કરે છે અને છેલ્લા બે પદ યથાવસ્થિત

આત્મસ્વરૂપમાં આત્મપણાની બુદ્ધિ અને સ્થિરતારૂપ લાભ અપાવે છે. પ્રથમ મોહરહિત પુરુષોની શરણાગતિ વડે આત્મભ્રાંતિ રૂપી મોહનો નાશ થાય છે. પછી રહેલા રાગ-દ્વેષ, ઇષ્ટાનિષ્ટભાવ પાપની ગર્હા વડે જાય અને સ્વરૂપલાભ સુકૃતની અનુમોદના વડે થાય છે.

દુષ્કૃતગર્હા એટલે રાગ-દ્વેષાદિમાં અનર્થકર્તા અનિષ્ટતાની ભાવના અને સુકૃતાનુમોદના એટલે સ્વરૂપલાભમાં જ એક ઇષ્ટપણા-કૃતકૃત્યપણાની ભાવના.

એ રીતે સમગ્ર નવકાર

અહીં પ્રકરણની આરાધનાનો પ્રારંભ બની જાય છે.

ભવ એટલે આત્મા. ભિન્ન ભિન્ન ભાવાદિ પર્યાયો અથવા અવસ્થાઓમાં સતત રહે તે આત્મા.

સંસાર = આત્માની પલટતી રહેતી અશુદ્ધ અવસ્થા કે મનુષ્યાદિગતિ - શરીરાદિ વિભાવદશા.

સંસારને 'ભવ' કહે છે.

'ભવતિ ઇતિ ભવઃ।' અનાદિકાળથી છે, ચાલ્યો આવે છે.

સંસાર દુઃખવાળો નહિ પણ દુઃખસ્વરૂપ છે.

સંસારમાં દેખાતું વિષયસુખ એ માત્ર સુખાભાસ છે, દુઃખનો ક્ષણિક પ્રતિકાર તથા નવા દુઃખને જન્મ આપનાર છે.

## શ્રી નવકાર મંત્રનો છંદ

વંછિત પૂરે વિવિધ પરે, શ્રી જિનશાસન સાર;
નિશ્ચે શ્રી નવકાર નિત્ય, જપતાં જયજયકાર...

કંબલ સંબલે કાદવ કાઢ્યાં, શકટ પાંચશે માન,
દીધે નવકારે ગયા દેવલોકે, વિલસે અમર વિમાન;
એ મંત્ર થકી સંપત્તિ વસુધાતલે, વિલસે જૈન વિહાર,
સો ભવિયાં ભક્તે ચોખ્ખે ચિત્તે, નિત્ય જપીયે નવકાર.(૧)

આગે ચોવીશી હુઈ અનંતી, હોશે વાર અનંત,
નવકાર તણી કોઈ આદિ ન જાણે, એમ ભાખે અરિહંત;
પૂરવ દિશિ ચારે આદિ પ્રપંચે, સમર્યો સંપત્તિ સાર,
સો ભવિયાં ભક્તે ચોખ્ખે ચિત્તે, નિત્ય જપીયે નવકાર.(૨)

પરમેષ્ઠિ સુરપદ તે પણ પામે, જે કૃતકર્મ કઠોર,
પુંડરગિરિ ઉપર પ્રત્યક્ષ પેખો, મણિધરને એક મોર;
સદ્ગુરુ સન્મુખ વિધિએ સમરતાં, સફલ જનમ સંસાર,
સો ભવિયાં ભક્તે ચોખ્ખે ચિત્તે, નિત્ય જપીયે નવકાર.(3)

શૂલિકારોપણ તસ્કર કીધો, લોહખૂરો પરસિદ્ધ,
તિણે શેઠે નવકાર સુણાવ્યો, પામ્યો અમરની ઋદ્ધ;
શેઠને ઘર આવી વિઘ્ન નિવાર્યાં, સુરે કરી મનોહાર,
સો ભવિયાં ભક્તે ચોખ્ખે ચિત્તે, નિત્ય જપીયે નવકાર.(૪)

## મહાવીર સ્વામીનું સ્તવન

મોક્ષે ગયા મહાવીર રે, પ્રભુ ચોવીશમા જિનચંદ રે,
અંતરજામી ઉડી ગયા, છોડી દુનિયાના ફંદ રે. (૧)
સિધ્ધારથ કુલ ચંદ્રમા રે, સિધ્ધારથ ભગવંત,
વિરહ પડ્યો ભરતક્ષેત્રમાં રે, આજ થકી અરિહંત. (૨)
સંઘ સકલને શોક થયો, ભાવદિપક થયો ઉલ્લાસ,
દુર્ગતિમાં અંધકાર બહુ પ્રસરશે, હવે કોણ કરશે પ્રકાશ? (૩)
દેવશર્માને પ્રતિબોધવા રે, ગૌતમને મૂક્યા આજ,
શિવપુર આપ પધાર્યા રે, મનમોહન મહારાજ. (૪)
વળતા ગૌતમને શ્રવણે સુણ્યા, મન થયું અરિહંત સાથ,
આમ ઈહાં સમય આવ્યો કેમ મૂક્યો, મને હે જગન્નાથ. (૫)
મનના સંશય કોણ ભાંગશે, અહર્નિશ મારા આધાર?
ગૌતમ કહીને કોણ બોલાવશે, કહુંકહુંમાં કોણ વાર? (૬)
કુમતિ ભજુઆ બહુ જાગશે, આપ વિના અરિહંત,
રવિ વિણ ચમકે જિમ તારલા, તેમ કોણ કરશે સંત? (૭)
ઓએ વિતરાગ તું રાગ્યો રે, ભૂલી ગયો નિજ ભાન,
એમ નિર્મોહી ભાવે ભાવના રે, ગૌતમને કેવળનાણ. (૮)
દિન દિવાળીએ ગાઈએ રે, બાલપુર નયણાનંદ,
પ્રવચન નયનિધિ ચંદ્રમા રે, વીરવિજય જિનચંદ. (૯)

# પરિશિષ્ટ સૂચિ

**પરિશિષ્ટ - ૧ (પૃષ્ઠ ૫૦)**

કપૂર સમ ગૌર વર્ણવાન, કરૂણાવતાર, સંસારમાં સારભૂત, શેષનાગમાળાધારક, મુજ હૃદયકમળમાં સદા વસનાર એવા પાર્વતી સહિત શંકરને હું નમસ્કાર કરું છું.

**પરિશિષ્ટ - ૨ (પૃષ્ઠ ૯૦)**

દેશ-કાલ અને પદાર્થ સ્વરૂપ જે જે વસ્તુ જ્યારે જ્યારે જે સ્વરૂપે હોય, તે સ્વરૂપે અનુભવાય છે, તે સ્વરૂપને સંવિત્ કલા જાણ.

**પરિશિષ્ટ - ૩ (પૃષ્ઠ ૯૫)**

શાંભવી મુદ્રા કરીને બિન્દુનો સાક્ષાત્કાર કરવો. બ્રહ્મ જોઈને એમાં મનને સ્થિર કરવું.

**પરિશિષ્ટ - ૪ (પૃષ્ઠ ૧૦૨)**

ધ્યાન જ તપ છે, બાકીના યોગો તેનો પરિવાર મનાયા છે, તેથી ધ્યાનાભ્યાસમાં મુમુક્ષુઓ વડે સતત પ્રયત્ન કરાય. - આદિપુરાણ, પર્વ ૨૧, શ્લોક ૨૧૫

**પરિશિષ્ટ - ૫ (પૃષ્ઠ ૧૦૩)**

સુખ કે દુઃખને આપનાર કોઈ નથી, 'બીજા આપે છે' એ કુબુદ્ધિ છે, 'હું કરૂં છું' એ ફોગટ અભિમાન છે, સ્વકર્મરૂપી દોરાથી બંધાયેલો લોક છે. સુખ કે દુઃખ સ્વકર્મને વશ છે, જેમ-જેમ જેવી રીતે પમાય, તેમ-તેમ ભોગવીને સ્વસ્થ મનવાળા થવાય. હે નાથ! મને સમાનને વિશે ક્યારેય મૈત્રી તથા દીનને વિશે કરૂણા નથી, પુણ્યશાળીને વિશે પ્રમોદ તથા પાપીને વિશે ઉપેક્ષાવાન હું નથી, તો મને આનંદ કઈ રીતે થાય? તેથી હે દીનબન્ધુ! તમે જ આજે મારૂં શરણ છો. - ભગવચ્ચરણ સ્તોત્ર

**પરિશિષ્ટ - ૬ (પૃષ્ઠ ૧૭૫)**

આત્માના અજ્ઞાનથી થતું દુઃખ આત્માના જ્ઞાન વડે જ હણાય છે. આત્માના જ્ઞાન વિના તપ વડે પણ તે અજ્ઞાન છેદી શકાતું નથી.




ઉપર દર્શાવેલ ૫ ડાયરીઓ
પરમ પૂજ્ય પંન્યાસશ્રી ભદ્રંકરવિજયજી ગણિવર્ય મહારાજનાં સ્વહસ્તાક્ષરમાં
ઈ.સ. ૧૯૬૮-૬૯ પરિસરમાં લખાયેલ છે, તે અહીં સંકલિત કરેલ છે.



અરિહંતની શબ્દમય પ્રતિમા એટલે મંત્ર.
ॐ ह्रीं श्रीं अर्हद्भ्यो નમઃ પદના જાપથી
સાધકના દર્શનમોહનીય કર્મ નાશ પામે છે.

પં. ચંદ્રશેખર વિજય

www.fiestadesigns.in